



પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH






FRIDAY, 01 AUGUST, 2025 Vol. 23, No. 30 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


# ભારત-રશિયાનું અર્થતંત્ર મૃત છે, વેપાર નથી કરવો : ટ્રમ્પ

## ભારત પર 25% ટેરિફ લગાવવાના નિર્ણય બાદ ટ્રમ્પે લખ્યું,મને કોઈ ફરક નથી પડતો કે ભારત રશિયા સાથે શું કરે છે

**વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૨૫% ટેરિફ લગાવવાનો નિર્ણય લીધો છે. હવે તેમણે રશિયા અને ભારતના અર્થતંત્રને મૃત ગણાવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ એ પણ સંકેત આપ્યા છે કે, કે અમેરિકા હવે આ બંને દેશ સાથે વધુ વેપાર કરવા માંગતું નથી. નોંધનીય છે કે, રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ અમેરિકાએ ભારત પર ટેરિફ લગાવ્યો છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું,મને કોઈ ફરક નથી પડતો કે ભારત રશિયા સાથે શું કરે છે. મને ફક્ત એ જ ફરક પડે છે કે તે મળીને પોતાના મૃત અર્થતંત્રને કેવી રીતે નીચે લાવી શકે છે. અમે ભારત સાથે ખૂબ જ ઓછો વેપાર કર્યો છે કારણ કે તેમના ટેરિફ ખૂબ ઊંચા છે. રશિયા



અને અમેરિકા પણ લગભગ કોઈ વેપાર કરતા નથી. ચાલો તેને આ રીતે જ રાખીએ.

રશિયાના પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવ પર પ્રહાર કતરતા ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું રશિયાના નિષ્ફળ પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવ હજુ પણ પોતાને પ્રમુખ માને છે. તેણે પોતાના શબ્દો પર ધ્યાન આપવું જોઈએ. તે ખૂબ જ ખતરનાક ક્ષેત્રમાં પ્રવેશી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે,રશિયાના પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મXપર લખ્યું હતું કે, અમેરિકાના પ્રખુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા સાથે અલ્ટિમેટમ ગેમ રમી રહ્યા છે અને આવા દ્રષ્ટિકોણ અમેરિકાને રશિયા સાથે યુદ્ધ તરફ દોરી શકે છે.

અમેરિકાએ ફરી એકવાર ભારત પર ૨૫% ટેરિફ ઝીંક્યો છે. ૩૦ જુલાઈના રોજ, ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટ કરીને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, ભારત રશિયા પાસેથી ખૂબ જ મોટા પાયે શસ્ત્રો અને ઓઈલ ખરીદી રહ્યું છે. હાલ આખું વિશ્વ ઈચ્છે છે કે, રશિયા યુક્રેનમાં હુમલા કરવાનું બંધ કરે. આ બધું યોગ્ય નથી થઈ રહ્યું. આ માટે ભારતે પણ ૨૫% ટેરિફ અને દંડ ચૂકવવો પડશે. આ નિયમ પહેલી ઓગસ્ટથી લાગુ થઈ જશે.

## રાષ્ટ્રહિતને આગળ વધારવા માટે તમામ જરૂરી પગલા ભરીશું : પીયૂષ ગોયલ

વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલી ટેરિફ જાહેરાત અંગે લોકસભામાં નિવેદન આપ્યું હતું. પીયૂષ ગોયલે કહ્યું હતું કે, બંને પક્ષો વચ્ચે ચાર રાઉન્ડની દ્વિપક્ષીય બેઠકો યોજાઈ હતી. કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે ઘણી મહત્ત્વપૂર્ણ બેઠકો યોજાઈ હતી. દ્વિપક્ષીય વેપાર કરાર અંગે ચર્ચા થઈ હતી. કેટલીક વર્ચ્યુઅલ બેઠકો પણ યોજાઈ હતી. અમે આપણા સ્થાનિક ઉદ્યોગોનું રક્ષણ કરીશું. અમે રાષ્ટ્રીય હિતમાં જરૂરી દરેક પગલાં લઈશું.

# એશિયાનું સૌથી મોટું ડેટા સેન્ટર બનાવવા માટે ગૂગલ ભારતમાં 52 હજાર કરોડનું રોકાણ કરશે

## વિશાખાપટનમમાં ત્રણ સ્ટેશન બનાવવામાં આવશે, વધુ સારી સુવિધા મળી શકશે

**નવી દિલ્હી**

ગૂગલ દ્વારા હવે ભારતમાં એશિયાનું સૌથી મોટું ડેટા સેન્ટર બનાવવામાં આવશે. આ માટે કંપની હવે ૫૨,૦૦૦ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ કરવા જઈ રહી છે. આ ડેટા સેન્ટરને ગૂગલ દ્વારા આંધ્ર પ્રદેશના વિશાખાપટનમમાં બનાવવામાં આવશે. આ ડેટા સેન્ટરની કેપેસિટી એક ગીગાવોટની હશે. આ ડેટા સેન્ટર આગામી ૨૪ મહિનાની અંદર સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે એવી ચર્ચા છે. આ ડેટા સેન્ટર એશિયાનું સૌથી મોટું ડેટા સેન્ટર બનવા જઈ રહ્યું છે.

સેન્ટર બનાવવા માટે ૫૨,૦૦૦ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવશે. જોકે આ સાથે જ ગૂગલની પેરન્ટ કંપની આલ્ફાબેટ ?૧.૭૫ લાખ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ રીન્યુએબલ એનર્જી પાછળ કરી રહી છે. આ એનર્જીનો ઉપયોગ ડેટા સેન્ટરને વિજળી પહોંચાડવા માટે કરવામાં આવશે. ભારતના ઈકો-ફ્રેન્ડલી ટેક ડેવલપમેન્ટ ઓપરેશન પ્રોજેક્ટ હેઠળ આ ઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવશે.

ગૂગલ હવે ભારતના ક્લાઉડ અને ડેટા સેન્ટરની ક્ષમતા પર ફોકસ કરી રહ્યું છે. તે હવે ભારતમાં આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારી રહ્યું છે. આ પાછળનું કારણ એ છે કે તે હવે ચીન પર નિર્ભર રહેવા નથી માગતું. એપલ મુખ્યત્વે ચીનના મેન્યુફેક્ચર પર નિર્ભર હતું. જોકે ડોનાલ્ડ ટ્રમ્પના ટ્રેડ વોરને કારણે એના પર અસર થઈ હતી. ત્યારથી દરેક કંપની હવે તેમનું પ્રોડક્શન અને અન્ય ડિપાર્ટમેન્ટ એક જ જગ્યાએ રાખવું પસંદ નથી કરતી. ગૂગલ પણ હવે ભારતમાં મોટું ડેટા સેન્ટર બનાવવા પર ધ્યાન આપી રહ્યું છે જેથી તેની કાર્યક્ષમતા વધે અને કંપનીનો ભાર



અલગ-અલગ જગ્યા પર વહેંચી શકાય. ગૂગલ હવે દરિયાની અંદર આવેલા તેના કેબલ સ્ટેશનમાં વધારો કરી રહ્યું છે. વિશાખાપટનમમાં આવા ત્રણ વધુ સ્ટેશન બનાવવામાં આવશે જેના કારણે ઈન્ટરનેટની વધુ સારી સુવિધા મળી શકશે. આંધ્રપ્રદેશનું લક્ષ્ય છે કે 5 વર્ષમાં તેમના રાજ્યમાં અંદાજે ૬ ગીગાવોટના ડેટા સેન્ટર હોવા જોઈએ. આ માટે અત્યાર સુધીમાં ૧.૬ ગીગાવોટના સ્ટેશનને પરવાનગી મળી ગઈ છે.

## ફોર્બ્સ મેગેઝિનના અહેવાલમાં તારણ

# 30.51 ટ્રિલિયન સાથે અમેરિકા વિશ્વની નં. 1 ઈકોનોમી, ચીન બીજું, જર્મની ત્રીજુ

**ન્યૂયોર્ક**


અર્થશાસ્ત્રીઓના મત અનુસાર ભારત વિકાસ પાંમી રહેલું અર્થતંત્ર છે. ફોર્બ્સ મેગેઝીન અનુસાર અમેરિકા હજુ પણ ૩૦.૫૧ ટ્રિલિયન સાથે વિશ્વની નંબર વન ઈકોનોમિ ધરાવે છે.

અમેરિકા પછી ચીન ૧૯.૨૩ ટ્રિલિયન સાથે દુનિયાની બીજી જયારે જર્મની ૪.૭૪ ટ્રિલિયન સાથે ત્રીજા સ્થાને છે. ભારતની વાત કરીએ તો ૪.૧૯ ટ્રિલિયન સાથે દુનિયાની ચોથા ક્રમની ઈકોનોમિ છે. આઈએમએફ તાજેતરમાં ભારતના આર્થિક વિકાસ દરના અનુમાનને હાલમાં વધાર્યુ છે. ૨૦૨૫-૨૬માં ભારતની અર્થ વ્યવસ્થા ૬.૪ ટકાના દરથી વધશે તેવું અનુમાન છે. ચીનની ઈકોનોમિ ૨૦૨૫માં ૪.૮ ટકા જયારે ૨૦૨૬માં ૪.૨ ટકાના દરથી વધવાની શકયતા છે. જયારે અમેરિકાની ઈકોનોમિ ૨૦૨૫માં ૧.૯ ટકા જયારે ૨૦૨૬માં ૨ ટકાના દરથી વધશે તેવી ધારણા છે. ટ્રમ્પ દુનિયામાં ટેરિફ પોલિટિકસ રમી રહયા છે. તેની માત્ર ભારત જ નહી ઓછા વત્તા પ્રમાણમાં વિશ્વના દરેક દેશ પર અસર પડશે. અમેરિકા જર્મનીનું સૌથી મોટું ટ્રેડિંગ પાર્ટનર છે છેલ્લા વર્ષમાં બંને વચ્ચે ૨૭૮ અબજ ડોલરનો વેપાર થયો હતો. અમેરિકાએ યુરોપિયન યુનિયન પર ૧૫ ટકા ટેરિફ લગાવ્યું છે પરંતુ જાણકારોનું માનવું છે કે ટેરિફની સૌથી વધુ અસર જર્મની પર પડશે. આથી જર્મનીનું અર્થતંત્ર સંઘર્ષની સ્થિતિ અનુભવે તેવી શકયતા છે.







# વિઝા સહિતની સેવા આપતી એજન્સી દ્વારા ભારતીયોને હેરાનગતિ

## નાણાં પડાવવા ઉપરાંત બિનજરૂરી સેવા માટે દબાણ થતું હોવાની ફરિયાદો : એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની માંગ સાથે પીટિશન

**ઓન્ટેરિયો**

કેનેડાની એકમાત્ર ભારતીય કોન્સ્યુલેટ એજન્સી બીએલએસ સામે સ્થાનિક ભારતીયોએ ખોટી રીતે હેરાન કરીને ખર્ચા બતાવીને ધક્કા ખવડાવા બદલ બાયો ચઢાવી છે. મોટાભાગના લોકોનો એવો આક્ષેપ છે કે, કેનેડાથી ભારત જતાં અને ભારતથી કેનેડા આવતાં નાગરિકોને બિનજરૂરી સેવાઓ માટે દબાણ કરવામાં આવે છે અને જો કોઈ આ સેવાઓ લેવાની ના પાડે તો તેને વધુ પડતાં ધક્કા ખવડાવવામાં આવે છે.

કેનેડા ભારતીય કોન્સ્યુલેટ સાથે સંકળાયેલી બીએલએસ એક માત્ર કંપની છે, જે વહીવટીય અને બિનન્યાયિક પાસપોર્ટ પ્રક્રિયા ઉપરાંત વિઝા અને અન્ય સેવાઓ માટે ખરાઈ કરવાનું કામ કરે છે. ટોરોન્ટો ખાતે આવેલી કોન્સ્યુલેટ જનરલ આફ ઈન્ડિયા, ઈન્ડિયન હાઈકમિશન- ઓટાવા અને વાનકુવર ખાતે આવેલા



કોન્સ્યુલેટની ખરાઈનું કામ પણ બીએલએસને જ સોંપવામાં આવ્યું છે.

કેનેડાથી ભારત આવતાં કે ભારતથી કેનેડા જતાં ભારતીયોને વિઝા ઉપરાંત અન્ય પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. આ પ્રક્રિયા દરમિયાન ડોક્યુમેન્ટ્સની ખરાઈ સાથે પાસપોર્ટ, વિઝા, એટેસ્ટેસ્ટેશન, ઉપરાંત અન્ય લોજીંગ ઉપરાંત ઓવરસિઝ સિટિઝનશીપ કાર્ડની સેવાઓ પૂરી પાડે છે. છેલ્લા કેટલાંક સમયથી સેવાઓની ના જરૂરિયાત હોય તેવી સેવાઓ માટે સતત દબાણ કરવું, વધુ પડતાં ખરાઈના ધક્કા ખવડાવીને પૈસા વધું થાય તેવી પ્રક્રિયાઓમાંથી પસાર કરવા દબાણ કરાતુ હોવાની ફરિયાદો છે.

તેથી 7000 હતાશ ગ્રાહકોએ ઓનલાઈન પીટિશન જાહેર કરી છે કે સત્વરે આ કંપનીને બ્લેકલીસ્ટ કરવામાં આવે. એપ્રિલમાં મિસિસાગાની મુલાકાત દરમિયાન એક ગ્રાહકે જણાવ્યું હતું કે, OCI અરજીમાં BLS વેબસાઈટ પર ઉલ્લેખિત ન હોય તેવા દસ્તાવેજો માંગવામાં આવ્યા હતા અને અને નાની ભૂલો શોધીને તેમને બિનજરૂરી હેરાન કરવામાં આવ્યા હતા.

# ટોરોન્ટોનો શખ્સ $ 60 મિલિયનની લોટરી લાગતા જ સ્તબ્ધ થઈ ગયો

**ટોરોન્ટો**

ટોરોન્ટોના એક 26 વર્ષીય સોફ્ટવેર પ્રોફેશનલે મે મહિનામાં લોટ્ટો 6/49 ગોલ્ડ બોલમાં $ 60 મિલિયનનો જેકપોટ જીત્યો હતો અને તે જીવનમાં એક વાર મળેલી જીત માટે બે સરળ નિર્ણયોનો શ્રેય આપે છે.

બોચેંગ મેઈએ OLG.ca પર સાઈન અપ કરીને અને દરેક લોટરી ડ્રોમાં આપમેળે પ્રવેશ મેળવતા સબ્સ્ક્રિપ્શન પસંદ કર્યા પછી મલ્ટિ-મિલિયોનેર તરીકેનો દરજ્જો મેળવ્યો હતો. તેની જીત તરફ દોરી જતું બીજું નિર્ણાયક પગલું એક અજાણ્યા નંબર પરથી ફોન કોલનો જવાબ આપવાનું હતું. મેઈએ કહ્યું કે મેઈને ખ્યાલ નહોતો કે તે જીતી ગયો છે, જ્યાં સુધી OLG પ્રતિનિધિએ ફોન કરીને તેનું એકાઉન્ટ તપાસવાનું કહ્યું નહીં. તેઓએ મને મારું OLG.ca એકાઉન્ટ ચેક કરવાનું કહ્યું, ત્યારે જ મને ખબર પડી કે મારી પાસે વિજેતા ટિકિટ છે. તેમાં લખ્યું હતું કે મેં $60 મિલિયન જીત્યા છે. આ સાથે જ હું સ્તબ્ધ થઈ ગયો હતો. “OLG સાથે ફોન પરથી વાત કરતાની સાથે જ, મારે ઓનલાઈન વર્ક મીટિંગમાં જોડાવું પડ્યું હતુ. જે બાદ માતાપિતાને ફોન કરીને આ અદ્ભુત સમાચાર શેર કર્યા હતા.

# કેનેડામાં પેઈન કિલર્સ દવાની અછત

## ઉત્પાદન પ્રક્રિયામાં વિક્ષેપ અને દવાની માંગમાં વધારો થતાં સમસ્યા

**ટોરોન્ટો**

કેનેડામાં કેટલીક સામાન્ય પેઈનકિલર્સની અછત છે, કારણ કે તેમને સપ્લાય કરતી કંપનીઓ સામે ઉત્પાદનમાં વિક્ષેપ અને વધતી માંગનો પડકાર છે. હેલ્થ કેનેડાની વેબસાઈટ પર પ્રકાશિત અહેવાલ મુજબ આ દવાઓમાં કોડીન સાથે એસિટામિનોફેન (કેટલીકવાર ટાયલેનોલ 3 તરીકે ઓળખાય છે) અને ઓક્સિકોડોન સાથે એસિટામિનોફેન (કેટલીકવાર પરકોસેટ બ્રાન્ડ નામ હેઠળ વેચાય છે) શામેલ છે. કોડીન સાથે એસિટામિનોફેનની અછત ટેવા કેનેડા લિમિટેડ દ્વારા નોંધાયેલા ઉત્પાદન વિક્ષેપ સાથે જોડાયેલી છે, જેના પરિણામે માંગમાં વધારો થયો છે અને કેનેડામાં દવાનું વેચાણ કરતી અન્ય કંપનીઓ એપોટેક્સ ઈન્ક અને લેબોરેટોયર રિવા ઈન્ક દ્વારા નોંધાયેલી અછત છે. ટેવાની ઉત્પાદન સમસ્યાઓ ઓક્સિકોડોન સાથે એસિટામિનોફેનના તેના પુરવઠાને પણ અસર કરી રહી છે, જેના કારણે માંગમાં વધારો થયો છે જે અન્ય કંપનીઓ પૂરી કરી શકતી નથી. હેલ્થ કેનેડાના પ્રવક્તા માર્ક જોહ્નસને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, એજન્સી “પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા અને એક્સેસ વધારવા માટે વિકલ્પો શોધવા માટે ઉત્પાદકો, હેલ્થ કેર પ્રોવાઈડર્સ અને પ્રાંતો અને પ્રદેશો સાથે નજીકથી કામ કરી રહી છે.

એક દવા કંપની માટે સપ્લાય-ચેઈન સમસ્યા સમગ્ર કેનેડામાં સપ્લાયને અસર કરી શકે છે. જ્યારે અછત દર્દીઓ અને ફાર્માસિસ્ટ માટે વસ્તુઓને જટિલ બનાવી શકે છે, ત્યારે કેનેડિયન ફાર્માસિસ્ટ એસોસિએશન કહે છે કે ફાર્માસિસ્ટ દવાઓની અછતને પહોંચી વળવા અને દર્દીઓને તેમાંથી બહાર નીકળવામાં મદદ કરવા માટે ટેવાયેલા છે.

# ઓન્ટેરિયોએ $ ૨૬૦ મિલિયન સ્કીલ ડેવલપમેન્ટ ફંડ માટે અરજીઓ સ્વીકારી

## ભંડોળનો ઉપયોગ આરોગ્ય, બાંધકામ અને ઓટોમોટિવ ક્ષેત્ર, અન્ય કુશળ વ્યવસાયોમાં નવીન પ્રોજેક્ટ્સ માટે કરવાની નેમ

**ઓન્ટેરિયો**

આરોગ્ય સંભાળ, ઉત્પાદન, બાંધકામ અને ઓટોમોટિવ ક્ષેત્ર, અન્ય કુશળ વ્યવસાયોમાં ભંડોળનો ઉપયોગ કરાશે ઓન્ટેરિયોએ કામદારોને તાલીમ આપવા માટે S ૨૬૦ મિલિયનના ભંડોળ માટે અરજીઓ સ્વીકારી છે. શ્રમ પ્રધાન ડેવિડ પિકિનીના જણાવ્યા મુજબ આ ભંડોળનો ઉપયોગ આરોગ્ય સંભાળ, ઉત્પાદન, બાંધકામ અને ઓટોમોટિવ ક્ષેત્ર, અન્ય કુશળ વ્યવસાયોમાં નવીન પ્રોજેક્ટ્સ માટે થઈ શકે છે.

ડગ ફોર્ડની પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ સરકાર તરફથી સ્કીલ ડેવલપમેન્ટ ફંડનું આ છઠ્ઠું પુનરાવર્તન છે. પ્રાંત તેના માળખાગત વિકાસને આગળ ધપાવતા રહેવાની યોજના ધરાવે છે, જેમાં અસંખ્ય હાઈવે, હોસ્પિટલ અને લાંબા ગાળાના સંભાળ પ્રોજેક્ટ્સ કામમાં છે.

પિકિનીએ $૨૦ મિલિયનના રોકાણના પ્રાપ્તકર્તાઓની પણ જાહેરાત કરી છે. જે કૌશલ્ય ભંડોળના છેલ્લા રાઉન્ડનો ભાગ હતો. જેમાં યુવાન, ઉત્પાદન અને આતિથ્ય કામદારો તેમજ નર્સો જેવા હેલ્થ કેર કામદારો માટે નાણાંનો સમાવેશ થાય છે. ફોર્ડે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટ્રેડ વોર દ્વારા સર્જાયેલી આર્થિક મંદીને સરભર કરવા માટે આગળ વધતા વધુ માળખાગત પ્રોજેક્ટ્સ રજૂ કર્યા છે.









# ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પટનની મીટીંગ : ગીતો ગવાયા

## પ્રાર્થના બાદ કસરત કરવાઈ : દક્ષાબેન પટેલે ગેમ્સ રમાડી, અંતાક્ષરીમાં જોડાઈને ગીતો ગાઈને સભ્યોએ આનંદ માણ્યો



બ્રામ્પ્ટન : ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પટનની મીટીંગ ગત ૨૭ જુલાઈ, ૨૦૨૫ના રોજ ગોરમેડો લાયબ્રેરી ખાતે રાખવામાં આવી હતી. મીટીંગની શરૂઆત 'ૐ તત્ શ્રી નારાયણ' પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની થીમ "આયા સાવન ઝુમકે


અને ગુરુ પૂર્ણિમા હતી. સૌ પ્રથમ સૌ સભ્યોએ આઈસ્ક્રીમ ખાધો હતો. જે બાદ ગુરુજી આપના ચરણમાં ગીત પર કસરત કરાવાઈ હતી. કનકબેન પંડ્યાએ અને દક્ષાબેન રાજાએ કમિટી મેમ્બર્સ, કીચનકમીટી મેમ્બર્સ ભાઈ બહેનોનું અંતઃકરણથી સ્વાગત કર્યું હતુ. આ સાથે જ સૌને ગુરૂપૂર્ણિમાની શુભેચ્છા આપવામાં આવી હતી. વિશેષમાં મંડળના સભ્ય મૃતક સવિતાબેન પટેલને દક્ષાબેને શ્રદ્ધાંજલિ આપી હતી. હર્ષદભાઈએ જૂન મહિનામાં આયોજિત જોરદાર પિકનીકની યાદો તાજી કરાવી હતી. જે બાદ ભપેન્દ્રભાઈ ભટ્ટે ગુરૂપૂર્ણિમા પર સુંદર વક્તવ્ય આપ્યું હતુ. સાથે જ મધુર સૂરમાં "સૂડી ગાથાર સઢપુરૂ ! ગીત રજૂ કર્યું હતુ. મિનલબેન મિસ્ત્રીએ પણ ચલી સજકર ગુરુજી કે દ્વાર સુંદર ભજન સંભળાવ્યું હતુ. આ મહિનામાં આવતા જે તે સભ્યોની birthday-anniversary ઉજવવામાં આવી હતી. બ્રેકમાં સૌ સભ્યોને ફાફડા-જલેબી, ચટણી-મરચા સાથે મસાલેદાર ચા આપવામાં આવી હતી. કાર્યક્રમના બીજા તબક્કાનો આરંભકૌશિકભાઈ-કનકબેન પંડ્યાના જોરદાર ગીત performanceથી થયો હતો. જે ગીત "बरसादमें हमसे मिले.. છમ છણ !!!" હતુ. આ ગીત પર excellent solo performance અમીતાબેન પટેલે આપ્યું હતુ.**सावनका महिना** ' ગીત પર ડાન્સ માટે અમિતાબેનને જયશ્રીબેન શાહ, પ્રફુલાબેન શાહે સાથ આપ્યો હતો. જે બાદ કૌશિકભાઈ પંડ્યાએ સાવન સુલગ સુલગ જાયે મન, ગીત તેમના સુમધુર અવાજમાં ગાયું હતુ. ગીતોની રમઝટ બાદ દક્ષાબેન એમ. પટેલે હાસ્ય અને ડાન્સ સાથે ગેમ્સ રમાડી સૌને ખૂબ મઝા કરાવી હતી. અંતે સૌ સભ્યોએ અંતાક્ષરીમાં જોડાઈને ગીત ગાવાનો આનંદ પણ લીધો હતો.

# બેડફોર્ડ પાર્કમાં સસ્તા મકાનો માટે ટોરોન્ટોને $ 80 મિલિયન ફાળવાશે

**ટોરોન્ટો**

ટોરોન્ટોના બેડફોર્ડ પાર્ક વિસ્તારમાં 159 નવા ભાડાના મકાનો બનાવવા માટે ફેડરલ સરકાર $80 મિલિયનથી વધુ ખર્ચ કરી રહી છે.

ગૃહમંત્રી ગ્રેગોર રોબર્ટસને સોમવારે એક પત્રકાર પરિષદમાં ભંડોળની જાહેરાત કરતા કહ્યું કે, આ ભંડોળ સરકારના એપાર્ટમેન્ટ કન્સ્ટ્રક્શન લોન પ્રોગ્રામ (ACLP)માંથી આવે છે, જેનો ઉદ્દેશ્ય 2031-32 સુધીમાં સમગ્ર કેનેડામાં 131,000થી વધુ ભાડાના મકાનોના બાંધકામને ટેકો આપવાનો છે. અમારું લક્ષ્ય કેનેડામાં ઘર બનાવવાનો દર બમણો કરવાનો છે, જે ઉદ્યોગ કેનેડિયન ટેકનોલોજી, કેનેડિયન કુશળ કામદારો અને કેનેડિયન લાકડાને પ્રાથમિકતા આપે છે. કેનેડા મોરગેજ એન્ડ હાઉસિંગ કોર્પોરેશન (CMHC)એ ન્યૂઝ રિલીઝમાં જણાવ્યું હતું કે, ACLP હેઠળ ભંડોળ રાષ્ટ્રીય ગૃહનિર્માણ વ્યૂહરચના હેઠળ ઓછી આવક ધરાવતા પરિવારો માટે સસ્તા મકાનોના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે દેશભરમાં નવા ઘરો બનાવવા માટે એક દાયકાથી વધુ લાંબો પ્રોજેક્ટ છે. રોબર્ટસને જણાવ્યું હતું કે, ACLP કાર્યક્રમ દ્વારા આપવામાં આવતા પ્રોત્સાહનોથી પોસાય તેવા ઘરોના નિર્માણને વેગ મળવાની અપેક્ષા છે.



**કેનેડામાં ઘર બનાવવાનો દર બમણો કરવાનું લક્ષ્ય, કામદારોને મદદ મળશે**

CMHCએ જણાવ્યું હતું કે, 159 નવા ઘરો નવ માળની ઈમારતમાં હશે, જે 2027ના પાનખર સુધીમાં બાંધવામાં આવશે. નવા એકમોમાંથી એક ક્વાર્ટરથી વધુ, આશરે 43, એવા લોકો માટે બનાવવામાં આવશે જેઓ ટોરોન્ટોની સરેરાશ ઘરગથ્થુ આવકથી નીચે આવે છે. CMHC અનુસાર, 2021 માં કર પછી તે $85,000 હતું. ACLP દ્વારા લોન ઓછી વ્યાજ દરે આપવામાં આવે છે અને તેમાં હવે ઊર્જા કાર્યક્ષમતા સંબંધિત લઘુત્તમ આવશ્યકતાઓનો સમાવેશ થતો નથી. ટોરોન્ટોને હાલમાં આ પ્રકારના આવાસોની જરૂર છે.

# કેનેડા ઓસ્ટ્રેલિયામાં બીફ મોકલવાનું શરૂ કરશે

**ઓન્ટેરિયો**

કેનેડિયન ફૂડ ઈન્સ્પેક્શન એજન્સીના એક નિવેદન મુજબ ૨૦૦૩ પછી પહેલી વાર ઓસ્ટ્રેલિયા ટૂંક સમયમાં કેનેડિયન બીફ્ અને બીફ્ ઉત્પાદનો મેળવશે. CFIA એ જાહેરાત કરી કે કેનેડા સહિતના દેશોમાંથી ઓસ્ટ્રેલિયામાં આયાત પરના અગાઉના પ્રતિબંધો હટાવી લેવામાં આવ્યા છે. ફીથી મેળવેલ ઍક્સેસ કેનેડિયન ખેડૂતો અને પ્રોસેસર્સ માટે આર્થિક સંભાવનાઓ જ નહીં, પરંતુ વધુ આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને પ્રીમિયમ ગુણવત્તાવાળા કેનેડિયન બીફ્ની ઍક્સેસ પ્રદાન કરીને વૈશ્વિક ખાદ્ય સુરક્ષામાં પણ ફળો આપે છે. તેના નિવેદનમાં નોંધવામાં આવ્યું છે કે, ૨૦૦૩માં ઓસ્ટ્રેલિયાએ કેનેડિયન બીફ્ પર પ્રતિબંધો લાદ્યા હતા, જે યુનાઈટેડ સ્ટેટ્સ જેવા દેશોમાં પણ લાગુ પડયા હતા.

travel SERVICES
VACATIONS WE OFFER
ALL INCLUSIVE PACKAGES
EUROPE TOURS
Guaranteed Lowest Fare for:
INDIA EUROPE
FAR EAST NORTH AMERICA
MIDDLE EAST AUSTRALIA
AFRICA CARIBBEAN
Call Us Today For Special Packages
AIR TICKET
CRUISE
VACATION PACKAGES
Travel INSURANCE
DIPTESH PATEL +1 647-409-2976
+1 905-790-8989 | 905-790-8686
res@travel-services.ca | www.travel-services.ca
ticoca IATA
2565 Steels Ave. E. Unit #20, Brampton, ON, L6T 4L6

Visa Services
• India
• Nepal
• Dubai
• Europe
• UK-ETA
VOYAGES InterSky TRAVELS
• OCI • PASSPORT RENEWAL • SURRENDER CITIZENSHIP & PR APPLICATIONS
Wholesale Tour Operation
• India-North & South • Nepal - Bhutan -Sri Lanka. • Dubai. NRI-Europe( Veg & Jain Meals) • All kinds of Travel
• Air Canada • Air India • Qatar • Emirates • Air Farnce/ KLM • British Airways • United -Delta • Turkish & many more..............
Divyesh (Dev) Patel : 514 -513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

તંત્રી સ્થાનેથી

# ભૂકંપ-સુનામી સામે સતત ઝઝૂમતા જાપાનને આધુનિક સેન્સરનો સહારો

રશિયામાં દૂર પૂર્વમાં આવેલા વિસ્તારમાં ૮.૮ની તીવ્રતાવાળા ભૂકંપના કારણે આપેલા સુનામીના મોજા જાપાન, અમેરિકા અને કેનેડાના પશ્ચિમ કાંઠા સુધી પહોંચ્યા. આ ભૂકંપમાં રશિયાને નુકસાન થયું, પરંતુ કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. પણ ભૂકંપ પછીના સુનામીના મોજાએ કેટલાય દેશોમાં કંપારી છોડાવી દીધી. છેક દક્ષિણ અમેરિકાના ચીલી સુધી તેની અસર અનુભવાઈ હતી.



તંત્રી - સ્વદેશ

અમેરિકામાં કેલિફોર્નિયા અને જાપાનના દરિયાકિનારા સુધી ત્રણથી ચાર મીટર જેટલા ઊંચા મોજા ઉછળ્યા હતા. જ્યારે રશિયામાં દરિયાકિનારે તો ૧૦થી ૧૫ મીટર જેટલા ઊંચા મોજા ઉછળ્યા હતા. લોકોને દરિયાઈ વિસ્તારોમાં જવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. તેના પછી ૬.૯ની તીવ્રતાના આફ્ટર શોક આવ્યા હતા. જાપાનને આ સુનામીએ ૨૦૧૧માં આવેલા સુનામીની યાદ અપાવી હતી. કેમાચાત્કામાં રહેલાં અનેક મકાનો અને બાંધકામો તૂટી પડયાં હતાં. કેટલાંયે મકાનોમાં મોટી તિરાડો પડી ગઈ હતી. આ સુનામી મોજાંને લીધે જાપાન તથા હવાઈ-ટાપુઓમાં લોકોને સલામત સ્થળે ફેરવવામાં આવ્યા હતા.

આ ધરતીકંપ અંગે ગવર્નર વ્લાદીમીર સોલોડોવે 'ટેલીગ્રામ' ઉપર વીડિયો પોસ્ટ કરતાં બુધવારે જણાવ્યું હતું કે, 'આજનો ભૂકંપ ઘણો ગંભીર પ્રકારનો છે.' સૌથીમોટી શાંતિ એ હતી કે આ વિસ્તારમાં માનવ વસ્તી ખાસ્સી ઓછી હોવાના કારણે કોઈપણ પ્રકારની જાનહાનિ પણ થઈ ન હતી.

અત્યંત સંવેદનશિલ ભૂભાગ ઉપર આવેલો જાપાન ભૂકંપ મુદ્દે સૌથી જોખમી દેશ ગણાય છે. દર વર્ષે અહીંયા ૧૫૦૦-૨૦૦૦ જેટલા ભૂકંપો આવતા રહે છે. રિંગ ઓફ ફાયર ગણાતી સંવેદનશિલ જમીન ઉપર આ દેશ વસેલો છે. અહીંયા ઘણી ટેક્ટોનિક પ્લેટો ભેગી થાય છે અને સતત ભૂકંપનું સર્જન કરતી રહે છે. નવાઈની વાત એ છે કે, દર વર્ષે આટલા બધા ભૂકંપો આવવા છતાં આ દેશ અડીખમ છે અને સતત વિકાસની રાહે આગળ વધી રહ્યો છે. જાપાન દ્વારા સમયાંતરે અત્યાધુનિક ભૂકંપ ચેવતણીની સિસ્ટમ વિકસિત કરવામાં આવી છે. આ સિસ્ટમ ભૂકંપના શરૂઆતના કંપનોને ડિટેક્ટ કરે છે અને ગણતરીની સેકંડોમાં એલર્ટ જારી કરી દે છે. આ એલર્ટ ટીવી, રેડિયો, મોબાઈલ ફોન ઉપર અને સાઈરન સ્વરૂપે આપવામાં આવે છે.

તેના કારણે વધુમાં વધુ લોકો સતર્ક બની જાય છે. આ ઉપરાંત ટ્રેનો, બસો, લિફ્ટ, ઔદ્યોગિક મશિનો, ઓદ્યોગિક લિફ્ટ અને ક્રેનો, ઓટોમેટિક સાધનો બધું જ જાતે જ બંધ થઈ જાય છે. એટલું જ નહીં, શિંકાનસેન એટલે કે જાપાનની જાણીતી બુલેટ ટ્રેનોમાં પણ સેન્સર ડિટેક્ટ થાય છે અને ઓટોમેટિક બ્રેક વાગી જાય છે. જેથી ટ્રેન ત્યાં જ અટકી જતા જાનહાની ટળે છે.

સત્તાવાર અહેવાલો એવા છે કે, જમીનની જેમ દરિયામાં પણ જાપાન દ્વારા સેન્સરનું અને ટેક્નોલોજીનું વ્યાપક નેટવર્ક ઊભું કરાયું છે. તે સમુદ્રની ગતિવિધિનું સતત નિરિક્ષણ કરે છે અને સુનામીનું એલર્ટ જારી કરી દે છે. ભૂકંપ પછી તરત જ સૂનામીની ગણતરી કરીને તેની પણ ચેતવણી જારી કરી દે છે. જાપાની હવામાન ખાતા દ્વારા સુનામીની ઉચાંઈ, તેનો કિનારા સુધી પહોંચવાનો સમય, તેની તીવ્રતા વગેરે વિશે તાકીદે માહિતી ફરતી કરી દેવાય છે. ટીવી, રેડિયો, મોબાઈલ અને અન્ય માધ્યમોથી આ ચેતવણી લોકો સુધી પહોંચાડી દેવાય છે. દરિયા કિનારાના વિસ્તારોમાં લાઉડ સ્પીકરો અને સાઈરનો દ્વારા ચેવતણી જારી કરીને તેમને ઉચી જગ્યાએ સ્થળાંતર કરવાની સુચના આપવામાં આવે છે. કિનારાના વિસ્તારોમાં કોંક્રિટની ૧૫ મીટર ઉચી દીવાલો બનાવવામાં આવી છે, જે સૂનામીને રોકવામાં મદદ કરે છે.

બીજી વાત એવી છે કે, જાપાનમાં ઈમારતોનું નિર્માણ પણ કડક નિયમોને આધારે જ કરવામાં આવે છે. ઈમારતોમાં લચકદાર સામગ્રી, ટેક્નોલોજીનો ઉયયોગ કરવામાં આવે છે જે ભૂકંપના કંપન અને ઝાટકાને શોષી લે છે અને ઈમારતોને મોટું નુકસાન થતું નથી. જૂની ઈમારતોને ભૂકંપ વિરોધી બનાવવા માટે તેમાં રેટ્રોફિટિંગ ટેક્નોલોજો ઉપયોગ કરવામાં આવે છે. જાપાનની મોટાભાગની ઈમારતો ૭ થી ૮ રિક્ટર સ્કેલના ભૂકંપને સહન કરી શકે અને સુરક્ષિત રહી શકે તે રીતે બનાવવામાં આવે છે.

જાપાનની સ્કૂલો, કાર્યાલયો અને સામાજિક સેન્ટરોમાં ભૂકંપ અને સુનામીથી બચવા માટે નિયમિત રીતે ડ્રિલનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષે ૧ સપ્ટેમ્બરને આપત્તી રોકથામ દિવસ તરીકે ઉજવાય છે અને સમગ્ર દેશમાં કુદરતી આપત્તીથી બચવાના વિવિધ અભ્યાસ હાથ ધરવામાં આવે છે. જાપાનમાં વસતા લોકોના ઘરમાં ઈમર્જન્સી કીટ રાખવામાં આવે છે. સ્કૂલોમાં બાળકોને ભૂકંપ અને સુનામીથી બચવાની તાલીમ આપવામાં આવે છે. અહીંયા બાળકોને ડ્રોપ, કવર અને હોલ્ડ ટેક્નિક દ્વારા આત્મરક્ષણ શીખવવામાં આવે છે. જાપાન દ્વારા ભૂકંપ અને સુનામીનો અભ્યાસ કરવાના પ્રોજેક્ટમાં મોટાપાયે રોકાણ કરવામાં આવે છે. સંશોધકો દ્વારા સતત ભૂકંપની પેટર્ન, ટેક્ટોનિક પ્લેટ્સની ગતિવિધિનો અભ્યાસ વગેરે કરવામાં આવે છે. સુપર કમ્પ્યૂટરનો ઉપયોગ કરીને સુનામી અને ભૂકંપની અસર ઉપર નજર રાખવામાં આવે છે.

સરકારે સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટેની વિશેષ ટીમ બનાવેલી છે. ભૂકંપ બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપથી પુનર્વસન કરવા માટે અને પુર્નઃનિર્માણ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવે છે. જાપાની સમાજમાં કુદરતી આપત્તી કે કોઈપણ પ્રકારની સામુદાયિક મુશ્કેલી દરમિયાન એકબીજાને મદદ કરવાની મજબૂત સંસ્કૃતિ છે. ૨૦૧૧માં આવેલા ૯ની તીવ્રતાના ભૂકંપ અને સુનામી પછી જાપાને પોતાની પદ્ધતિઓ અને સંસ્કૃતિને વધારે મજબૂત અને વ્યાપક બનાવ્યા છે. બસ આ જ કારણ છે કે તે કુદરતી આફતો વચ્ચે પણ તેનું અસ્તિત્વ ટકાવી રાખવામાં સફળ રહ્યું છે.

જાપાનની જનતા અને સરકારની તાત્કાલિક નિર્ણય લેવાની અને કામગીરી કરવાની આદતને પગલે સ્થિતિ કાબુમાં આવી જાય છે. આ વખતે પણ કોઈ મોટી જાનમાલને નુકસાન કે મોતના સમાચાર આવ્યા નથી.

જાપાની પૂર્વ તૈયારી અને સતર્કતાએ નુકસાન ઘટાડી દીધું છે. આ ઘટના જાપાનના દાયકાઓથી વિકસિત થયેલા ડિઝાસ્ટર મેનેજમેન્ટના આધુનિક અને મજબૂત મોડલને આભારી છે. અત્યાર સુધીમાં ૯ની તિવ્રતા અને તેનાથી વધારેની તિવ્રતાના પણ ઘણા ભૂકંપ આવી ગયા છે. માનવ આધુનિક ઈતિહાસની વાત કરીએ તો ૨૨ મે ૧૯૬૦ના રોજ ચીલીના વાલ્ડિવિયામાં સૌથી શક્તિશાવળી ભૂકંપ આવ્યો હતો. અહીંયા ૯.૪ થી ૯.૬ની તિવ્રતાનો ભૂકંપ ૧૦ મિનિટ સુધી ચાલ્યો હતો.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# તબીબને 3 મહિના ડિજિટલ અરેસ્ટ રાખી 19 કરોડ પડાવાયા

## ગુજરાતની સૌથી મોટી ઈ-ખંડણી, વૃદ્ધાને 'તમારા ફોનથી લોકોને વાંધાજનક મેસેજ થયાનો ઝાંસો આપી ગુનો નોંધાયો હોવાનું કહી ધમકાવાયા

**ગાંધીનગર**

ગાંધીનગરના વૃદ્ધ વિધવા મહિલા ગાયનેકોલોજીસ્ટને ત્રણ મહિના સુધી ડિજિટલ અરેસ્ટ કરીને 19.14 કરોડની ગુજરાતની સૌથી મોટી ઈ-ખંડણી વસૂલવામાં આવી છે. કમ્બોડિયાની ગેંગ દ્વારા મહિલા તબીબને સતત ત્રણ મહિના સુધી ડિજિટલ અરેસ્ટ કરીને એટલે કે, સતત પીછો કરવામાં આવતો હતો. ગાંધીનગરની વૃદ્ધાને 'તમારા ફોનથી લોકોને વાંધાજનક મેસેજ કરવામા આવ્યા છે અને જે પોસ્ટ કરો છો તે વાંધાજનક હોવાથી ગુનો નોંધાયો છે અને તમારી ધરપકડ કરવામાં આવશે.' કહી પોલીસ અને વકીલ તરીકે ખોટી ઓળખ આપી ધમકી અપાઈ હતી. વૃદ્ધ મહિલા તબીબ એ હદે કમ્બોડિયાની આ ચીટર ગેંગની વાતોથી હદે ડરી ગઈ કે, પોતાની પાસેથી રોકડ આપ્યા પછી દાગીના વેચ્યા, એફ.ડી. તોડી, શેર વેચી અને લોન લઈને પણ આ ટોળકીના કુલ 35 બેન્ક ખાતાંઓમાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા. સ્ટેટ સાયબર ક્રાઈમ બ્રાન્ચે 16 જુલાઈએ ફરિયાદ નોંધ્યા બાદ તપાસ કરી એક કરોડની રકમ સુરતના વલથાણમાં રહેતા લાલજી બલદાણીયાના એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ હોવાથી તેની ધરપકડ કરી છે. રત્ન કલાકાર લાલજીએ પાચ ટકા કમિશન માટે ઓનલાઈન છેતરપિંડી કરતી ગેંગના સાગરિતોને તેનું બેન્ક એકાઉન્ટ ભાડેથી આપ્યું હતું. જેમાં અગાઉ પણ મોટા પ્રમાણમાં આર્થિક વ્યવહાર થયા હતા. ગુજરાતમાં 19 કરોડની રકમ પડાવાયાનો સૌથી મોટો અને લાંબો સમય ડિજિટલ એરેસ્ટનો દેશનો પ્રથમ કેસ નોંધાયો છે.

ગાંધીનગરના એક વૃદ્ધ ગાયનેકોલોજીસ્ટને ગત 15 માર્ચથી 16 જુલાઈ દરમિયાન કમ્બોડિયાની ઈ-ચીટર ટોળકીએ ફોન ઉપર ધમકીઓ આપી ડિજિટલ એરેસ્ટની મનોસ્થિતિમાં મૂકી દઈને 18.24 પડાવ્યાની ગુજરાતની સૌથી મોટી ઈ-ખંડણીની ફરિયાદ સ્ટેટ સીઆઈડી ક્રાઈમની સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાવાઈ છે. ગાંધીનગરમાં હોસ્પિટલ ધરાવતા મહિલા તબીબની બન્ને પુત્રી વિદેશમાં સ્થાયી થયાં હોવાથી એકલા રહે છે. ગત માર્ચ મહિનામાં વોટ્સ-એપ કોલ કરી જ્યોતિ વિશ્વનાથ નામના ચીટરે 'તમારા ફોનથી લોકોને વાંધાજનક મેસેજ કરવામાં આવે છે અને તમે જે પોસ્ટ કરો છો તે વાંધાજનક છે. તમારો મોબાઈલ ફોન અપમાનજનક મેસેજ કરતાં હોવાથી બંધ કરાશે, તમે મની લોન્ડરિંગમાં સામેલ છો' તેમ કહીને ડરાવવામાં આવ્યાં હતાં. ત્યારબાદ વોટ્સ-એપ કોલ ઉપર PSI મોહનસિંહ, પબ્લિક પ્રોસિક્યુટર દિપક સૈની, પબ્લિક પ્રોસિક્યુટર વેંકટેશ્વર અને નોટરી ઓફિસર પવનકુમાર તરીકે બનાવટી ઓળખ આપવામાં આવી હતી.

# કઠલાલમાં 9 વર્ષની વિદ્યાર્થિનીને શારીરિક અડપલાના કેસમાં આચાર્યને 6 વર્ષની કેદ

## કપડવંજ સેશન્સ કોર્ટના સ્પે.પોક્સો જજનો હુકમ

**કપડવંજ**

કઠલાલ તાલુકામાં ૯ વર્ષની વિદ્યાર્થિનીને શારીરિક અડપલાના કેસમાં શાળાના આચાર્યને કપડવંજ કોર્ટે ૬ વર્ષની કેદની સજા ફટકારી રૂા. એક લાખના દંડનો હુકમ કર્યો છે. કઠલાલ તાલુકાના પીઠાઈ ગામના અખ્તરઅલી મહેમુદમીયા સૈયદ (ઉ.વ. ૪૬) તાલુકાના એક ગામની શાળામાં મુખ્ય શિક્ષક (આચાર્ય) તરીકે ફરજ બજાવતો હતો. તા. ૩૧-૮-૨૦૨૪ના રોજ સફાઈના બહાને ધો.-૪માં અભ્યાસ કરતી ૯ વર્ષની વિદ્યાર્થિનીને રૂમમાં બોલાવી હતી. રૂમમાં આચાર્યએ વિદ્યાર્થિની સાથે શારીરિક અડપલા કરવા સાથે છેડતી કરી હતી.

કપડવંજ સ્પે. પોક્સો સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા ૧૯થી વધુ દસ્તાવેજી પુરાવા અને ૯ મૌખિક પુરાવા રજૂ કરાયા હતા. જજ કે.એસ.પટેલે આરોપી અખ્તરઅલી મહેબુબમીયા સૈયદ (રહે. અહેમદ રજાપાર્ક સોસાયટી, તા. કઠલાલ મૂળ રહે. પીઠાઈ, સૈયદવાડો)ને ૬ વર્ષની સશ્રમ કેદની સજા અને રૂા. ૧ લાખનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# આણંદ : જમીન વિવાદમાં ગુજરાત ભાજપના પૂર્વ MLA રાજેશ પાઠકના પુત્ર સામે ગુનો

## જમીન હદ માપણી સમયે બાલાસિનોર પહોંચી એકને ઢોર માર મારી ધમકી આપી હતી

**આણંદ**

જમીન વિવાદ મુદ્દે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ટોચના નેતાના પુત્ર સામે ફરિયાદ નોંધાતા રાજકારણ ગરમાયું છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય અને અમૂલ ડેરીના ડિરેક્ટર રાજેશ પાઠકના પુત્ર પાર્થ પાઠક સહિત અન્ય 20 જેટલા શખ્સો સામે પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો. આ ઘટનામાં ફરિયાદી જીગરકુમાર પટેલે આરોપ લગાવ્યો છે કે તેમના મામાની જમીન પર માપણીના મુદ્દે થયેલા વિવાદમાં તેમને માર મારવામાં આવ્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

એફઆઈઆર મુજબ, બાલાસિનોરમાં રહેતા જીગરકુમાર પટેલ તેમના મામાના દીકરા નીતિનભાઈ ભાઈલાલભાઈ પટેલના ખેતરમાં બેઠા હતા. રાજેશ પાઠક અને તેમના મામાની જમીન બાજુ બાજુમાં આવેલી છે. રાજેશ પાઠકના પાર્ટનર ટીના મામા જમીન માપણી કરાવતા હતા. તે સમયે તેઓ તેમના મામાની જમીનની નજીક આવતા તેમને હદમાં રહેવાનું જણાવ્યું હતું.

થોડીવાર પછી પાર્થ પાઠક તથા 20 જેટલા માણસો આવ્યા હતા. તેમણે તેમને તું કેમ જમીન નથી માપવા દેતો તેમ કહ્યું હતું. જેથી તેમણે જમીન મારા મામાની છે તેમ કેહેતા આરોપીઓ ગાળો બોલવા લાગ્યા હતા અને ગડદાપાટુ માર્યા હતા. આ લોકોએ તેમને મુંઢ માર માર્યો હતો તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

# રાહુલ ગાંધીની મુલાકાત બાદ ગુજરાત કોંગ્રેસના બે નેતાઓના ચાવડા સામે પ્રહારો કરી રાજીનામાં

## કોંગ્રેસમાં આગળ આવવા માટે ક્ષત્રિય હોવું જરૂરી છે : મહામંત્રીનો ગંભીર આક્ષેપ

**આણંદ**

તાજેતરમાં રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેમની આ મુલાકાતના ગણતરીના કલાકોમાં જ ગુજરાત કોંગ્રેસના બે નેતાએ રાજીનામા આપી દેતા ચકચાર મચી ગઈ હતી. આણંદ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી વિજય બારૈયાએ તમામ હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું. આ સિવાય વિધાનસભા સોશિયલ મીડિયા પ્રમુખ વિજય જોશીએ પણ પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું.એક સાથે બે




લોકોના રાજીનામાથી અનેક પ્રકારના તર્ક વિતર્ક વહેતા થયા હતા.

બંનેએ રાજીનામું આપતા જણાવ્યું કે, આણંદ જિલ્લા કોંગ્રેસમાં આગળ જવા ક્ષત્રિય હોવું જરૂરી છે. મળતિયાઓને રાહુલ ગાંધીના કાર્યક્રમમાં પ્રવેશ માટે પાસ ફાળવવામાં આવ્યા હતા. સેવાદળના એક કાર્યકરના આખા ઘરને પ્રવેશ પાસ આપવામાં આવ્યા હતા. આડકતરી રીતે બંને કાર્યકર્તાઓએ અમિત ચાવડા પર નિશાન સાધ્યું હતું અને પ્રદેશ પ્રમુખ માટેના પાર્ટીના નિર્ણય સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રાહુલ ગાંધીની મુલાકાત દરમિયાન જ કાર્યકરોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો.

# ચકલાસી પાલિકામાં ભાજપ પ્રમુખ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત થઈ

## કામકાજ બાબતે સભ્યો સાથે સંકલન ન થતા વિવાદ

**નડિયાદ**

ખેડા જિલ્લાની ચકલાસી નગરપાલિકામાં ભાજપ પ્રમુખ સામે ચૂંટાયેલા સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત મૂકી છે. ૨૨ સભ્યોએ આ દરખાસ્ત પર સહીઓ કરી છે. જેમાં ભાજપના જ ૧૦ મેન્ડેટ ધારકો, અપક્ષમાંથી ભાજપમાં ગયેલા ૬ સભ્યો અને ૬ અપક્ષ સભ્યોનો સમાવેશ થાય છે. આ ઘટનાથી ચકલાસી નગરપાલિકાના રાજકારણમાં હડકંપ મચી ગયો છે. ચૂંટાયેલા સભ્યો દ્વારા પ્રમુખ ધર્મેન્દ્રસિંહ વાઘેલા વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત મૂકવા પાછળ મુખ્ય કારણો રજૂ કરવામાં આવ્યા છે. પ્રમુખ દ્વારા ચૂંટાયેલા સભ્યો સાથે કામકાજ બાબતે કોઈ સંકલન કરવામાં આવતું ન હોવાનો આક્ષેપ છે. ઉપરાંત, પ્રજાના હિતના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં પ્રમુખ નિષ્ફળ રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. નગરપાલિકા દ્વારા કોઈપણ વિકાસના કામનં આયોજન કરવામાં આવતું ન હોવાની પણ ફરિયાદ છે. સભ્યોએ જણાવ્યું હતું કે, પ્રમુખ મનસ્વી રીતે નિર્ણય લેતા હોવાથી પ્રજાના હિતમાં કામ થતું નથી.

# વડોદરાના સલાટવાડામાં ઉંદર કરડ્યા બાદ યુવકનું સારવાર દરમિયાન મોત

**વડોદરા**

શહેરમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો હતો. ઉંદર કરડવાથી એક યુવકનું સારવારમાં મોત થયું હતું. મળતી વિગત પ્રમાણે વડોદરાના સલાટવાડા વિસ્તારમાં રહેતા 40 વર્ષના યુવકને ઉંદર કરડતા તે મોઢા અને પગના ઇંજાગ્રસ્ત થયો હતો, જેથી યુવકને એસએસજી હૉસ્પિટલના ઈમરજન્સી વોર્ડના આઈસીયુમાં દાખલ કરવો પડ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન યુવકનું મોત નીપજ્યું હતું.

વડોદરાના સલાટવાડામાં સલાટવાડામાં રહેતા 40 વર્ષીય યુવક સંદીપ મોરેના ઘરે ઉંદર કરડ્યો હતો. ઉંદર કરડતા યુવકના માથા અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અને ઘણું લોહી વહ્યું હતું. આ ઘટનામાં યુવક બેભાન થતા તેને સારવાર અર્થે એસએસજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં આ યુવકને ઈમરજન્સી વિભાગના આઈસીયુમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. સારવાર માટે દાખલ થયાના બીજા દિવસે ફરજ પરના હાજર તબિબો દ્વારા યુવકને મૃત જાહેર કરવામાં આવ્યો છે.

# હરણી તળાવ દુર્ઘટનાના પીડિતોને રૂ.1.2 કરોડ ચૂકવવા કોન્ટ્રાક્ટર કંપનીને સુપ્રીમ કોર્ટનો આદેશ

**વડોદરા**

વડોદરાની હરણી તળાવ દુર્ઘટના મામલે સુપ્રીમ કોર્ટે મહત્વનો નિર્ણય આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે તળાવના સંચાલન માટે જવાબદાર કોન્ટ્રાક્ટર કંપની મેસર્સ કોટિયા પ્રોજેક્ટ્સે જે રૂ.1.2 કરોડથી વધુની વળતર રકમ જમા કરાવી છે, તે રકમ હરણી તળાવમાં 18 જાન્યુઆરી, 2024ના રોજ થયેલી દુર્ઘટનામાં જીવ ગુમાવનાર બાર બાળકો અને બે શિક્ષકોના પરિવારજનોને વિતરીત કરવામાં આવે.

અરજદારો તરફથી રજૂ થયેલા સિનિયર વકીલે જણાવ્યું હતું કે રૂ.81,99,664 અને રૂ.30,74,880 ની રકમ ડેપ્યુટી કલેક્ટર વડોદરા પાસે જમા કરાવવામા આવી છે અને તે રકમ પીડિત પરિવારજનોને આપી દેવા સામે કોઈ વાંધો નથી.

આ નિવેદનના આધારે ન્યાયમૂર્તિ બી.વી. નાગરત્ન અને ન્યાયમૂર્તિ કે.વી. વિશ્વનાથનની બેન્ચે વડોદરા ડેપ્યુટી કલેક્ટરને છ અઠવાડિયામાં આ રકમ ચુકવવાનું સૂચન કર્યું હતું. કોર્ટે ગુજરાત હાઈ કોર્ટના પૂર્વ આદેશ અંગે પણ નોંધ લીધી હતી. હાઈકોર્ટ દ્વારા કોન્ટ્રાક્ટ પેઢીને લગભગ રૂ.4 કરોડ વળતર ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આના વિરુદ્ધ પેઢીએ સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન (એસએલપી) અરજી દાખલ કરી હતી.

ગુજરાત હાઈ કોર્ટમાં કોટિયા પ્રોજેક્ટ્સે દલીલ કરી હતી કે તળાવ માટે વીમો લેવામાં આવ્યો છે અને વીમા કંપનીને પણ કેસમાં સામેલ કરવી જોઈએ. જોકે, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટે આ વિનંતી નામંજૂર કરી હતી અને હાઈકોર્ટે પણ સ્પષ્ટ કર્યું હતું કે આંતરિક વિવાદો કે વીમા કવરેજ પેઢીની જવાબદારીથી મુક્તિ આપી શકતા નથી.

# સહકારી બેંકની ચૂંટણી પૂર્વે જ ભાજપના નેતાઓની ઉંઘ હરામ

## બે વાર ચૂંટણી લડનારાને તક નહીં આપવા RBIનો પરિપત્ર : દિલીપ સંઘાણી, જયેશ રાદડિયા, જવાહર ચાવડા સહિતના નેતાઓનું ભાવિ અધ્ધર

**જૂનાગઢ**

ભાજપના સહકારી ક્ષેત્રના અનેક આગેવાનોના રાજકારણ પૂરાં થઈ જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. સહકારી બેંકોમાં ડિરેક્ટરપદે બે વાર રહી ચુક્યા હોય તે વ્યક્તિ ચૂંટણી લડી શકે નહીં તેવો આરબીઆઈનો વર્ષ 2023નો પરિપત્ર છે. હવે આ પરિપત્રનો અમલ વર્ષ 2023પછીથી કરવો કે અગાઉથી કરવો તે અંગેની સરકારમાં વિચારણા ચાલી રહી છે. ભાજપમાં જ આ પરિપત્ર અંગે ટોચની નેતાગીરીમાં અંદરોઅંદર વિખવાદ છે. જો અગાઉની અસરથી



પરિપત્રની અમલવારી થાય તો દિલીપ સંઘાણી, જયેશ રાદડીયા સહિતનાઓ બેંકની ચૂંટણી લડી શકે નહીં.

ભાજપના સહકારી ક્ષેત્રના આગેવાનોમાં અંદરોઅંદર મોટાપાયે વિખવાદ ચાલી રહ્યો છે. તેમાંય હવે આરબીઆઈના પરિપત્રથી ભાજપમાં નવો વિવાદ સર્જાયો છે. આરબીઆઈના પરિપત્રની ક્યારથી અમલવારી કરવી તે અંગે ભાજપના ટોચના નેતાઓ સામસામે આવી ગયા છે. એક જૂથ એવું કહે છે કે, અત્યાર સુધીમાં બે વાર સહકારી બેંકના ડિરેક્ટર પદે રહી ચુક્યા હોય તેઓ હવે ચૂંટણી લડી શકે નહી તે મુજબ પરિપત્રની અમલવારી થવી જોઈએ. જ્યારે ભાજપનું બીજું જૂથ કહે છે કે, આરબીઆઈનો પરિપત્ર વર્ષ ૨૦૨૩માં આવ્યો છે ત્યારબાદથી તેની અમલવારી થવી જોઈએ.

હવે આ પરિપત્રની કેવી રીતે અમલવારી કરવી તે મામલે ભાજપના ક્યા જૂથનો હાથ ઉપર રહે છે તે તો સમય જ બતાવશે. બે વાર ડિરેક્ટર રહી ચુક્યા હોય તેઓ ચૂંટણી લડી શકે નહી તેની આગામી ચૂંટણીમાં જ અમલવારી થાય તો રાજકોટ જિલ્લા સહકારી બેંકના ચેરમેન જયેશ રાદડિયા સહિત અનેક ડિરેક્ટરોને ચૂંટણી લડવામાંથી વનવાસ લેવો પડે તેમ છે. તેવી જ સ્થિતિ અમરેલી જિલ્લામાં થાય તેમ છે. અમરેલી જિલ્લા સહકારી બેંકના ચેરમેન દિલીપ સંઘાણી અને તેની સાથેના અનેક ડિરેક્ટરોને પણ ચૂંટણી લડવાની રહે નહી. તેવી જ રીતે જૂનાગઢ જિલ્લા સહકારી બેંકમાં ડોલર કોટેચા, જશા બારડ, જવાહર ચાવડા સહિતનાઓને જિલ્લા સહકારી બેંકની ચૂંટણી લડી શકાય નહી. જો વર્ષ 2023થી તેની અમલવારી ગણવામાં આવે તો આ તમામ નેતાઓનો સહકારી કારોબાર ચાલી શકે તેમ છે. હવે સરકાર આ મુદ્દે આગામી સમયમાં શું નિર્ણય કરે તે મહત્વનું બની ગયું છે. આરબીઆઈના આ પરિપત્રએ ભાજપના ટોચના નેતાઓની ઉંઘ હરામ કરી દીધી છે.

# વિકરાળ સિંહણે વૃદ્ધાને મોતને ઘાટ ઉતાર્યાં : બે પગ ખાઇને નાસી ગઇ

## સિંહણ ગળુ પકડી વૃદ્ધાના શબને 100 ફૂટ ઢસડી ગઈ

**ડોળાસા**

કાણકીયા ગામે નવાપરા વિસ્તારમાં પૂરણદાસ આત્મારામ દેશાણી અને તેમના પત્ની કમળાબેન ત્રણ વિવાહીત પુત્રો અને તેમનો પરિવાર સયુંકત કુટુંબમાં રહે છે. આ પરિવાર કાણકીયા ગામને પાન બીડી દુકાન ધરાવે છે. આ ઉપરાંત છૂટક મજૂરી દ્વારા ગુજરાન ચલાવે છે. આજે વહેલી સવારના આશરે ત્રણથી ચાર વાગ્યા દરમ્યાન કમળાબેન (ઉ.વ.૫૯) જાગી ગયા અને ઘરનો દરવાજો ખોલી અને ફળિયામાં આવેલા બાથરૂમ તરફ જતા હતા. ઝાંખા પ્રકાશના કારણે તેમની સામે આવી રહેલી સિંહણ અને અને બચ્ચા નજરે ન ચડયા ન હતા. કમળાબેન સિંહણની નજીક પહોંચી જતા સિંહણે કમળાબેન પર જીવલેણ હુમલો કરતા ગળું પકડી લીધું અને થોડીવારમાં તેમનું મૃત્યુ થયું બાદ સિંહણ તેમનું શબ ફળિયામાં સો ફૂટ દૂર ઢસડી ગઈ અને અહી બંને પગ ખાઈને જતી રહી હતી. દરમ્યાન એક ભાઈની નજર ફળિયામાં સામેના ભાગે નજર કરતા ત્યાં માજીનો પગ વગરનો મૃતદેહ નજરે ચડયો હતો.

# ભાવનગરમાં ભાજપમાં ભડકો, મેયરે જાહેરમાં આત્મવિલોપનની ચીમકી ઉચ્ચાર્યા બાદ યુ-ટર્ન

## ચીમકી આપ્યા જ્ઞાન લાધ્યું, ભાજપમાં કામગીરીને કારણે મેયર બન્યો, લાગવગથી નહીં

**ભાવનગર**

ભાવનગર શહેર ભાજપના આંતરિક વિખવાદો વચ્ચે ભાવનગરના મેયર ભરત બારડે અગાઉ સોશિયલ મીડિયા ગ્રૂપમાં આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચાર્યા બાદ હવે તેમના સૂર બદલાયા છે. મેયરે સ્પષ્ટતા કરી છે કે તેમનો હેતુ કોઈને દબાવવાનો નહોતો અને તેમને કોઈ દબાવવા માંગે તેવું પણ નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભાવનગર કોર્પોરેશનની ચૂંટણી પહેલાં જ શહેર ભાજપમાં આંતરિક વિખવાદો ચરમસીમાએ પહોંચ્યા છે. આ દરમિયાન, મેયર ભરત બારડે એક ભાજપના વોટ્સએપ ગ્રૂપમાં ‘મને ખોટી રીતે દબાવાશે તો જાહેરમાં આત્મવિલોપન કરીશ’ તેવી પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટને કારણે ભારે ખળભળાટ મચી ગયો હતો અને ગ્રૂપ એડમિને તાત્કાલિક મેયરની પોસ્ટ ડિલીટ કરી દીધી હતી.

જોકે, આત્મવિલોપનની ચીમકી બાદ મેયર ભરત બારડે હવે અલગ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, ‘મેં મારા પરિવારમાં વાતમાંથી વાત કરી, તેનો કોઈ અર્થ નથી. મેં કોઈને દબાવવા માટે કર્યું નથી, મને કોઈ દબાવવા માંગે એવું પણ નથી.’

મેયરે પોતાની ઓળખ ભાજપના સિનિયર કાર્યકર્તા તરીકે આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ‘હું ભાજપનો સિનિયર કાર્યકર્તા છું, 45 વર્ષથી હું પાર્ટીની સેવા કરું છું.’ તેમણે અગાઉ એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે ‘ભાજપમાં કામગીરીને કારણે મેયર બન્યો, લાગવગથી નહીં.’

# જામનગરમાં જુગારમાં રકમ હારતા આચાર્ય ચોરીના રવાડે ચડ્યા: 26 ચોરીનો ભેદ ખૂલ્યો

**જામનગર**

જામનગરથી એક ચોંકાનારો કિસ્સો સામે આવ્યો હતો. ઓનલાઈન જુગારમાં મોટી રકમ હારી જતાં આચાર્ય ચોરીના રવાડે ચડ્યો હતો. પોલીસે તેને ઝડપીને 26 ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. જામનગર લોકલ ક્રાઈમ બ્રાંચ (એલસીબી)ને આંગણવાડીઓમાં ગેસ સિલિન્ડર ચોરનાર પ્રાથમિક શાળાનો સસ્પેન્ડેડ આચાર્ય/શિક્ષક કાંતિલાલ ડાયાભાઈ નકુમ (રહે. જામખંભાળિયા) આ ગુનામાં સંડોવાયેલો હોવાની બાતમી મળી હતી.

આ ઉપરાંત તેણે ચોરી કરેલા ગેસ સિલિન્ડર જામનગર તાલુકાના દરેક ગામ નજીક આવેલા સીએનજી પેટ્રોલપંપ પાસેની એક અવાવરુ ઓરડીમાં રાખ્યા હોવાની અને તેને સગેવગે કરવાની ફિરાકમાં હોવાની માહિતી મળી હતી. જેના આધારે રેઈડ કરીને તને ઝડપી પાડવામાં આવ્યો હતો.



આરોપી કાંતિલાલ નકુમ જામખંભાળિયા તાલુકાના કોટા ગામની પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતો હતો. તે ઓનલાઈન જુગારમાં મોટી રકમ હારી જતાં ચોરીના રવાડે ચડ્યો હતો. શરૂઆતમાં તેણે શાળામાંથી લેપટોપ વગેરેની ચોરી કરી હતી, જેના કારણે તેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો. સસ્પેન્ડ થયા બાદ, તેણે વિવિધ આંગણવાડીઓને નિશાન બનાવી હતી.

# જામકંડોરણામાં છ વર્ષની પુત્રી સાથે પિતાએ નદીમાં ઝંલાવ્યું : બન્નેનાં મોત

**ધોરાજી**

ધોરાજી અને જામકંડોરણા વચ્ચે ભાદર નદી પર આવેલા પુલ નીચે પાણીમાંથી જૂનાગઢ રહેતા અને પુત્રની લાશ મળી આવી હતી. જેમાં છ વર્ષની પુત્રી સાથે પિતાએ નદીમાં ઝંપલાવ્યાનું પ્રાથમિક તારણ નીકળ્યું છે.

ધોરાજી અને જામકંડોરણા વચ્ચે ભાદર નદીના પુલ પર મોટરસાયકલ પડેલું હોય, જે બાબતે પોલીસને જાણ કરાતા તપાસ શરૂ કરાઈ હતી. જેથી ભાદર નદી ઉપર પુલ પાસેના ભાગમાં પિતા અને પુત્રીની લાશ મળી આવી હતી. મૃતક પિતાની સાથે પુત્રીને કપડાંથી બાંધેલી હતી.

ત્યારબાદ બંનેની લાશ બહાર કાઢી સરકારી હોસ્પિટલ ખાતે પીએમ માટે ખસેડવામાં આવી હતી. મૃતક પિતાનું નામ ગફાર વિજળીવાળા (ઉ.વ.45) અને પુત્રીનું નામ અનામ ફાતિમા (ઉ.વ.6) અને જૂનાગઢના સુખનાથ ચોક વિસ્તારમાં રહેતા હતા. આંટો મારવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. સોમવારે જામકંડોરણા અને ધોરાજી વચ્ચે ભાદર નદીના પુલ નીચે મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું કે દીકરી બહુ બિમાર રહેતી હોવાથી ગૃહકંકાશ વધી જતાં પિતાએ કંટાળીને અંતિમ પગલું ભર્યું હતું.

# જામનગરમાં જૂની અદાવતમાં ગેરેજ સંચાલક પર તલવાર વડે હુમલો : બે સામે ફરિયાદ

**જામનગર**

જામનગરમાં વાઘેરવાડા બાલમંદિર પાછળ રહેતા અને ગેરેજ ચલાવતા આફતાબ જાકીરભાઈ જખરા નામના 25 વર્ષના યુવાન પર ગઈકાલે વાઘેરવાડા વિસ્તારમાં અલ્તાફ ઈકબાલ સંઘાર તેમજ ઝાકીર ઈસ્માઈલ નામના બે શખ્સોએ તલવાર વડે હુમલો કરી દેતાં ઈજાગ્રસ્ત યુવાનને લોહી નિતરતી હાલતમાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેને માથાના ભાગે ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. ફરીયાદી યુવાન અને આરોપી અલતાફ બંને વચ્ચે અગાઉ છ માસ પહેલાં ઝઘડો થયો હતો, અને ત્યારથી મનદુઃખ ચાલતું હતું, જે મનદુઃખના કારણે ખાર રાખીને આ હુમલો કરાયાનું પોલીસ દ્વારા જાહેર થયું છે.

# જામનગરનમાં રાત્રે બે પાડોશીઓ વચ્ચે તકરાર થયા બાદ અથડામણ

**જામનગર**

જામનગરમાં ઈન્દિરા કોલોની વિસ્તારમાં ગઈકાલે રાત્રે એઠવાડ ફેંકવા જેવી સામાન્ય બાબતમાં તકરાર થઈ હતી, અને બે પાડોશીઓ વચ્ચે ઝઘડો થયો હતો. અને સામ સામાં હુમલા કરાયા હતા, જેમાં બંને પક્ષની સાત વ્યક્તિઓ ઘાયલ થઈ છે. જે મામલે બંને પક્ષ દ્વારા સામસામી પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

આ હુમલાના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ઈન્દિરા કોલોનીમાં રહેતા ગૌતમ કરસનભાઈ બાવરફાડ નામના 38 વર્ષના યુવાનને તેના પાડોશમાં જ રહેતા રાહુલભાઈ શેખવાના પરિવાર સાથે ચાર દિવસ પહેલા એઠવાડ ફેંકવાના પ્રશ્ને બોલાચાલી થઈ હતી, અને તેનું મન દુઃખ ચાલતું હતું.

દરમિયાન ગઈકાલે રાત્રે આ પ્રશ્ને બંને પરિવારો વચ્ચે ઝઘડો થયો હતો, અને સામ સામે હુમલા થતાં ભારે દોડધામ થઈ હતી, અને બંને પક્ષના મળી સાત વ્યક્તિઓ ઈજાગ્રસ્ત બની ગયા હતા, અને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતાં સીટી સી.ડિવિઝનનો પોલીસ કાફલો સૌપ્રથમ બનાવના સ્થળે અને ત્યારબાદ જીજી હોસ્પિટલમાં દોડી ગયો હતો.

# અમરેલીમાં 2 સિંહબાળના મોત, ભેદી રોગચાળાની આશંકા, તંત્ર દોડતું થયું

**જૂનાગઢ**

ગુજરાતની આન-બાન અને શાન ગણાતા સિંહો પર ભેદી રોગચાળાનું સંકટ મંડરાઈ રહ્યું છે. અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના કાગવદર સિમ વિસ્તારમાં 2 સિંહબાળના શંકાસ્પદ રીતે મોત થતાં ભેદી રોગચાળાની આશંકા સેવાઈ રહી છે. આ ઘટના બાદ વનવિભાગ દ્વારા 11 સિંહોનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, જેમાં ૧ સિંહબાળ અને 1 સિંહણને પાંજરે પૂરવામાં આવ્યા છે. જે સિંહબાળનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે તેમની હાલત અત્યંત નાજુક છે. 2 સિંહબાળના શંકાસ્પદ મોત અને અન્યની નાજુક હાલત જોતા વનવિભાગમાં ચિંતા વ્યાપી છે અને સિંહબાળમાં કોઈ ભેદી રોગચાળો ફાટી નીકળ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ઉધનામાં 2000 કરોડના સાયબર ફ્રોડમાં જાણીતી બેંકના મેનેજર સહિત 8 કર્મચારીઓની ધરપકડ

## મોબાઇલ ફોન, ડેબિટ કાર્ડ, ચેકબુક, 3.84 લાખ રોકડ, કોમ્પ્યુટર, લેપટોપ જપ્ત

**સુરત**

ઉધના પોલીસને વાહનચેકિંગ દરમિયાન મોપેડ પર મળેલા રોનક સંદિપ સુદાણીની ડીકીમાંથી અલગ-અલગ નામવાળા પાનકાર્ડ અને પ્રોપરાઈટરના સ્ટેમ્પ મળી આવ્યા હતા. તેની તપાસ કરાતાં સાયબર ફ્રોડ માટે એકાઉન્ટ ખોલાવી કીટ અને સિમકાર્ડ મોકલવાનું રેકેટ પકડાયું હતું. પૂછપરછના આધારે ઉધના પોલીસે બાદમાં કિરાત જાદવણ અને મીત ખોખારને 7 ફોન, 21 ડેબિટ કાર્ડ, 30 ચેકબુક, 3.84 લાખ રોકડ, કોમ્પ્યુટર, નોટ ગણવાનું મશીન, સ્ટેશનરી કટર મશીન વગેરે મળી કુલ રૂ. 7.02 લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.



પોલીસ પૂછપરછમાં સારોલી રાજ ટેક્ષટાઈલ ટાવરમાં ઑફિસ ધરાવતા કિરાત અને તેની સાથેના મીતે કબૂલાત કરી હતી કે, તેઓ છેલ્લા નવ મહિનાથી અલગ-અલગ એકાઉન્ટ ધારકોને લાલચ આપી વિવિધ બૅન્કમાં એકાઉન્ટ ખોલાવ્યા હતા. બાદમાં તેમના નવા એકાઉન્ટની કીટ અને તેના એકાઉન્ટમાં રજિસ્ટર્ડ કરાવેલા મોબાઈલ નંબરનું સિમકાર્ડ લઈ લેતા હતા. ત્યારબાદ તેઓ તે કીટ અને સિમકાર્ડ દિવ્યેશ ચક્રાણી સાથે મળી દિલ્હીના વિનીત પ્રસાદને મોકલી આપતા હતા. ત્યાંથી તેને સાયબર ફ્રોડ કરનારાઓને પહોંચાડતા હતા. જોકે, બાદમાં પોલીસની તપાસમાં આ કૌભાંડ 2000 કરોડથી વધુનું હોવાનો પણ ખુલાસો થયો હતો. ઉધના પોલીસે આ રેકેટની વધુ તપાસ કરતા ખુલાસો થયો હતો કે, અલગ-અલગ બૅન્કોના 165 એકાઉન્ટ પૈકી આરબીએલ બૅન્કના 89 એકાઉન્ટમાં માત્ર છ મહિનાના સમયગાળામાં 1455 કરોડના નાણાંકીય વ્યવહારો થયા હતા. જેથી તપાસ કરી રહેલી ઉધના પોલીસની સીટે બૅન્કના કર્મચારીઓની સંડોવણી અંગે તપાસ હાથ ધરી હતી. તેમાં જાણવા મળ્યું હતું કે, બૅન્કના એરિયા હેડ અમીત કુમાર ગુપ્તા, ઓપરેશન હેડ અરુણ ઘોઘારી અને વેસુ, સહારા દરવાજા અને વરાછા બ્રાન્ચના કેટલાક કર્મચારીઓએ પૈસા લઈ રેકેટ ચલાવનારાઓન સાથ આપ્યો હતો. પોલીસે આજરોજ આરબીએલ બૅન્કના એરિયા હેડ, ઓપરેશન હેડ, મહિલા કર્મચારી સહિત કુલ આઠ કર્મચારીની ધરપકડ કરી હતી.

# પેટલાદ કોર્ટનો ચુકાદો, સોજીત્રાની સગીરા પર બળાત્કાર કેસમાં યુવકને 20 વર્ષની કેદ

આણંદ : સોજીત્રા તાલુકાની સગીરા પર બળાત્કાર કેસમાં યુવકને ૨૦ વર્ષની કેદ અને ૩૫ લાખનો દંડ પેટલાદ કોર્ટે ફટકાર્યો છે. સોજીત્રા તાલુકાની ૧૪ વર્ષ ૭ મહિના અને ૧૪ દિવસની સગીરાને લલચાવી, ફોસલાવી વાલીપણામાંથી અપહરણ કરી દેવાતજ ગામનો અજયભાઈ શીવાભાઈ ઉર્ફે રમેશભાઈ વાઘેલા (તળપદા) યુવક લઈ ગયો હતો. બાદમાં યુવકે સગીરા પર વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગેનો કેસ સ્પે. પોક્સો કોર્ટ પેટલાદમાં ચાલી જતા આરોપી અજયભાઈ શીવાભાઈ ઉર્ફે રમેશભાઈ વાઘેલા (તળપદા)ને ૨૦ વર્ષની કેદની સજા ફટકારવાનો હુકમ કર્યો છે. આરોપીને વિવિધ કલમો હેઠલ ૩૫ હજારનો દંડ પણ ફટકાર્યો છે. ભોગ બનનાર પીડિતાને ૫૦ હજાર વળતર પેટે ચૂકવવા પણ આદેશ કર્યો છે.

# વડોદરામાં બિલ્ડીંગના સાતમા માળેથી નીચે ઝંપલાવી વિદ્યાર્થીનીનો રહસ્યમય આપઘાત

વડોદરા : વડોદરાના લક્ષ્મીપુરા વિસ્તારમાં આવેલી સહયોગ સ્પેસ કોમ્પ્લેક્સ નામની કોમર્શિયલ બિલ્ડીગના સાતમા માળેથી મધરાતે નીચે ઝંપલાવીને એક યુવતીએ આપઘાત કર્યો હતો. સવારના પોલીસ કંટ્રોલ રૂમને મળેલી વર્ધીના આધારે પોલીસ સ્થળ પર પહોંચી ત્યારે બિલ્ડીંગના બેઝમેન્ટના ફ્લોર ઉપરથી યુવતીની લાશ લોહીલુહાણ હાલતમાં મળી હતી. આ અંગે પોલીસે જણાવ્યું હતું કે બિલ્ડીંગના સીસીટીવી ફૂટેજ જોતા તે નીચેથી સાતમા માળ સુધી દાદર પર ચડીને એકલી ગઈ હતી. ત્યાર પછી અગાસીમાં જવાનો રસ્તો નહીં હોવાથી તેણે સાતમા માળેથી નીચે ઝંપલાવ્યું હોઈ શકે. પોલીસે કહ્યું હતું કે બિલ્ડીંગમાં સિક્યુરિટી હતી જેના કારણે યુવતી પાછળના ગેટમાંથી અંદર પ્રવેશી હતી. પ્રાથમિક તપાસમાં યુવતી જીએસએફસી યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હોવાનું જાણવા મળ્યું છે તેણે આપઘાત કેમ કર્યો તે અંગે તપાસ ચાલી રહી છે.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટમાં સૌપ્રથમવાર 30 લાખથી વધુ કિંમતના વેચાણ દસ્તાવેજોની IT ખાતા દ્વારા ચકાસણી

**રાજકોટ**

ગુજરાતમાં આવકવેરા વિભાગે પ્રથમ વખત 30 લાખથી વધુ કિંમતના વેચાણ દસ્તાવેજોની ચકાસણી શરૂ કરી છે. આ ઐતિહાસિક કાર્યવાહીનો પ્રારંભ રાજકોટથી કરવામાં આવ્યો હતો. જેનાથી રાજ્યભરના સરકારી અધિકારીઓ અને બિલ્ડર લોબીમાં ખળભળાટ મચી ગયો હતો. મળતી વિગત પ્રમાણે, બુધવારે સાંજે અમદાવાદ અને ગાંધીનગરથી આવેલી આવકવેરા વિભાગના અધિકારીઓની ટીમે રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ ) પર આવેલી ડીએચ કોલેજ મેદાનમાં સ્થિત સબ-રજિસ્ટ્રાર કચેરી ઝોન 5 ખાતે ધામા નાખ્યા હતા. આ સર્વે કામગીરી મોડી રાત્રિ સુધી ચાલશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સાંજથી શરૂ થયેલ આ સર્વે કામગીરી અંતર્ગત રાજકોટ ઝોન 5 માં વર્ષ 2024-25 દરમિયાન થયેલા વેચાણ દસ્તાવેજોની ઊંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવી રહી છે. પ્રોપર્ટી અંગે પૂરતી વિગતો દર્શાવતો રિપોર્ટ ન કરવામાં આવતો હોવાની ફરિયાદો મળ્યા બાદ આવકવેરા વિભાગના આઈએનસીઆઈ દ્વારા આ સર્વ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

સરકાર પ્રોપર્ટી વ્યવહારોમાં પારદર્શિતા લાવવા અને ટેક્સ ચોરીને રોકવા માટે કડક પગલાં ભરી રહી હોવાનું આના પરથી સાબિત થાય છે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત માટે આ એક મોટા સમાચાર છે, કારણ કે આ પ્રકારની કામગીરી રાજ્યમાં પ્રથમ વખત થઈ રહી છે. આગામી દિવસોમાં અન્ય ઝોનલ કચેરીઓમાં પણ આ જ રીતે તપાસ થવાની પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે, જેનાથી રિયલ એસ્ટેટ સેક્ટરમાં મોટી અસર જોવા મળી શકે છે.

# જામનગરમાં રમતા-રમતા પાણી ભરેલા ખાડામાં પડી જતાં ત્રણ બાળકો ડૂબ્યા

## એક જ પરિવારના ત્રણ બાળકોના મોતથી પરિવારમાં શોક

**જામનગર**

ગુજરાતના અનેક વિસ્તારોમાં સારો એવો વરસાદ ખાબક્યો છે, ત્યારે નદી-નાળા છલકાયા છે, ત્યારે જામનગરના ધ્રોલમાં 3 બાળકો રમત-રમતમાં પાણી ભરેલા ઊંડા ખાડામાં પડી ગયા હોવાની ઘટના સામે આવી છે. ખાડામાં ડૂબવાથી બાળકોના મોત નીપજ્યા હતા.

મળતી માહિતી મુજબ, જામનગરના ધ્રોલ તાલુકાના વાંકીયા ગામ ખાતે ખેત મજૂરની 2 દીકરી અને 1 દીકરો રમતા-રમતા પાણીના ખાડામાં પડી જવાથી ડૂબ્યા હતા. આ દુર્ઘટનામાં ત્રણેય બાળકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. મૃતક બાળકોના મૃતદેહને ધ્રોલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

એક જ પરિવારના ત્રણ બાળકોના મોતથી પરિવારમાં શોકમાં ગરકાવ થયો. મૃતકમાં વિશાલ, ટીનુબહેન અને શકીના નામ હોવાનું સામે આવ્યું છે. ત્રણેય બાળકો ઘરની નજીક રમી રહ્યા હતા. આ દરમિયાન પાણીના ખાડામાં પડી જતાં દુર્ઘટના સર્જાઈ હતી.

# જામનગરથી ડબલ સવારી બાઇક પર જતાં મિત્રોનો એક્સિડન્ટ, એકનું મોત

**જામનગર**

જામનગરમાં સુભાષપરા વિસ્તારમાં રહેતો અને એક કટલેરીની દુકાનમાં કામ કરતો પાર્થ અશોકભાઈ લખીયાર નામનો 22 વર્ષનો યુવાન તેની સાથે જ કામ કરતાં તેના મિત્ર દિપેશની સાથે શ્રાવણ માસના પ્રથમ સોમવારને અનુલક્ષીને જામનગરથી ભોળેશ્વર બાઈકમાં જઈ રહ્યો હતો. જેમાં દીપેશ બાઇક ચલાવતો હતો અને પાર્થ બાઈકમાં પાછળ બેઠો હતો.

રવિવારની મોડી રાત્રે બંને યુવાનો બાઇક લઈને લાલપુર રોડ પર હરીપર ગામ નજીક પહોંચ્યા હતા, જે દરમિયાન સામેથી પુરપાટ ઝડપે આવી રહેલા જી.જે. 10 ડબ્લ્યુ 4057 નંબરના રીક્ષા છકડાના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો, અને બાઈકની સીટમાં પાછળ બેઠેલા પાર્થ અશોકભાઈ લખિયારનું ગંભીર ઈજા થવાના કારણે મૃત્યુ નીપજ્યું છે. જ્યારે તેના મિત્ર દિપેશને ઈજા થઈ હોવાથી સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયો છે. પાર્થના કુટુંબી ભાઈ ધીરેન હરિભાઈ નંદાએ લાલપુર પોલીસ મથકમાં રીક્ષાછકડાના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

# કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા ગુમ થયેલ છે, ત્રંબામાં બેનર લાગતા ભાજપ ટેન્શનમાં!

## બ્રિજનું કામ ન થતા નારાજ લોકોનો અનોખી રીતે વિરોધ, શોધી આપનારને ઈનામ અપાશે

**રાજકોટ**

ત્રંબામાં ઐતિહાસિક ત્રિવેણી સંગમ એક ઐતિહાસિક સ્થળ છે અને તેનો વિકાસ કરવાની વાતો અનેકવાર થઈ છે પરંતુ, ત્યાં આવેલો બેઠો પૂલ જર્જરિત થઈ ગયો છે જે અંગે આ ધારાસભ્ય સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતાં અને તાજેતરમાં અનેક બ્રિજના રિપેરિંગની ઝુંબેશો છતાં કામ નહીં થતા લોકોએ મદિરમાં દર્શન કરવા જવાનું પણ જોખમી બન્યું છે. આવા પ્રશ્નોને લઈને લોકોએ રોષપૂર્વક ભાનુબેન બાબરીયા ગૂમ થયેલ છે અને શોધી આપનારને ઈનામ એવા કટાક્ષ સાથે રોષ વ્યક્ત કર્યો હતો.

ભાનુબેનને મંત્રી હોવાની સાથે વોર્ડ નં.1ના કોર્પોરેટર છે અને આ વોર્ડમાં ભંગાર રસ્તા,ગંદકી સહિત અનેક પ્રશ્નો છાશવારે લોકો ઉઠાવતા રહ્યા છે પરંતુ, કોર્પોરેટર તરીકે આ મંત્રી મનપામાં બોર્ડમાં માત્ર ગેરલાયક ન ઠરે એટલા પૂરતી ત્રણ સામાન્ય સભા પૈકી એકમાં હાજર રહે છે અને બાકીની સભામાં તો મોટાભાગે રજા રિપોર્ટ પણ મુકતા નથી તેમજ મનપામાં લોકોના પ્રશ્નો ઉકેલવા માટે ઉઠાવતા નથી અને લોકોના પ્રશ્નો હલ કરવા કાર્યાલય નહીં ખોલ્યાની પણ લાંબા સમયથી ફરિયાદો થતી રહે છે. આમ, રાજકોટને સરકારની કેબિનેટમાં સ્થાન તો મળ્યું પણ લાભ શુ મળ્યો તે સવાલો થવા લાગ્યા છે.

# ગુજરાતના ખેડૂતો મગફળી તરફ, વાવેતર 20 લાખ હેક્ટરને પાર, 80 ટકા વાવણી સૌરાષ્ટ્રમાં

## નોર્મલ કરતા અત્યાર સુધીમાં જ 2.39 લાખનું વધુ વાવેતર, સિંગતેલના ભાવ ઘટશે

**રાજકોટ**

મગફળીના ટેકાના ભાવ ચાલુ વર્ષે ઈ.સ. 2025-26માં પ્રતિ ક્વિન્ટલ રૂા. 6783 થી વધારીને રૂા. 7263 એટલે કે પ્રતિ મણ રૂા. 1452.60 કરાયા છે અને બજારમાં રૂા. ૯૦૦થી 1200 વચ્ચેના ભાવ લાંબા સમયથી સ્થિર છે ત્યારે ગુજરાતના ખેડૂતો મૌસમી સ્થિતિ ધ્યાને લઈને મગફળી તરફ વળ્યા છે.ગત ત્રણ વર્ષથી સીઝનનું કૂલ વાવેતર 17.51લાખ હે.સામે આ વર્ષે હજુ અર્ધી સીઝનમાં જ આજ સુધીમાં વિક્રમજનક વાવેતર 20.11 લાખ હેક્ટરે પહોંચ્યું છે.



ઈ.સ. 2024-25 માં 19.68 લાખ હે.માં રાજ્યમાં રેકોર્ડબ્રેક ૫૨ લાખ ટન મગફળીનો પાક ઉપજ્યો હતો ત્યારે આ વર્ષે જો 2650ની ઉપજ જળવાઈ રહે તો નવો વિક્રમ સ્થપાશે અને સાનુકૂળ હવામાન રહે તો ઉત્પાદન 55 લાખ ટને પહોંચવાની શક્યતા છે. આ વર્ષે પણ ગુજરાતમાં 80 ટકા મગફળીનું ઉત્પાદન સૌરાષ્ટ્રમાં થશે. જેના પગલે સિંગતેલના ભાવ પણ ઘટી શકે. જ્યાં 11 જિલ્લામાં 16.04 લાખ હેક્ટર વાવેતર થયું છે. બીજા નંબરે ઉત્તર ગુજરાતમાં 3.16 લાખ, કચ્છમાં 80,300 હેક્ટરનું વાવેતર થયું છે.

# મહુવામાં વાડીના ઈલે. કરંટથી બે ભાઈના મોત મામલે શખ્સને 7 વર્ષની સખત કેદ

## ખેતરના શેઢે થાંભલા પર ઈલેક્ટ્રીક શોક ગોઠવ્યો હતો

**મહુવા**

મહુવા તાલુકાના ઉગલવાણ જવાના રોડ પર આવેલી વાડીના શેઢે મુકવામાં આવેલા ઈલેક્ટ્રીક કરંટથી બે સગાભાઈના મોત થયાની ઘટનામાં કોર્ટે ખેતરના માલિકને સાત વર્ષ સખત કેદની સજા ફટકારી છે.

મહુવાના મોટા ખુંટવડા ગામે વળિયા ભવન ચોક વિસ્તારમાં રહેતો રાજા દુલાભાઈ હડિયા (ઉ.વ.આ.૫૩) એ તેની વાડીમાં કેળના પાક ફરતેના શેઢે થાંભલા ઉભા કરી લોખંડના તાર બાંધી ગેરકાયદે ઈલેક્ટ્રીક શોક મુક્યો હતો. દરમિયાનમાં ગત તા.૧-૯-૨૦૨૦ના રોજ સાંજના સમયે વાડીના શેઢેથી પસાર થઈ રહેલા પરેશનભાઈ નાગજીભાઈ માલણકિયા (ઉ.વ.૩૭) અને નીતિનભાઈ નાગજીભાઈ માલણકિયા (ઉ.વ.૨૬)ને ઈલેક્ટ્રીક કરંટ લાગતા બન્ને ભાઈના મૃત્યુ થયા હતા. આ બનાવ અંગે મૃતકના કાકા વલ્લભભાઈ બાલુભાઈ માલણકિયાએ નોંધાવેલી ફરિયાદના આધારે મોટા ખુંટવડા પોલીસે વાડીમાલિક રાજા હડિયા સામે આઈપીસી ૩૦૪ હેઠળ ફરિયાદ નોંધી તેની ધરપકડ કરી હતી.

# કચ્છના મુન્દ્રામાં હૃદયદ્રાવક ઘટના, ભગવાનના દર્શન કરતાં વૃદ્ધ પર ક્રેન ફરી વળતાં મોત

**જામનગર**

મુન્દ્રાના જુના બંદર રોડ પર દાદાવાડી સામે બુધવારે સાંજે રોકડીયા હનુમાનજીના મંદિરે દર્શન કરી રહેલા આધેડને ક્રેન ચાલકે અડફેટે લેતાં ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું. પોલીસે વાહન ચાલકની અટકાયત કરીને ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી હતી.

બુધવારે સાંજે પાંચથી સાડા પાંચ વાગ્યાની આસપાસ અકસ્માત સર્જાયો હતો. મુન્દ્રાના ખારવા ચોકમાં રહેતા 55 વર્ષીય ઉમેદભાઈ જલેન્દ્રભાઈ ઝાલા રોકડીયા હનુમાનજીના મંદિરે દર્શન કરી રહ્યા હતા. ત્યારે ક્રેન ચાલકે અડફેટે લેતાં ઉમેદભાઈ રોડ પર પટકાયા હતા અને ક્રેન નીચે આવી જતાં ગંભીર ઈજા પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજયું હતું.

# હડમતીયા ગામે દિવાલ વિવાદમાં AAP-BJP કાર્યકરો આમને સામને

**જૂનાગઢ**

ગોપાલ ઇટાલિયાએ હડમતીયા ગામે એક બહેનના ઘરની આગળ બનેલી બેલાની દીવાલ હટાવી હતી. ઇટાલિયાનો આરોપ છે કે ભાજપના માણસોએ આ દીવાલ બનાવી છે અને તેઓ ગામડામાં ગરીબ માણસો હારે આટલી હદે અન્યાય કરી રહ્યા છે. ઇટાલિયાએ જણાવ્યું કે આ ગેટ આઠ વર્ષથી બંધ કરી દેવામાં આવ્યો છે અને આ મામલે કોર્ટમાં આઠ વર્ષથી કેસ ચાલી રહ્યો હોવા છતાં નિર્ણય ના લીધો. તેમણે મામલતદાર સહિતના અધિકારીઓ પર ભાજપથી ડરવાનો આરોપ લગાવ્યો હતો. ગોપાલ ઇટાલિયાએ પડકાર ફેંક્યો કે જો કોઈને તેઓ પાછા આવશે અને એ દીવાલની જેસીબીનો એક ટલ્લો મારી દેશે. તેમણે વધુમાં કહ્યું કે જે ભાજપવાળા મને ફાંસીએ ચડાવી દે હું જોવ છું કોણ મને કઈ ફાંસીએ ચડાવે છે. ઇટાલિયા દ્વારા દીવાલ હટાવવામાં આવ્યા બાદ ગામના સરપંચ સહિતના આગેવાનો અને ગ્રામજનો દ્વારા ફરીથી બેલાની દીવાલ ખડકી દેવામાં આવી હતી. ભેસાણ તાલુકા ભાજપના ઉપ પ્રમુખે ગોપાલ ઇટાલિયા પર ગંભીર આરોપ લગાવતા કહ્યું ઇટાલિયા ગામમાં અશાંતિ ફેલાવે છે. ગામના સરપંચ અને આગેવાનોએ સ્પષ્ટતા કરી કે આ મામલો છેલ્લા આઠ વર્ષથી કોર્ટમાં ચાલી રહ્યો છે.

# ગાયિકા મીરા આહિરના ભાઈને ઈમરજન્સીમાં દાખલ ન કરાતા રાજકોટ સિવિલમાં હોબાળો

**રાજકોટ**

ગુજરાતી ગાયિકા મીરા આહિરના ભાઈને ઈમરજન્સીમાં 50 મિનિટ સુધી દાખલ કરવામાં આવ્યો નહોતો. ફાઈલ છુટ્ટો ઘા કર્યો હોવાનો ચોંકાવનારો આરોપ કર્યો છે. મીરા આહિરે સમગ્ર ઘટનાને લઈને અને તંત્ર પાસે જવાબ માગતા બનાવેલા વીડિયોમાં જણાવ્યું છે કે, તેઓ તેમના ભાઈને સારવાર અર્થે રાજકોટ સિવિલ હૉસ્પિટલ લઈ ગયા હતા. ઈમરજન્સી વિભાગમાં 45થી 50 મિનિટ સુધી રાહ જોયા છતાં કોઈ પણ સ્ટાફ દ્વારા તેમના ભાઈનો કેસ લખવામાં આવ્યો નહોતો. આટલું જ નહીં, મીરા આહિરે ઈમરજન્સી વિભાગમાં ફરજ પર હાજર ડૉક્ટર અને સ્ટાફ પર ગેરવર્તન કરવાનો અને અભદ્ર ભાષાના ઉપયોગનો પણ ગંભીર આક્ષેપ કર્યો છે.

સ્વદેશ
09
FRIDAY, 01 AUGUST, 2025



## દીપિકાનો વિશ્વની સૌથી પ્રભાવશાળી 90 મહિલાઓમાં સમાવેશ

મુંબઇ : દીપિકા પદુકોણે વિશ્વભરમાં પ્રભાવ સર્જનારી ૯૦ મહિલાઓની યાદીમાં સ્થાન મેળવ્યું છે. આ યાદીમાં સેલેના ગોમેઝ, એન્જલિના જોલી સહિતની અભિનેત્રીઓ સામેલ છે.'ધી શિફ્ટ' દ્વારા એક્ટિવિઝિમ, રચનાત્મકતા, લીડરશીપ અને કલ્ચરલ ઈમ્પેકટની રીતે પ્રભાવ સર્જનારી મહિલાઓની આ યાદી તૈયાર કરી છે. દીપિકાએ પોતે સોશિયલ મીડિયા પર આ લિસ્ટમાં પોતાના સમાવેશની વાત શેર કરી હતી.

## નસીરુદ્દિન શાહનો જે આરડી ટાટા તરીકેનો લૂક વાયરલ



મુંબઇ : નસીરુદ્દિન શાહ ઉદ્યોગપતિ જેઆરડી ટાટાની બાયોપિકમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે. આ સીરિઝ આવતાં વર્ષે ઓટીટી પર રીલિઝ થશે. જેઆરડી ટાટાના જન્મદિને આ સીરિઝમાં નસીરુદ્દિન શાહનો લૂક રીલિઝ કરવામાં આવ્યો હતો. નેટયૂઝર્સ દ્વારા તેના લૂકની પ્રશંસા કરાઈ હતી. સીરિઝમાં જિમ સર્ભ સહિતના કલાકારો પણ ભૂમિકા ભજવી રહ્યા છે. રોબી ગ્રેવાલ આ સીરિઝનું દિગ્દર્શન કરી રહ્યા છે જ્યારે કરણ વ્યાસે તેની સ્ક્રિપ્ટ લખી છે.

## આમિર ખાનની ફિલ્મ 'સિતારે જમીન પર' યુ ટ્યૂબ પર રિલીઝ થશે



બોલિવૂડના સુપરસ્ટાર આમિર ખાનની હાલમાં જ રિલીઝ થયેલી ફિલ્મ 'સિતારે જમીન પર'એ થિએટરમાં તો ધમાલ મચાવી છે, હવે ચાહકો આ ફિલ્મને OTT પર રિલીઝ થવાની રાહ જોઈ રહ્યા છે. જણાવી દઈએ કે આમિરે આ ફિલ્મને સિનેમાઘરોમાં રિલીઝ થયા બાદ તરત OTT પર રિલીઝ કરવાનો નિર્ણય લીધો હતો. પરંતુ હવે આ ફિલ્મ Youtube પર રિલીઝ થશે. જેથી આ ફિલ્મ વિશ્વના દરેક ખૂણે સરળ રીતે પહોંચી શકે. આમિર ખાનની 'સિતારે જમીન પર'ને 2007ની ક્લાસિક 'તારે જમીન પર'ની સ્પિરિચ્યુઅલ સક્સેસ માનવામાં આવે છે. ફિલ્મે લોકોના દિલ જીત્યા છે. અત્યાર સુધીમાં ફિલ્મે વિશ્વભરમાં 250 કરોડથી વધુની કમાણી કરી ચૂકી છે.

# મારી સુંદરતાનું રહસ્ય કોઈ સર્જરી નથી : ભૂમિ પેડનેકર



બોલિવૂડમાં બોટોક્સ ફિ સર્જરી અંગે ઘણીવાર ચર્ચા થતી હોય છે. ઘણી વાર આ સર્જરીને લઈને ઈન્ડસ્ટ્રીના મોટા સ્ટાર્સ પણ ટ્રોલ થયા છે. સોશિયલ મીડિયા પર ઘણાં યુઝર્સ જાણીતી એક્ટ્રેસ ભૂમિ પેડનેકર પર બોટોક્સ સર્જરી કરાવવાનો આરોપ મૂકી રહ્યા છે. તાજેતરમાં જ 'ધ રોયલ્સ સીરિઝમાં તેના દેખાવ અંગે ચર્ચા થઈ હતી. યુઝર્સે બોટોક્સ અને ફિલર્સ માટે ભૂમિને ટ્રોલ કરી હતી. જો કે ભૂમિ પોતે હંમેશા આવી અટકળોને નકારી કાઢતી આવી છે. હવે તાજેતરમાં તેણે કોસ્મેટિક સર્જરી વિશે ખુલીને વાત કરી છે.

તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં ભૂમિ પેડનેકરે ટ્રોલર્સને જવાબ આપ્યો હતો. તેણે કહ્યું હતું , 'દરેક વ્યક્તિની પોતાની પસંદગી હોય છે. આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યાં લોકોએ પોતાની પસંદગી હોવી જોઈએ. હું એવી વ્યક્તિ નથી જે લોકોની પસંદગી પર અભિપ્રાય આપે.'

આ દરમિયાન ભૂમિએ ડાયટ વિશે પણ વાત કરી. તેણે કહ્યું કે, 'મારા આહારમાં નિયમિત એક વસ્તુ સામેલ છે અને તે છે ઘી. હું મારા ખોરાકમાં ઘી વધારે લઉ છું. બસ ફરક એટલો છે કે હું ઘીમાં ભોજન નથી બનાવતી. હું ઘી ખોરાક પર ખાઉ છું, જે સ્વાસ્થ્ય માટે ખૂબ લાભદાયક છે.' અગાઉ ભૂમિએ સ્કિનકેર સંબંધિત ટિપ્સ પણ શેર કરી હતી. એક્ટ્રેસે જણાવ્યું કે તે ક્લિન્ઝિંગ, ટોનિંગ અને મોઈશ્ચરાઈઝિંગ (સીટીએમ ફોર્મુલા) પર વિશ્વાસ રાખે છે. જો તે તેના શેડ્યૂલમાં ખૂબ જ વ્યસ્ત હોય, તો પણ તે આ ટ્રીટમેન્ટને ક્યારેય ટાળતી નથી. આ ઉપરાંત પૂરતી માત્રામાં પાણી પીવું અને પૂરતી ઊંઘ લેવી તે તેની સુંદરતાનું રહસ્ય છે.


# '30 વર્ષથી ચૂપ રહી અને અવાજ ન ઉઠાવી શકી...'



એક્ટ્રેસ તૃપ્તિ ડિમરી તેની આવનારી ફિલ્મ 'ધડક 2'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. તેની ફિલ્મ રિલીઝ માટે તૈયાર છે. ફિલ્મમાં તે 'વિધિ'નું પાત્ર ભજવી રહી છે, જે પ્રેમને મેળવવા જાતિવાદનો સામનો કરે છે. તેણે જણાવ્યું કે, આ પાત્રની તેના પર ઊંડી અસર થઈ હતી. તે ઈચ્છે છે કે તે રિયલ લાઈફમાં પણ વિધિ જેવી બની શકે. તૃપ્તિએ જણાવ્યું કે તે રિયલ લાઈફમાં ઈન્ટ્રોવર્ટ છે. બધા સાથે તે ખુલ્લેઆમ પોતાની ફીલિંગ્સ એક્સપ્રેસ કરી શકતી નથી. દરેક વાતને પોતાના મનમાં દબાવી રાખે છે. એક્ટ્રેસે ઘણી વસ્તુઓ જોઈ અને સહન કરી છે, પરંતુ ક્યારેય તેનો વિરોધ કર્યો નથી. તૃપ્તિએ 'ધડક 2' ફિલ્મમાં તેના પાત્રનું ઉદાહરણ આપી જણાવ્યું કે, 'જેમ વિધિ સાચું બોલવામાં ક્યારેય નથી ડરી. તેનાથી મને ખૂબ શીખવા મળ્યું છે. કારણ કે તે મને મજબૂત બનાવે છે. હું પોતે ઈન્ટ્રોવર્ટ છું. મેં ઘણી બાબતો સહન કરી છે અને જોઈ છે. પણ મેં ક્યારેય તેના માટે અવાજ નથી ઉઠાવ્યો. મેં મારા જીવનના 30 વર્ષમાં ઘણી વાતો મનમાં દબાવી સહન કરી છે.' તૃપ્તિએ આગળ જણાવ્યું કે, 'મારી હિંમત નહોતી કે, જાહેર માધ્યમથી લોકોને હું કંઈક કહી શકું. મેં શાજિયા (ફિલ્મના ડિરેક્ટર)ને જણાવ્યું કે હું વિધિ જેવી બનવા ઈચ્છું છું. આ ફિલ્મના અંત સુધી મને વિના ડરે બોલવાની હિંમત આવી જવી જોઈએ, ભલે કોઈ પણ પરિણામ હોય. હવે હું સાચી વાત માટે અવાજ ઉઠાવું છું. આ ફિલ્મે મને મારી જાતને વધુ બિન્દાસ રાખવામાં મદદ કરી છે.' શાજિયા ઈકબાલના દિગ્દર્શન હેઠળ બનેલી 'ધડક 2' 1 ઓગસ્ટે રિલીઝ થવાની છે. આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ 'ધડક'ની સ્પિરિચ્યુઅલ સીક્વલ માનવામાં આવે છે અને તમિલ ફિલ્મ 'પરિયેરુમ પેરુમાલ'ની રીમેક માનવામાં આવી છે. તે સિવાય તૃપ્તિ પાસે અન્ય ઘણા રસપ્રદ પ્રોજેક્ટ્સ પણ છે, જેમાં વિશાલ ભારદ્વાજનીની ફિલ્મ શાહિદ કપૂર સાથે અને સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'સ્પિરિટ' પ્રભાસના અપોઝિટમાં સામેલ છે.

# 'સૈયારા'એ ઇતિહાસ સર્જ્યો, ગ્લોબલી ૪૦૦ કરોડની કમાણી

મુંબઈ : મોહિત સુરીની રોમેન્ટિક ફિલ્મ 'સૈયારા'એ ગ્લોબલ બોક્સ ઓફિસ પર ઈતિહાસ સર્જ્યો છે. આ ફિલ્મે ૧૧ દિવસની અંદર ગ્લોબલી ૪૦૦ કરોડની કમાણી કરી લીધી છે. તેનાથી તે ઈન્ડિયન સિનેમાના ઈતિહાસની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. અહાન પાંડે અને અનીત પડ્ડાની આ ફિલ્મે શાહિદ કપૂરની 'કબીર સિંઘ'ને પણ પાછળ છોડી દીધી છે, જેણે ૩૭૯ કરોડની કમાણી કરી હતી, ત્યાર પછી આમિરની 'સિતારેં ઝમીન પર'એ પણ ગ્લોબલી ૩૬૪ કરોડની કમાણી કરી છે. 'સૈયારા'ની ટીમે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં લખાયું હતું કે, 'વર્લ્ડ વાઈડ કુલ ૪૦૪ કરોડની કમાણી કરનારી ભારતીય સિનેમાના ઈતિહાસમાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ.'આ



આંકડાઓની ગણતરી કરવામાં આવે તો ભારતમાં આ ફિલ્મે ૩૧૮ કરોડની કમાણી કરી, તેમાંથી ૨૬૦૩૨૫ કરોડ માત્ર બોક્સ ઓફિસ પરથી મળ્યાં છે. તેમજ વિદેશમાંથી ૮૬ કરોડ એટલે કે ૧૦.૦૧ મિલિયનની કમાણી કરી છે. 'સૈયારા'ને ભારતમાં અદભુત પ્રતિસાદ મળી રહ્યો છે, ફિલ્મે શરૂઆત જ મજબુત કરી હતી અને આગળ પણ તેણે સારું પ્રદર્શન કર્યું છે. બીજાં અઠવાડિયા દરમિયાન અને બીજા વીકેન્ડમાં પણ ફિલ્મ સારી ચાલી છે. ૧૨મા દિવસ પછી બોક્સ ઓફિસ પર ૨૬૬ કરોડની કમાણી કરી લીધી છે. આ ફિલ્મે મોહિત સુરીની આગળની બધી જ ફિલ્મ 'આશિકી ૨', 'મર્ડર૨ ૨', 'હાફ ગર્લફ્રેન્ડ', 'એક વિલન' સહીતની ફિલ્મને પણ પાછળ રાખી દીધી છે. પહેલાં દિવસે જ આ ફિલ્મે ૨૧.૨૫ કરોડની કમાણી કરી લીધી હતી. ચાર દિવસની અંદર જ આ ફિલ્મે ૧૦૦ કરોડનું લક્ષ્ય પાર કરી લીધું હતું.







Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### ધાર્યું ન થતાં ટ્રમ્પ હવે ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલથી ખફા

# ફેડરલ રિઝર્વ સાથે ટ્રમ્પના ટકરાવથી આર્થિક કટોકટી સંભવ

જગતજમાદાર અમેરિકામાં રાષ્ટ્રપતિ અને બીજું ફેડરલ રિઝર્વના ચેરમેન પાવરફુલ હોદ્દાઓ છે. ફેડરલ રિઝર્વ પાસે ડૉલર છાપવાની સત્તા હોવાથી તે અમેરિકાના રાષ્ટ્રપતિ કરતાં પણ વધુ તાકાત ધરાવે છે. ડૉલરનો ઉપયોગ વિશ્વના અનેક દેશો રિઝર્વ કરન્સી તરીકે પણ કરી રહ્યા છે. આવા સંજોગોમાં વ્યાજના દરોમાં ફેરફાર કરવાથી તેના વ્યાપક અસર થઈ શકે છે. વ્યાજના દરમાં વધારા કે ઘટાડા દ્વારા ફેડરલ રિઝર્વ ચેરમેન અમેરિકાના અર્થતંત્ર ઉપર પણ કાબૂ ધરાવે છે. જો ફેડરલ રિઝર્વ વ્યાજના દરોમાં ઘટાડો કરે તો લોન સસ્તી બને છે, બજારમાં નાણાંનો પ્રવાહ વધે છે, તેજી આવે છે, પણ ફુગાવો વધે છે. જો ફેડરલ રિઝર્વ વ્યાજના દરમાં વધારો કરે તો બજારમાં નાણાંનો પ્રવાહ મંદ થઈ જાય છે, મંદી આવે છે, ફુગાવો ઘટે છે. ઉપરાંત સરકારના ખર્ચમાં પણ વધારો થાય છે.

હકીકતમાં અમેરિકામાં ફેડરલ રિઝર્વ એક સ્વાયત્ત સંસ્થા છે. પણ તેના ચેરમેનની નિમણુક અમેરિકાના રાષ્ટ્રપતિ ચાર વર્ષ માટે કરતા હોય છે. આ ચાર વર્ષ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ પણ કોઈ ખાસ કારણ વગર ફેડરલ રિઝર્વના ચેરમેનને બરતરફ કરી શકતા નથી કે રાજીનામું આપવાની ફરજ પાડી શકતા નથી. ફેડરલ રિઝર્વના વર્તમાન ચેરમેન જેરોમ પોવેલની નિમણુક પહેલી વખત ડોનાલ્ડ ટ્રમ્પે જ કરી હતી. હાલમાં તેમના હોદ્દાની લગભગ એક વર્ષની મુદત બાકી છે, ત્યારે વ્યાજદરમાં ઘટાડા બાબતમાં તેમની અને ટ્રમ્પ વચ્ચે ગજગ્રાહ ચાલી રહ્યો છે.

ટ્રમ્પનો આગ્રહ છે કે, ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં બેથી ત્રણ ટકાનો ઘટાડો કરવો જોઈએ, જેથી બજારમાં તેજી આવે અને અમેરિકી સરકારના વ્યાજના ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થાય. જ્યારે ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલ વ્યાજદરમાં ઘટાડો કરવા માંગતા નથી. કારણ કે, તેમનું માનવું છે કે વ્યાજદરમાં ઘટાડો કરવાથી ફુગાવો વધશે. વળી, અત્યારે અમેરિકામાં એવી કોઈ મંદી નથી કે, વ્યાજદરમાં ઘટાડો કરવો પડે. જેરોમ પોવેલના આ વલણથી ડોનાલ્ડ ટ્રમ્પ અકળાયા છે. જેરોમ પોવેલ સ્વાયત્ત સંસ્થાના સ્વાયત્ત ચેરમેન છે. એટલે ટ્રમ્પ જો પુરવાર કરી શકે કે જેરોમ પોવેલે કોઈ ગેરરીતિ આચરી છે, તો જ તેઓ તેને બરતરફ કરી શકે છે. પણ જો તેવું કરે તો માત્ર અમેરિકાના જ નહીં, પણ દુનિયાભરના બજારોમાં તોફાન આવી શકે છે.



ધાર્યુ ન થતાં ટ્રમ્પે યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલ પર પોતાના હુમલા વધુ તીવ્ર બનાવ્યા છે. મીડિયા સમક્ષ તો ટ્રમ્પે પોવેલ મૂર્ખ છે, તેમણે વ્યાજ દર ખૂબ ઊંચા રાખ્યા છે, પરંતુ આઠ મહિનામાં તેમને તેમના પદ પરથી દૂર કરવામાં આવશે તેવા નિવેદન પણ આપ્યા છે. ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયર સાથે વ્હાઈટ હાઉસમાં મુલાકાત દરમિયાન તેમણે કહ્યું કે, સેન્ટ્રલ બેંકના ચેરમેન તરીકે પોવેલનો કાર્યકાળ ૧૫ મે, ૨૦૨૬ સુધી છે. જોકે, પોવેલ વારંવાર કહી ચૂક્યા છે કે, તેઓ સમય પહેલાં પોતાનું પદ નહીં છોડે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

૧૯૧૩ના ફેડરલ રિઝર્વ એક્ટ મુજબ ફેડ ગવર્નરોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે અને સેનેટની સલાહ અને સંમતિથી ચાર વર્ષના કાર્યકાળ માટે ચૂંટાય છે. રાષ્ટ્રપતિ પાસે ફેડ ચેરમેનને દૂર કરવાનો કોઈ કાનૂની અધિકાર નથી. જો કે, તેઓ કોઈ કારણ સાબિત કરીને તેમને દૂર કરવાનો પ્રયાસ કરી શકે છે. જેરોમ પોવેલને પહેલીવાર ૨૦૧૭માં ટ્રમ્પ દ્વારા નોમિનેટ કરવામાં આવ્યા હતા. પછી ૨૦૨૧માં જો બાઈડેનની સરકારે તેમનો કાર્યકાળ બીજા કાર્યકાળ માટે લંબાવ્યો હતો.

ડોનાલ્ડ ટ્રમ્પ વ્યાજ દર તાત્કાલિક લગભગ ૩ ટકા સુધી ઘટાડવા માંગે છે. તેનું પહેલું કારણ એ છે કે તેનાથી તેમની મંજૂરી રેટિંગ વધશે, જ્યારે બીજુ કારણ એવું છે કે, અમેરિકન સરકારનું દેવું વધી રહ્યું છે. તેના ૩૬ અબજ ડૉલરના દેવા પરનું વાર્ષિક વ્યાજ બિલ હવે અમેરિકાના સંરક્ષણ ખર્ચ કરતા પણ વધી ગયું છે. દરોમાં ઘટાડો કરવાથી વ્યાજ બિલમાં નાટ્યાત્મક ઘટાડો થશે. આમ થવાથી નવું વહીવટીતંત્ર અર્થતંત્રનું સફળતાપૂર્વક સંચાલન કરી રહ્યું હોવાનો અહેસાસ લોકોને થશે.

ટ્રમ્પના બિગ બ્યુટીફુલ બિલમાં ધનિકો માટે કરવેરા ઘટાડાયા છે અને ખર્ચમાં વધારો થયો છે. આગામી ૩૦ વર્ષોમાં તે દેવું નાટકીય રીતે દૂર કરશે, તવો ભ્રમ પેદા કરવા તેઓ ઉત્સુક છે. હાલમાં અમેરિકાનું દેવું જીડીપીના લગભગ ૧૨૦ ટકા છે, જે એક દાયકા પહેલાં ગ્રીસ અને યુરોપિયન યુનિયન સાથે દેવા સંકટનું કારણ બન્યું હતું. ટ્રમ્પનાં બિલ સાથે ૨૦૫૪ સુધીમાં અમેરિકાનું દેવું GDPના ૧૭૦ ટકાથી ૧૯૦ ટકા સુધી વધી શકે છે. સૌથી મોટી ચિંતા ફેડરલ રિઝર્વ નાણાંકીય નીતિ માટે જવાબદાર એજન્સી તરીકેની સ્વતંત્રતા જાળવી શકશે કે કેમ તે છે. ફેડરલ રિઝર્વનો વ્યાજદર હાલમાં ૪.૨૫ અને ૪.૫૦ ટકા વચ્ચે છે. ટ્રમ્પ ગણતરી માંડી રહ્યા છે કે, વ્યાજદરમાં એક ટકાનો ઘટાડો થાય તો અમેરિકાની સરકાર પરનું વ્યાજ ભારણ ૩૬૦ અબજ ડૉલર જેટલું ઘટે છે. જો ટ્રમ્પની માગણી મુજબ ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ત્રણ ટકાનો ઘટાડો કરે તો સરકારના વ્યાજ ભારણમાં વાર્ષિક આશરે એક ટ્રિલિયન ડૉલરનો ધરખમ ઘટાડો થઈ શકે છે. પણ ફેડરલ રિઝર્વ ૦.૨૫ ટકાથી વધારે ઘટાડો કરવા તૈયાર નથી.

એટલે ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલ જ કથિત સમસ્યાનું જડ છે તેમ ટ્રમ્પ માનવા માંડ્યા છે. અને તેમને બરતફર કરવા જોઈએ તેવા નિવેદન કરવા માંડ્યા છે. વળી, ફેડરલ રિઝર્વ મુખ્યાલયમાં નવીનીકરણ પ્રોજેક્ટના સંચાલનમાં છેતરપિંડી મામલે પોવેલને સાણસામાં લેવા પણ ટ્રમ્પે વેતરણ ચાલુ કરી દીધી હોવાનું કહવાય છે. ટ્રમ્પે ફેડના ૨.૫ અબજ ડૉલરના નવીનીકરણ પ્રોજેક્ટ પર ટિપ્પણી કરતાં પહેલાં છેલ્લા મહિનાઓમાં ફેડરલ રિઝર્વના વડાની ઘણી વખત ટીકા કરી છે. એક તબક્કે તો તેમણે પોવેલની ટિપ્પણીઓ બદલ તેમને મૂર્ખ તરીકે ઓળખાવ્યા હતા.

હાલતમાં ટ્રમ્પે કહ્યું હતુ કે, નવીનીકરણીય પ્રોજેક્ટનો ખર્ચ તેમની હકાલપટ્ટીનો સંભવિત માર્ગ હોઈ શકે છે. નિષ્ણાતો માને છે કે, જો ટ્રમ્પ વર્તમાન ફેડ ચેરમેન પોવેલને દૂર કરવાનું અભૂતપૂર્વ પગલું ભરે તો તેમણે કાયદેસર રીતે હટાવવાનું કારણ સમજાવવું પડશે અને તેમના આરોપોને સાબિત કરવા માટે પુરાવા રજૂ કરવા પડશે. જે અત્યંત કઠીન કાર્ય છે. કોલંબિયા લો સ્કૂલના એસોસિયેટ પ્રોફેસર લેવ મેનાન્ડે જણાવ્યું હતું કે કેટલાક કાયદાઓમાં ઉલ્લેખ છે કે ફરજમાં બેદરકારીને કારણે અધિકારીને દૂર કરી શકાય છે. ગયા બુધવારે શિકાગોમાં આયોજિત એક કાર્યક્રમમાં જેરોમ પોવેલે કહ્યું હતું કે, ટ્રમ્પે અપેક્ષા કરતાં વધુ ટેરિફ વધાર્યા છે. આનાથી વસ્તુઓના ભાવ વધતા ફુગાવો અને આર્થિક અનિશ્ચિતતા વધી શકે છે. એટલે જ પોતે કડક વલણ અપનાવી વ્યાજ દર ઘટાડવા નિર્ણય કરતા નથી તેવી સ્પષ્ટતા પોવેલે કરી દીધી છે. તેમના મતે ટ્રમ્પની ટેરિફ નીતિનો અર્થતંત્ર પર શું પ્રભાવ પડે છે તે જોવું પડશે. પછી જ અન્ય કોઈ આકરો નિર્ણય લેવો જોઈએ, પણ અહીં તો ડોનાલ્ડ ટ્રમ્પ વ્યાજ દર ઘટાડવા માટે દબાણ કરી રહ્યા છે.

યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલ અને તેમના સાથીઓએ મંગળવારથી શરૂ થયેલી બે દિવસીય બેઠકમાં હાજરી આપી હતી. આ બેઠક એવા સમયે થઈ, જ્યારે અમેરિકા પર રાજકીય દબાણ વધી રહ્યું છે, વેપાર નીતિઓમાં ફેરફારો થઈ રહ્યા છે અને આર્થિક સૂચકાંકોમાં ઊતાર ચઢાવ જોવા મળી રહ્યો છે. એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે એપ્રિલ-જૂનના ક્વાર્ટરમાં અમેરિકાની આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો જોવા મળી શકે છે, હવે ફેડરલ રિઝર્વ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની લડાઈ કેવું સ્વરૂપ ધારણ કરે છે, તેના પર આખી દુનિયાની નજર છે. કારણ કે, અમેરિકામાં લેવાતા નિર્ણયની અશર દુનિયામાં થતી હોય છે.

**ટ્રમ્પનો આગ્રહ છે કે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં બેથી ત્રણ ટકાનો ઘટાડો કરવો જોઈએ, જેથી બજારમાં તેજી આવે અને સરકારના વ્યાજના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થાય. પરંતુ ફેડરલ રિઝર્વના ચેરમેન પોવેલ તેમ કરવા માંગતા નથી. તેમનું માનવું છે કે વ્યાજદરમાં ઘટાડો કરવાથી ફુગાવો વધશે**

# શિવજી ધર્મનું મૂળ ૐ નમઃ શિવાય



ૐ પ્રથમ નામ પરમાત્માનું લઈને પછી `નમન' શિવને કરીએ છીએ. `સત્યમ્, શિવમ્ અને સુંદરમ્' જે સત્ય છે તે બ્રહ્મ છે. બ્રહ્મ એટલે જ પરમાત્મા. જે શિવ છે તે પરમ શુભ અને પવિત્ર આત્મ તત્ત્વ છે અને જે સુંદરમ છે તે જ પરમ પ્રકૃતિ છે અર્થાત્ પરમાત્મા, શિવ અને પાર્વતી સિવાય કંઈ પણ જાણવા યોગ્ય નથી. તેમને જાણવા અને તેમનામાં લીન થઈ જવું તે જ ધર્મનું મૂળ છે.

### શિવનું સ્વરૂપ

શિવ યક્ષના સ્વરૂપને ધારણ કરે છે અને લાંબી લાંબી તથા સુંદર જટાઓ તેમની પાસે છે. જેમના હાથમાં `પિનાક' ધનુષ્ય છે, જે સત્ સ્વરૂપ છે. અર્થાત્ સનાતન છે. તેમનું સ્વરૂપ દિવ્ય ગુણ સંપન્ન, ઉજ્જ્વળ સ્વરૂપ હોવા છતાં પણ દિગંબર છે. જે શિવે નાગરાજ વાસુકિનો હાર પહેર્યો છે, વેદ તેમની બાર રુદ્રોમાં ગણના કરે છે. પુરાણ તેમને શંકર અને મહેશ કહે છે.

### શિવજીનો નિવાસ

તિબેટસ્થિત કૈલાસ પર્વત પર શરૂઆતમાં તેમનું નિવાસસ્થાન હતું. વિજ્ઞાનીઓ-સંશોધકો અનુસાર તિબેટ ધરતીની સૌથી પ્રાચીન ભૂમિ છે અને પુરાતનકાળમાં તેની ચારે બાજુ દરિયો હતો. પછી જ્યારે સમુદ્ર ત્યાંથી દૂર થયો પછી અન્ય ધરતી પ્રગટ થઈ. જ્યાં શિવ બિરાજમાન છે, બરાબર તે જ પર્વતની નીચે પાતાળલોક છે, જે ભગવાન વિષ્ણુનું સ્થાન છે. શિવના આસન ઉપર વાયુમંડળની પાર ક્રમશઃ સ્વર્ગલોક અને પછી બ્રહ્મલોક આવેલો છે તેમ પુરાણોમાં જણાવાયું છે.

### શિવભક્ત

બ્રહ્મા, વિષ્ણુ સહિત બધા જ દેવતાઓ સહિત ભગવાન રામ અને કૃષ્ણ પણ શિવભક્ત છે. હરિવંશ પુરાણ અનુસાર કૈલાસ પર્વત પર ભગવાન કૃષ્ણે શિવજીને પ્રસન્ન કરવા માટે તપસ્યા કરી હતી. ભગવાન શ્રીરામે રામેશ્વરમાં શિવલિંગની સ્થાપના કરીને તેમની પૂજા-અર્ચના કરી હતી.

### શિવપર્વ

મહાશિવરાત્રિ એ હિન્દુઓનો પરમ પવિત્ર તહેવાર છે. આ ભગવાન શિવનું પ્રિય પર્વ છે. ફાગણ વદ ચૌદશના દિવસે આ પર્વની ઉજવણી કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે સૃષ્ટિના પ્રારંભમાં આ જ દિવસે મધ્ય રાત્રિએ ભગવાન શંકરનું રુદ્ર સ્વરૂપે અવતરણ થયું. પ્રલયના સમયે આ જ દિવસે પ્રદોષમાં ભગવાન શિવ તાંડવ કરતાં કરતાં બ્રહ્માંડને પોતાના ત્રીજા નેત્રની જ્વાળાથી સમાપ્ત કરી નાખે છે. આથી તેને શિવરાત્રિ કે કાલરાત્રિ કહેવામાં આવે છે. એવું પણ માનવામાં આવે છે કે આ દિવસે ભગવાન શંકરના વિવાહ થયા હતા. બાર માસમાં શિવજીને શ્રાવણ માસ પ્રિય છે. આખા શ્રાવણ મહિના દરમિયાન શિવજીની પૂજા કરવામાં આવે છે અને વ્રત રાખવામાં આવે છે. વ્રત રાખ્યા બાદ આ પર્વને ભાવભેર ઊજવવામાં આવે છે. જોકે, આ પર્વની ઉજવણીના કેટલાક નિયમ છે.

### શિવપરિવાર

શિવની અર્ધાંગિનીનું નામ પાર્વતી છે. તેમના બે પુત્ર છે - સ્કન્દ અને ગણેશ. સ્કંદને કાર્તિકેયના નામથી પણ ઓળખવામાં આવે છે. સતયુગના રાજા દક્ષની પુત્રી પાર્વતીને સતી પણ કહેવામાં આવે છે. તેમનું નામ પાર્વતી એટલા માટે પડ્યું, કારણ કે તે પર્વતરાજ એટલે કે પર્વતોના રાજાની પુત્રી હતાં. તેઓ રાજકુમારી હતાં, પરંતુ તે શરીરે ભસ્મ લગાવેલ યોગી શિવને પોતાના પતિ બનાવવા ઈચ્છતાં હતાં. શિવને કારણે જ તેમનું નામ શક્તિ થઈ ગયું. પોતાના પિતાની ઈચ્છા વિરુદ્ધ તેમણે હિમાલયના પર્વતીય વિસ્તારમાં રહેવાવાળા યોગી શિવ સાથે વિવાહ કર્યા.

### અમરનાથનાં અમૃતવચન

શિવજીએ પોતાની અર્ધાંગિની પાર્વતીને મોક્ષ માટે અમરનાથની ગુફામાં જે જ્ઞાન આપ્યું એ જ્ઞાનની આજે અનેકાનેક શાખાઓ બની છે. તે જ્ઞાનયોગ અને તંત્રોના મૂળ રૂપમાં સમાયેલ છે. `વિજ્ઞાન ભૈરવ તંત્ર' એક એવો ગ્રંથ છે, જેમાં ભગવાન શિવ દ્વારા પ્રાર્વતીજીને જણાવેલાં 112 ધ્યાનસૂત્રોનું સંકલન છે.

### શિવગ્રંથ

વેદ અને ઉપનિષદ સહિત વિજ્ઞાન ભૈરવ તંત્ર, શિવપુરાણ અને શિવસંહિતામાં શિવજીની સંપૂર્ણ શિક્ષા અને દીક્ષા સમાયેલી છે. તંત્રના અનેક ગ્રંથોમાં તેમની શિક્ષાનો વિસ્તાર થયો છે. મહર્ષિ વેદવ્યાસ દ્વારા લખાયેલું શિવપુરાણ સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. આ ગ્રંથમાં ભગવાન શિવની ભક્તિનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. તેમાં શિવ અવતાર વગેરે વિસ્તારથી લખેલા છે.

### જ્યોતિર્લિંગ

જ્યોતિર્લિંગની ઉત્પત્તિ સાથે સંકળાયેલી અનેક માન્યતાઓ પ્રચલિત છે. જ્યોતિર્લિંગ એટલે વ્યાપક બ્રહ્માત્મલિંગ જેનો અર્થ છે `વ્યાપક પ્રકાશ'. જે શિવલિંગના બાર ખંડ છે. શિવપુરાણ અનુસાર બ્રહ્મ, માયા, જીવ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, દળ અને પૃથ્વીને જ્યોતિર્લિંગ અથવા પિંડ કહેવામાં આવ્યા છે.

### શિવચિહ્ન

વનવાસીથી લઈને સાધારણ માણસો જે ચિહ્નની પૂજા કરી શકે તેવા પથ્થરને શિવજીનું ચિહ્ન માનવામાં આવે છે. રુદ્રાક્ષ અને ત્રિશૂળને પણ શિવનું ચિહ્ન માનવામાં આવે છે. કેટલાક લોકો ડમરુ અને અર્ધ ચંદ્રને પણ શિવનું ચિહ્ન માને છે.

### શિવપાર્ષદ

બાણ, રાવણ, ચંડ, નંદી, ભૃંગી, વગેરે શિવપાર્ષદ છે.

### શિવગણ

ભૈરવ, વીરભદ્ર, મણિભદ્ર, ચંદિસ, નંદી, શ્રુંગી, ભૃગિરિટી, શૈલ, ગોકર્ણ, ઘંટાકર્ણ, જય અને વિજય. આ સિવાય પિશાચ, દૈત્ય અને નાગ-નાગણ, પશુઓને પણ શિવના ગણ માનવામાં આવે છે.

### શિવના દ્વારપાળ

નંદી, સ્કંદ, રિટિ, ભૃંગી, ગણેશ, ઉમામહેશ્વર અને મહાકાલ.

### શિવ પંચાયત

સૂર્ય, ગણપતિ, દેવી, રુદ્ર અને વિષ્ણુને શિવપંચાયત કહેવાય છે.

### શિવલિંગ

વાયુપુરાણ અનુસાર પ્રલયકાળમાં સમગ્ર સૃષ્ટિ જેનામાં લીન થઈ જાય છે અને ફરીથી સૃષ્ટિકાળમાં જેનાથી પ્રગટ થાય છે, તેને લિંગ કહે છે. આ રીતે વિશ્વની સંપૂર્ણ ઊર્જા જ લિંગનું પ્રતીક છે. તે સંપૂર્ણ બિંદુ-નાદ સ્વરૂપ છે. બિંદુ એ શક્તિ છે અને નાદ એ શિવ. તેઓ જ બધાનો આધાર છે. બિંદુ તથા નાદ અર્થાત્ શક્તિ અને શિવનું સંયુક્ત રૂપ જ શિવલિંગમાં અવસ્થિત છે. બિંદુ એટલે ઊર્જા અને નાદ એટલે ધ્વનિ. આ જ બંને સંપૂર્ણ બ્રહ્માંડના આધાર છે. આ જ કારણે પ્રતીક સ્વરૂપ શિવલિંગની પૂજા-અર્ચના કરવામાં આવે છે.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

Urgent Listing Require: Motels & Hotels
Any Size, Any Price, Any Location
Qualified Buyers Having
40% To 50% Down Payment,
Are Ready To Sign The Offer And
CLOSE the Deal ASAP

78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD

54 ROOM HOTEL – Gananoque (1000 Islands) ON - $3.2 Million
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar (currently closed- only serves breakfast) banquet hall, party room, execellent business from the tour buses. Current owner runs it seasonal only (form April to October only). Great future potential to grow.

16 ROOM MOTEL – Near Sudbury - $1.2 Million
Recently Renovated Rooms, Indoor corridor – easy ONE MAN operation. Right on Hwy 17 & snow mibile trail. No competition, Huge area of Restaurant and Bar (closed). Year round business.
Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make great profit

17 ROOM MOTEL – Chatham - $1.7M
Renovated and upgraded Owner's House and Motel Rooms. All aminites close by. Year round buniness with repeat customers. Very low operating costs.

Coming up For Sale – Motels & Hotels
12 Room Motel – Near North Bay / Hwy 11
35 Room Motel – 8 Hrs North / Hwy 11
54 Room Hotel – 3 Hrs East / Hwy 401
43 Room Motel & Pizza Store – 8 Hrs North
Super 8 by Wyndham – 2 hrs from GTA

21 ROOM MOTEL– Gravenhurst - $1.7M
All rooms 100% occuplied by the long-term customers. Restaurant (currenlty closed) Buyer to assum everyone staying there AS IS. 3 Acres of land, all muncipal services – opportunity for future development

Motel Jobs AND Working
Partner opportunity available
Front Desk, Housekeeping, General work
Must speak good english for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# ઈન્ડો કેનેડિયન ગોલ્ફ એસો.ની વર્ષગાંઠ, ગોલ્ફ ટૂર્નામેન્ટ સાથે ઉજવણી

## ખેલાડીઓએ ભારતની વિવિધ અને સ્વાદિષ્ટ વાનગીઓની મોજ માણી, $10,000થી વધુ મૂલ્યના રેલ ડ્રો સાથે ઉજવણી સંપન્ન થઇ









**મિલ્ટન, ઓન્ટેરિયો**

ઈન્ડો કેનેડિયન ગોલ્ફ એસોસિએશન (ICGA)ની ૨૫મી વર્ષગાંઠ ગોલ્ફ ટુર્નામેન્ટના આયોજન સાથે ઉજવાઈ હતી. ગ્લેનકેર્ન ગોલ્ફ ક્લબ ખાતે યોજાયેલી સ્પર્ધામાં સ્વચ્છ વાદળી આકાશ હેઠળ વિશ્વભરના ૨૨૮ ગોલ્ફર એકસાથે લાવ્યા હતા. ICGAના પ્રમુખ અવતાર બારે કહ્યું હતુ કે, આજનું દ્રશ્ય જોઈને આનંદ થાય છે. અમારી ટુર્નામેન્ટ ફક્ત એક રમતગમતની ઘટના કરતાં વધુ વિકસિત થઈ છે. તે હવે સંસ્કૃતિ. સમુદાય અને સખાવતી દાનની ઉજવણી છે. બારે બધા સહભાગીઓ, સ્વયંસેવકો અને પ્રાયોજકોનો તેમના અતૂટ સમર્થન બદલ આભાર માન્યો હતો.

૨૫મી વર્ષગાંઠ ટુર્નામેન્ટની સફળતા અસંખ્ય પ્રાયોજકો અને સમુદાય ભાગીદારોના ઉદાર સમર્થનને કારણે શક્ય બની હતી. ટર્કિશ એરલાઈન્સ પાર્ટનર સ્પોન્સર તરીકે જોડાઈ હતી, જેમાં ક્લબલિંક અને IFS પ્રેઝન્ટિંગ સ્પોન્સર હતા. મુખ્ય પ્રાયોજકોમાં બ્રેમ્પટન બ્રિક, પોલ્સ ટ્રાન્સપોર્ટ, ડી-મોન્ડ ટ્રેલર્સ, લેઝીઝ શવર્મા, પરવેસા ઈન્ક., સચિન ઘાઈ અને ઓંકાર ટ્રાવેલ અને મૂન પેલેસ કેનકન, મેક્સિકોનો સમાવેશ થાય છે. દિવસની શરૂઆત અમીન ગિલ, સત્તાવાર માસ્ટર ઓફ સેરેમનીઝના ઉત્સાહી સ્વાગત સાથે થઈ, જેમણે ઉજવણીનો માહોલ બનાવ્યો હતો. ગોલ્ફરોને વિવિધ રાંધણકળાનો આનંદ માણવામાં આવ્યો, જેમાં ભારતીય, દક્ષિણ ભારતીય અને ચટકારાખ ફૂડ સ્ટેશનોનો સમાવેશ થતો હતો, જેમાં પાણીપુરી અને ચાટ પુરી પીરસાઈ હતી. જે પંજાબી બાય નેચર અને રાજીવ પુંજ દ્વારા કુશળતાપૂર્વક તૈયાર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ખરેખર મેલાખને મૂર્તિમંત કરતો હતો - એક સમુદાય ઉજવણી જે ખોરાક, સંસ્કૃતિ અને ફેલોશિપ સાથે સાથે ટોચની ગોલ્ફ સ્પર્ધાથી ભરપૂર હતી.

ટર્કિશ એરલાઈન્સના સોલેન મેલોગ્લુએ ટિપ્પણી કરી, ICGA સાથે ભાગીદારી વૈશ્વિક સમુદાય નિર્માણ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આવા જીવંત અને પ્રભાવશાળી કાર્યક્રમનો ભાગ બનવાનો અમને ગર્વ છે.. ટર્કિશ એરલાઈન્સનું પ્રતિનિધિત્વ કરતા તારિક અનવરે ઉમેર્યું કે, અમે હંમેશા સમુદાયને પાછું આપવામાં માનતા આવ્યા છીએ. ICGA ના પ્રયાસો અમારા મૂલ્યો સાથે સુસંગત છે, અને અમે સતત ભાગીદારીની રાહ જોઈ રહ્યા છીએ.

### ICGAનું ઉદાર યોગદાન ટ્રિલિયમ ખાતે દર્દીની સંભાળ માટે મહત્વનું છે: તૂબા નાસિર

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ (THP) ને $૧૦૦,૦૦૦ નો ચેક રજૂ કરવાનું હતું. THP વતી બોલતા, તૂબા નાસિરે ઊંડી પ્રશંસા વ્યક્ત કરી જણાવ્યું કે, ICGAનું ઉદાર યોગદાન ટ્રિલિયમ ખાતે દર્દીની સંભાળ અને નવીનતાને સીધી અસર કરશે. આરોગ્ય સંભાળ પ્રત્યેની તેમની સતત પ્રતિબદ્ધતા માટે અમે ખૂબ આભારી છીએ. સાંજનું સમાપન $૧૦,૦૦૦ થી વધુ મૂલ્યના રેલ ડ્રો સાથે થયું, જેમાં $૧,૫૦૦ની કિંમતના પીટ બાઇક સ્કૂટર સહિત વિવિધ ઈનામોનો સમાવેશ થતો હતો.

### હાજર લોકોને 1.4 મિલિયન ડોલરની લેમ્બોર્ગિની જીતવાની તક અપાઇ

હાજરી આપનારાઓને મંત્રમુગ્ધ કરનારી એક ખાસ વાત હોલ-ઇન-વન ચેલેન્જ હતી, જેમાં ૧.૪ મિલિયન ડોલરની લેમ્બોર્ગિની જીતવાની તક આપવામાં આવી હતી. જયારે કોઈ પણ લક્ઝરી કારમાં બેસીને ભાગ્યું ન હતું, ત્યારે ચેલેન્જે સમગ્ર કોર્સમાં એક રોમાંચક ધમાલ મચાવી દીધી હતી.

### ટુર્નામેન્ટ ચેમ્પિયન્સ અને સ્કીલ એવોર્ડ વિજેતાઓ

* ચેમ્પિયન: અમરિન્દર સિંહ કુનર, પીટર માન, જગતેશ્વર ચહલ, સતિન્દર ખોદ
* રનર્સ-અપ: હરીસિંહ, ભજન બસરા, જસ્સી સિંહ, લકી સેન્ડલ
* સ્કીલ એવોર્ડ્સ: ભજન બસરા અને કે. ગિલ સહિતના ઉત્કૃષ્ટ કલાકારોને ક્લોઝેસ્ટ ટુ ધ પિન અને લોંગેસ્ટ ડ્રાઈવ સન્માન એનાયત કરવામાં આવ્યા.

# કેનેડા પણ હવે પેલેસ્ટાઈનને માન્યતા આપશે વડાપ્રધાન માર્ક કાર્નીની સત્તાવાર જાહેરાત

## સમર્થન આપવા બદલ 3 શરતો પણ રખાઈ, હમાસની દખલગીરીનો વિરોધ

**ટોરોન્ટો**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ જાહેરાત કરી છે કે, કેનેડા સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)માં પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપવાની યોજના ધરાવે છે. તાજેતરના સમયમાં આ પ્રકારનો નિર્ણય લેનાર તે ત્રીજો G7 દેશ બન્યો છે. કાર્નેએ સ્પષ્ટતા કરી હતી કે, આ માન્યતા ચોક્કસ શરતો પર આધારિત હશે. જેમાં મુખ્યત્વે પેલેસ્ટાઈન ઓથોરિટી દ્વારા શાસનમાં મૂળભૂત સુધારા, વર્ષ 2026માં હમાસ વિના પારદર્શક સામાન્ય ચૂંટણીઓ યોજવી અને પેલેસ્ટાઈન વિસ્તારોનું નિ:શસ્ત્રીકરણ સામેલ છે. વડા પ્રધાન કાર્નેએ જણાવ્યું હતું કે, કેનેડા લાંબા સમયથી બે-રાષ્ટ્રના સમાધાન માટે પ્રતિબદ્ધ છે. જેમાં એક સ્વતંત્ર, વ્યવહારૂ અને સાર્વભૌમ પેલેસ્ટાઈન રાજ્ય ઈઝરાયલ સાથે શાંતિ અને સલામતીનો માહોલ ઉભો કરે તે આવશ્યક છે.

જોકે, આ સમાધાન હવે ઝડપથી અસ્થિર થઈ રહ્યું છે, ખાસ કરીને હમાસની હિંસા, વેસ્ટ બેન્ક અને યરુશલમમાં ઝૂંપડપટ્ટીનો વિસ્તાર અને ગાઝામાં બગડતની માનવીય સ્થિતિ તેનું મુખ્ય કારણ છે. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું કે, હમાસે 7 ઓક્ટોબર 2023ના દિવસે થયેલી હિંસક ઘટનામાં બંધકોને તાત્કાલિક મુક્ત કરવા પડશે. ભવિષ્યમાં હમાસે પેલેસ્ટાઈનના શાસનમાં કોઈ ભૂમિકા ભજવવાની નહીં રહે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કેનેડા હંમેશા ઈઝરાયલના અસ્તિત્વ અને સુરક્ષાના અધિકારને સમર્થન આપશે. ગાઝામાં બગડતી પરિસ્થિતિને સુધારવા માટે કેનેડાએ પહેલાથી જ 340 ડૉલર મિલિયનથી વધુની માનવતાવાદી સહાય પૂરી પાડી છે. જેમાં પેલેસ્ટાઈનના નાગરિકોને મદદ કરવા માટે 30 મિલિયન ડૉલર અને પેલેસ્ટાઈન ઓથોરિટીને પરિસ્થિતિને સ્થિર કરવામાં મદદ કરવા માટે 10 મિલિયન ડૉલર આપવામાં આવ્યા હતા. આ જાહેરાત મંગળવારે બ્રિટન દ્વારા આપવામાં આવેલા આવા જ એક નિવેદન બાદ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, બ્રિટને કહ્યું હતું કે, જો ઈઝરાયલ ગાઝામાં યુદ્ધવિરામ અને અન્ય માનવતાવાદી પરિસ્થિતિઓ માટે સંમત નહીં થાય તો તે સપ્ટેમ્બરમાં પેલેસ્ટાઈનને માન્યતા આપશે. ગત અઠવાડિયે ફ્રાન્સે પણ કહ્યું હતું કે, તે પેલેસ્ટાઈનને સત્તાવાર રીતે માન્યતા આપશે.

### ગાઝા અને પેલેસ્ટિયનને સહાય પણ કરાશે

**ઓન્ટેરિયો**

કેનેડાએ ગાઝાને 30 મિલિયન ડોલર અને પેલેસ્ટિનિયનને રાજ્ય બનાવવા 10 મિલિયન ડોલરની સહાયનું વચન આપ્યું છે. વિદેશ મંત્રી અનિતા આનંદે સોમવારે ન્યૂ યોર્કમાં એક મુખ્ય સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં જણાવ્યું હતું કે, ગાઝા અને પશ્ચિમ કાંઠા સહિત વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત દેશનું નેતૃત્વ કરવા પેલેસ્ટિનિયન ઓથોરિટીની તૈયારીઓ માટે કેનેડા ભંડોળ પૂરું પાડી રહ્યું છે. ઓટાવા ગાઝા પટ્ટીમાં ભયાવહ પેલેસ્ટિનિયનો માટે તેના માનવતાવાદી ભંડોળમાં 30 મિલિયન ડોલર પણ ઉમેરી રહ્યું છે. પેલેસ્ટિનિયન પ્રશ્ન મધ્ય પૂર્વમાં લાંબા ગાળાની સ્થિરતા માટે મહત્વનો છે. એક કાર્યક્ષમ પેલેસ્ટિનિયન રાજ્યને કાયદેસર, લોકશાહી શાસનની જરૂર છે જે તમામ પેલેસ્ટિનિયન લોકોની સેવા કરે. બે-રાજ્ય ઉકેલને જાળવી રાખવાના રસ્તાઓ શોધવા માટે ફ્રાન્સ અને સાઉદી અરેબિયા દ્વારા આ પરિષદ બોલાવવામાં આવી હતી. કેનેડા દાયકાઓથી ઈઝરાયલની સાથે શાંતિથી અસ્તિત્વમાં રહેલા પેલેસ્ટિનિયન દેશની રચના માટે હાકલ કરનારાઓમાં સામેલ છે.

કેનેડા અન્ય દેશોએ વધુને વધુ ચિંતા વ્યક્ત કરી છે કે ઈઝરાયલી સરકાર પેલેસ્ટિનિયન રાજ્યને અશક્ય બનાવવાનો પ્રયાસ કરી રહી છે.



# જસ્ટિન ટ્રુડો હવે કેટી પેરીના પ્રેમમાં પડ્યાં! રેસ્ટોરાંમાં સીક્રેટ ડીનરનો વીડિયો વાઈરલ

## કેટી પેરી તેના નવા આલ્બમને કારણે કેનેડા પ્રવાસે છે

**ઓન્ટેરિયો**

કેનેડાના પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો હાલ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. તે મંગળવારે રાત્રે એક રેસ્ટોરન્ટમાં અમેરિકન સિંગર કેટી પેરી સાથે ડિનર કરતા નજરે પડતા બંને વચ્ચે ડેટિંગની અટકળો વહેતી થઇ હતી. આ રેસ્ટોરન્ટમાં હાજર લોકોનું કહેવું છે કે, બંને એકબીજા જોડે ખૂબ જ પ્રેમથી વાત કરતા દેખાયા હતા.

આ ડિનર એક પ્રાઈવેટ ડેટ જેવું લાગતું હતું, પરંતુ તે બંને એકલા નહોતા. તેમની સાથે ઘણા સુરક્ષા ગાર્ડ પણ હતા. કેટી અને ટ્રુડો જે રેસ્ટોરેન્ટમાં ડિનર કરી રહ્યા હતા. તે રેસ્ટોરન્ટની બહાર સુરક્ષાગાર્ડની ટીમ હાજર હતી. ડિનર કર્યા બાદ બંને રેસ્ટોરેન્ટના એક કિચનમાં પણ ગયા અને શ્રેષ્ઠ વાનગી માટે સ્ટાફનો આભાર પણ માન્યો હતો. ઉલ્લેખનીય છે કે કેટી પેરી તેના નવા આલ્બમ લઈને કેનેડામાં છે. તે ઓટાવામાં જલદી પરફોર્મ કરવાની છે. ત્યારે જાન્યુઆરી 2025માં વડાપ્રધાનના પદ પરથી રાજીનામું આપ્યા બાદ જસ્ટિન ટ્રુડોની કોઈ ખાસ ચર્ચા થઈ નહોતી. જસ્ટિન ટ્રુડોએ વર્ષ 2023માં તેની પત્ની સોફી સાથે છુટાછેડા લીધા હતા. કેટી પેરીએ પણ આ વર્ષની શરૂઆતમાં એક્ટર ઓરલેન્ડો બ્લૂમ સાથે સંબંધ તોડી નાખ્યો હતો. બંનેની એક દિકરી પણ છે.

# દિલ્હીમાં પાયલટે ખરા સમયે રોકી ફ્લાઈટ

દિલ્હી : દિલ્હીથી લંડન અને અમૃતસર જઈ રહેલા બે વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાયા બાદ રદ કરી દેવામાં આવી હતી. આ સાથે જ પાયલટની સૂઝબૂઝના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. વાસ્તવમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ નંબર-AI2017 ટેક-ઓફ થવાની હતી, જોકે પાયલટને ફ્લાઈટમાં ગડબડ હોવાનો અનુભવ થયા બાદ તેને ટેકઓફ પહેલા જ અટકાવી દેવાઈ છે. આ ઉપરાંત દિલ્હીથી અમૃતસર ટેકઓફ થનારી ફ્લાઈટ નંબર-A321માં પણ ટેકનિકલ ખામી સર્જાવાના કારણે રદ કરવામાં આવી છે.

# 1632 કરોડના ખર્ચે યાત્રાધામ અંબાજીની થશે કાયાપલટ

## ત્રણ ગણો વિસ્તરશે ચાચર ચોક, વિવિધ સરોવરોનું થશે સૌંદર્યીકરણ : શક્તિ કૉરિડોર સહિત અનેક નવી સુવિધાઓ ઉમેરાશે

**ગાંધીનગર**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં તેમજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અંબાજી યાત્રાધામને મૉડેલ ટેમ્પલ ટાઉનના બેન્ચમાર્ક તરીકે વિકસાવવા પ્રયાસ થનાર છે. તેના માટે રાજ્ય સરકારે રૂ. 1632 કરોડનો મેગા માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આ માસ્ટર પ્લાનના અમલીકરણ પર સીધી દેખરેખ રાખી રહ્યાં છે, તો રાજ્યકક્ષાના ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ પણ તાજેતરમાં માસ્ટર પ્લાનના અમલીકરણ અંગે મહત્વની બેઠક કરી હતી. રાજ્ય સરકારે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં અરવલ્લી પર્વતમાળા વચ્ચે આવેલા શ્રી અંબાજી માતા મંદિર પરિસરને આગામી 50 વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આ માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે કે જે બે તબક્કામાં લાગુ થશે.



પહેલા તબક્કાનું કામ આગામી ટૂંક સમયમાં શરૂ થઈ જશે. માસ્ટર પ્લાનના કેન્દ્રમાં ગબ્બર પર્વત છે કે જ્યાં દેવી સતીનું હૃદય હોવાનું માનવામાં આવે છે અને અંબાજી માતાનું મંદિર કે જે વિશા યંત્રનું સ્થાન છે. આ માસ્ટર પ્લાન મુજબ અંબાજી મંદિર અને ગબ્બર પર આવેલી જ્યોત વચ્ચેની યાત્રાને વધુ આધ્યાત્મિક બનાવવા માટે એક ઇન્ટરએક્ટિવ કૉરિડોરનું નિર્માણ કરવામાં આવશે. અંબાજી મંદિર પરિસર માટે એક કૉમ્પ્રિહેન્સિવ અને સસ્ટેનેબલ માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે. ચાચર ચોક અને ગબ્બર મંદિર પરિસર જેવા મહત્વના વિસ્તારોમાં વિષય આધારિત વિકાસ કરાશે. આ ઉપરાંત; તેમાં દેવી સતી સંબંધિત પૌરાણિક કથાઓને સમાવીને અંબાજી મંદિરના વિસ્તારનું વિસ્તરણ, મંદિર તરફ અંડરપાસ, આગમન માટે અંબાજી ચોકનો વિકાસ, પગપાળા માર્ગ દ્વારા મુખ્ય માર્ગનું સંચાલન અને મલ્ટી લેવલ કાર પાર્કિંગ તથા યાત્રી ભવન, દિવ્ય દર્શન પ્લાઝા અને શક્તિ પથ, સતી ઘાટ વિસ્તાર વિકાસ તથા ગબ્બર આગમન પ્લાઝા (લાઇટ એન્ડ સાઉન્ડ શો)નો સમાવેશ થાય છે.

# સુરતમાં શિક્ષકે બે પુત્રો સાથે જીવન ટૂંકાવ્યું, આપઘાતનું કારણ અકબંધ

**સુરત**

સુરતના ડિંડોલની મેરીમાતા સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અલ્પેશભાઈ કાંતિભાઈ સોલંકી (ઉ.વ. 41) મૂળ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ચિઠોડા ગામના વતની છે અને હાલ સુરતમાં પરિવાર સાથે રહે છે. મૃતક શિક્ષક અલ્પેશભાઈ સોલંકીએ પોતાના 2 વર્ષીય પુત્ર કર્નિશ અલ્પેશભાઈ સોલંકી અને ક્રીશીવ અલ્પેશભાઈ સોલંકી (ઉ.વ. 8) પુત્ર સાથે આપઘાત કરી લેતાં શોકનો માહોલ છવાયો છે. ગુરુવારે મોડી સાંજે તેમના ક્વાર્ટરમાંથી કોઈ પ્રતિસાદ ન મળતાં પાડોશીઓને શંકા ગઈ હતી. જ્યારે દરવાજો તોડીને અંદર જોયું તો ત્રણેય મૃત હાલતમાં મળી આવ્યા હતા. આપઘાતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસને ઘટનાસ્થળેથી કોઈ સુસાઇડ નોટ મળી નથી. પ્રાથમિક તપાસમાં અગમ્ય કારણોસર આ પગલું ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે. આ ઘટના પાછળ કયું કારણ જવાબદાર છે તે જાણવા પોલીસે શિક્ષકના પરિવારજનો અને મિત્રોની પૂછપરછ શરૂ કરી છે.પોલીસે પિતાના મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓની પણ તપાસ કરી રહી છે જેથી આપઘાતનું કારણ શોધી શકાય.

# રાજ્યમાં સાયબર ક્રાઈમમાં 4 વર્ષમાં 900%નો વધારો

## સર્વાધિક બનાવો મહારાષ્ટ્ર-ઉત્તરપ્રદેશમાં ત્રણ-ત્રણ લાખને પાર થઇ ગયા

**રાજકોટ**

ઓનલાઈન ટ્રાન્ઝેક્શન અને સોશ્યલ મિડીયાનો મનોરંજન માટે ઉપયોગમાં જબરદસ્ત વધારા સાથે સાયબર ક્રાઈમના બનાવો દેશની ચિંતાનો વિષય બન્યો છે. સંસદમાં આજે જ 5 સાંસદોએ અને ગત 4 દિવસમાં અન્ય 4 સહિત 9 સવાલો સાયબર ક્રાઈમ અંગે પુછાયા હતા જેના ઉત્તરમાં આજે ગૃહમંત્રાલય દ્વારા અપાયેલી વિગત મૂજબ ગુજરાતમાં સાયબર ક્રાઈમના બનાવોમાં ગત 4 વર્ષમાં જ 900 ટકાનો વધારો એટલે કે નવ ગણા થયા છે તો અને સમગ્ર દેશમાં આ કેસો પાંચ ગણા થયા છે. ઈ.સ.2021 માં ગુજરાતમાં 18,159 કેસો ઈ. 2024માં 9 ગણા વધીને 1,67,892 નોંધાયા હતા અને ચાલુ વર્ષે છ માસમાં જ 88,383 કેસો નોંધાયા છે. તો સમગ્ર દેશમાં ઈ.સ. 2021માં 4.52.429 કેસો વધીને 22,68,346 કેસ અને ચાલુ વર્ષના 6 માસમાં કેસો પાંચ ગણા થઈને 22,68,346 નોંધાયા છે.આમ, સમગ્ર દેશની સરેરાશ કરતા ગુજરાતના કેસો વધુ ઝડપથી વધી રહ્યા છે. હજુ પુખ્તવયે નહીં પહોંચેલા કિશોર-કિશોરીઓ પણ સાયબર ક્રાઈમનો ભોગ બને છે અને આવા કેસ પણ પાંચ વર્ષમાં 800 ટકા જેટલા વધ્યા છે. સંસદમાં જણાવ્યા મૂજબ ઈ. 2021 થી અમલી સીએફસીએફઆરએમ સીસ્ટમ અન્વયે 17.83 લાખથી વધુ ફરિયાદોમાં રૂ. 5489 કરોડ બચાવ્યા હતા. આ આંકડા પરથી સમજાય છે કે સાયબર અપરાધોનો આંક અબજો રૂ.નો છે.પોલીસના રિપોર્ટ અન્વયે 9.42 લાખ સીમકાર્ડ અને 2.63,348 આઈએમઈઆઈ નંબરો સરકારે બ્લોક કર્યા છે. આવા અનેકવિધ પગલા પણ સાયબર ક્રાઈમને કૂદકે ભૂસકે આગળ વધતા અટકાવી શકતા નથી.

# રાજ્યના ખેડૂતો દેવાના ડુંગર તળે દબાયા રૂ.1 લાખ 44 હજાર કરોડની લોન લીધી

## છેલ્લા 5 વર્ષમાં લોનમાં રૂ. 47 હજાર કરોડથી વધુનો વધારો

**અમદાવાદ**

'સમૃદ્ધ ખેડૂત-સમૃદ્ધ ગુજરાત'ના સૂત્રો પોકારવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં ખેડૂતોની આવક બમણી થશે, તેવું રાજ્ય અને કેન્દ્ર સરકાર ડિંગો હાંકી રહી છે, ત્યારે ખેતી બચાવવા ખેડૂતો દેવું કરવા મજબૂર બન્યા છે. ખુદ કેન્દ્ર સરકારે જ ઘટસ્ફોટ કર્યો છે કે, ગુજરાતમાં ખેડૂતોએ 21મી જુલાઈ 2025 સુધીમાં 1,44,330 કરોડ રૂપિયાની બેંન્ક લોન લીધી છે. આ પરથી એ વાત પ્રસ્થાપિત થઈ છે કે, જગતનો તાત દેવાના ડુંગર તળે દબાઈ રહ્યો છે. ગુજરાતમાં ખેડૂતો આર્થિક રીતે બેહાલ થયા છે કેમ કે, હવે ખેતી કરવી મોંઘી બની છે. ખાતર, જંતુનાશક દવાથી માંડીને ખેતમજૂરીના ભાવો વધ્યા છે. સિઝનમાં અથાગ મહેનત કર્યા પછી પણ જે પાક ઉત્પાદન થાય તે બજાર કે એપીએમસીમાં પહોંચે ત્યારે ખેડૂતોને પૂરતા ભાવ સુદ્ધાં મળતા નથી. ખેડૂતોની એવી દશા છે કે, ખેતી ખાતર બચાવવા બેંન્કો પાસેથી લોન લેવી પડે છે. પરિસ્થિતિ એવી નિર્માણ થઈ છે કે, ખેતીનો ખર્ચ વધ્યો છે, પરંતુ ખેત ઉત્પાદનના ભાવ વધ્યા નથી. તેમાંય ચોમાસામાં ભારે વરસાદથી ખેતીને મોટાપાયે નુકશાન થાય તે અલગ.

લોકસભામાં રજૂ થયેલા રિપોર્ટ અનુસાર, બમણી આવકની ડિંગો હાંકવામાં આવી રહી છે, ત્યારે ગુજરાતમાં 55 લાખ ખેડૂતોએ બેંન્ક લોન લીધી છે. વર્ષ 2025-26માં ખેડૂતોએ કુલ 1.44,330 કરોડ રૂપિયાની લોન મેળવી છે. વર્ષ 2020-21માં ગુજરાતી ખેડૂતોની બેંન્ક લોન 96,963 કરોડ રૂપિયા હતી તે વર્ષ 2025-26માં વધીને 1,44, 330 કરોડ રૂપિયા સુધી પહોંચી હતી.

# પાણીજન્ય રોગમાં વધારો, અમદાવાદમાં કોલેરાના ૨૫, ઝાડા ઉલટીના ૭૦૦ કેસ

## મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી અપાતા પાણીના 79 સેમ્પલ પીવાલાયક નહીં

**અમદાવાદ**

જુલાઈ મહીનામાં અમદાવાદમાં પાણીજન્ય રોગના કેસમાં વધારો થયો છે. કોલેરાના ૨૬ દિવસમાં ૨૫ કેસ નોંધાયા છે.ઝાડા ઉલટીના ૭૦૩ કેસ નોંધાયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી અપાતા પાણીમાંથી લેવામા આવેલા ૭૯ સેમ્પલ પીવાલાયક નહતા. ૭૫ સેમ્પલમા ક્લોરીન નીલ હતુ. પ્રદુષિત પાણી, ડ્રેનેજ ઉભરાવાની સમસ્યા ઉપરાંત આસપાસના વિસ્તારોમાં ગંદકી જેવા કારણોને લઈ શહેરના વિવિધ વોર્ડમાં કોલેરાના કેસ વધી રહયા છે.૨૬ જુલાઈ સુધીમાં વટવા વોર્ડમાં કોલેરાના ચાર, મકતમપુરા અને રામોલ-હાથીજણ વોર્ડમાં અનુક્રમે ત્રણ-ત્રણ, અસારવા,ઈસનપુર અને ઠક્કરનગર વોર્ડમાં કોલેરાના બે-બે કેસ નોંધાયા હતા. સરસપુર-રખિયાલ, ખાડીયા, ગોમતીપુર, અમરાઈવાડી, સરદારનગર, સરખેજ, લાંભા, નિકોલ અને ચાંદલોડીયા વોર્ડમાં કોલેરાનો એક-એક કેસ નોંધાયો છે.ટાઈફોઈડના ૫૧૯, કમળાના ૪૧૩ કેસ નોંધાયા હતા. મેલેરિયાના ૮૯, ઝેરી મેલેરિયાના ૯, ડેન્ગ્યૂના ૭૫ કેસ નોંધાયા હતા.

# સુરતમાં માતા દ્વારા પુત્ર સાથે આપઘાતનો પ્રયાસ, માતાનું મોત, પુત્ર ગંભીર

સુરતના લસકણા વિસ્તારમાં એક સામુહિક આપઘાતનો કેસ સામે આવ્યો છે. આજે (31 જુલાઈ)એ 34 વર્ષીય મહિલાએ પોતાના સાત વર્ષના દીકરાને ઝેરી દવા પીવડાવી અને બાદમાં તે દવા પોતે પણ પી લીધી. થોડા સમય બાદ પરિવારને આ વિશે જાણ થતાં તેઓ તુરંત જ ઘટનાસ્થળે દોડી આવ્યા અને માતા-પુત્રને બેભાન અવસ્થામાં જોઈ તાત્કાલિક તેમને ખાનગી હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા. તબીબોએ માતાને સિવિલ હૉસ્પિટલ લઈ જવા કહ્યું હતું અને બાળક તે જ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. મળતી માહિતી મુજબ, મહિલાને મૃતક મહિલાના પહેલાં લગ્ન 2020માં થયા હતા. જ્યાં તેના પતિનું અકસ્માતે મૃત્યુ નિપજ્યું હતું.

# પોરબંદર લૂંટ : બનેવી જ નીકળ્યો માસ્ટરમાઇન્ડ

## ઘરમાં ઘૂસીને બાળકના ગળે છરી રાખી, વૃદ્ધા અને તેની પુત્રવધૂને પટ્ટીથી બાંધી દીધા હતા : 6 આરોપી ઝડપાયા

**પોરબંદર**

રાણાવાવના રાણા કંડોરણા મુંજાપરા ધાર વિસ્તારમાં 6 જણ કારમાં આવ્યા હતા અને એક ઘરમાં ઘૂસીને બાળકના ગળે છરી રાખી, વૃદ્ધા અને તેની પુત્રવધૂને પટ્ટીથી બાંધી દીધા હતા. જે બાદ કબાટની ચાવી મેળવી કબાટમાં રહેલા 25 તોલા દાગીના અને રૂ. 1 લાખની લૂંટ ચલાવી વૃદ્ધાને છરી મારી હતી અને વૃદ્ધાના પુત્રવધૂને મુંઢ માર મારી નાસી છૂટ્યા હતા.

પોલીસ દ્વારા ઘટનાને અંજામ આપનારા તમામ છ લૂટારુઓને પકડી લેવામાં આવ્યા હતા. લૂંટના આ બનાવમાં એવી ચોંકાવનારી વિગત બહાર આવી હતી આ લૂંટ તેના બનેવીએ જ કરાવી હતી. પોલીસે રાજકોટ રહેતા બનેવી સહિત છ શખ્સોની ધરપકડ, કરી રૂ19.70 લાખનો મુદ્દામાલ કબજે લઈને રિમાન્ડ મેળવવા સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ દરમિયાન ગુનામાં વપરાયેલી કાર લઈને આરોપીઓ રાણાવાવ ટી-પોઇન્ટથી ત્રણ પાટીયાના રસ્તેથી નીકળવાના છે, તેવી બાતમી મળતા વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ કારને આંતરીને તલાશી લેતા એક બેગમાંથી સોનાના અલગ-અલગ દાગીના તથા રોકડ રકમ મળી હતી. જેથી કારમાં બેઠેલા લોકોની આગવીઢબે પૂછતાછ કરતા લૂંટની કબૂલાત કરી હતી. મુખ્ય આરોપી રવિરાજસિંહ જાડેજાએ તેના બનેવી દિલીપ માલદેભાઈ સાંજવા (રહે. રાજકોટ) તથા પ્રફુલભાઈ પ્રભુદાસ ચરાડવા (રહે. રાજકોટ)એ ત્યાં ઘરમાં 70થી 80 તોલા સોનું તથા 10 થી 12 લાખ રૂપિયા રોકડા હોવાનું કહીને લોકેશન તથા ઘરના સભ્યો અંગેની વિગતો આપવામાં આવી હતી. લૂંટ કર્યા બાદ જે કાંઇ રૂપિયા કે સોનું મળે તેમાં 50 ટકા ભાગ બનેવી દિલીપ તથા સોની પ્રફુલભાઈને આપવાનું નક્કી થયું હતું. જેથી લૂંટ કરવા માટે રવિરાજસિંહે અમદાવાદ ખાતે રહેતા જતીન અશોકકુમાર પાલ, સિધ્ધેશ્વર દેવજીભાઈ પરમાર, સાહીલ સર્વેશભાઈ યાદવ, નીરજ શિવલાલ ચૌહાણ, વિશાલ મોતીલાલ ચૌધરીને બોલાવીને ગુનાને અંજામ આપ્યો હતો

# અલ કાયદા ટેરર મોડ્યુલની માસ્ટર માઈન્ડ મહિલા બેંગલુરુથી ઝબ્બે

## શમા પરવીન પર જેહાદી ષડયંત્ર રચવાનો અને દેશવિરોધી વીડિયો અપલોડ કરીને યુવાનોને જેહાદી કૃત્ય માટે ઉશ્કેરવાનો આરોપ

**અમદાવાદ**

ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS)એ આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં વધુ એક મોટી સફળતા મેળવી છે. ATSએ મંગળવારે અલ કાયદા સાથે સંકળાયેલી 30 વર્ષીય મહિલા શમા પરવીનની બેંગલુરુથી ધરપકડ કરી છે. પરવીન પર ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર જેહાદી ષડયંત્ર રચવાનો અને દેશવિરોધી વીડિયો અપલોડ કરીને યુવાનોને જેહાદી કૃત્ય માટે ઉશ્કેરવાનો આરોપ છે, જે તેણે કબૂલ્યું હોવાનું જાણવા મળ્યું છે. મહત્ત્વનું છે કે 23 જુલાઈ 2025ના રોજ ગુજરાત ATSએ અમદાવાદ અને મોડાસાના 2 સહિત કુલ 4 આતંકીઓની ધરપકડ કરી હતી, જે આતંકી જૂથની માસ્ટર માઈન્ડ શમા પરવીન હોવાની માહિતી મળી છે.



શમા પરવીન મૂળ ઝારખંડની છે અને હાલમાં બેંગલુરુના હેબ્બલ વિસ્તારમાં તેના ભાઈ સાથે રહે છે, જે એક ખાનગી કંપનીમાં કામ કરે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાત ATSના અધિકારીઓ શમા પરવીનની પ્રવૃત્તિઓ પર બારીકાઈથી નજર રાખી રહ્યા હતા. શમા પરવીન સોશિયલ મીડિયા અને કેટલીક શંકાસ્પદ એપ્લિકેશન દ્વારા અલ કાયદાની વિચારધારા સાથે જોડાઈ હતી અને તેને ફેલાવવા સુધીની ગતિવિધિઓમાં સક્રિય હતી. એવી પણ આશંકા છે કે શમા પરવીન કેટલાક લોકોને સંગઠનમાં જોડીને કોઈ મોટા ષડયંત્રનો પ્લાન ઘડવાની તૈયારી કરી રહી હતી. ગુજરાત ATS હાલ શમા પરવીન પાસેથી વધુ માહિતી મેળવવા માટે ઊંડાણપૂર્વક પૂછપરછ કરી રહી છે, જેથી આતંકવાદી નેટવર્કના અન્ય સભ્યો અને તેમના સંભવિત ષડયંત્રોનો પર્દાફાશ કરી શકાય. ગુજરાત ATSની ટીમે 23 જુલાઈએ અલ કાયદા AQIS સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી હતી. મળતી માહિતી પ્રમાણે, ઝડપાયેલા ચાર આતંકવાદીઓમાંથી બેની ગુજરાતમાંથી એકની દિલ્હીમાંથી અને એકની નોઈડામાંથી ધરપકડ કરવામાં આવી હતી.

# અમદાવાદને 'ગ્રીન સિટી' બનાવવાની નેમ : 40 લાખ વૃક્ષ વાવવાનો લક્ષ્યાંક

**અમદાવાદ**

અમદાવાદ મહાનગરપાલિકાએ અમદાવાદ શહેરને ભારતનું સૌથી સ્વચ્છ શહેર બનાવવાની નેમ પાર પાડી છે. ક્લીન સિટી અમદાવાદને ગ્રીન સિટી બનાવવાની નેમ પાર પાડવા મહાનગરપાલિકાએ મુખ્ય પ્રધાનના દિશા સૂચનમાં 40 લાખ વૃક્ષો વાવવાનું મિશન ફોર મિલિયન ટ્રિઝ ૨૦૨૫ શરૂ કર્યું હતું. મિશન ફોર મિલિયન ટ્રીઝ ૨૦૨૫ - FMT અંતર્ગત સમગ્ર શહેરમાં કુલ ૪૦ લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નિયત કરવામાં આવ્યો છે. જે પૈકી તા. ૨૯-૦૭-૨૦૨૫ સુધી કરવામાં આવેલ વૃક્ષારોપણ સાથે કુલ ૨૦,૪૨,૬૮૯ વૃક્ષો રોપવામાં આવ્યા છે. આમ, ૪૦ લાખનાં લક્ષ્યાંકની સામે ૫૧% વૃક્ષારોપણની સિદ્ધી અમદાવાદ મહાનગરપાલિકાએ હાંસલ કરી હતી.

# નાંદોદમાં વાંઝણી કહી પત્નીને આત્મહત્યા માટે મજબૂર કરનાર પતિને ૭ વર્ષની કેદ

રાજપીપળા : નાંદોદ તાલુકાના વાઘોડિયા ગામના નવીન અશ્વિન વસાવા અને સુનિલાબેનના એક બીજાની રાજીખુશીથી લગ્ન થયા હતા. લગ્નજીવનને ઘણો સમય થયો હોવા છતાં એમને કોઈ વસ્તાર ન્હોતો. એટલે નવીન અશ્વિન વસાવા પોતાની પત્ની સુનિલાબેનને વાંઝણી કહી અવારનવાર ઝઘડો કરી માર મારી માનસિક અને શારીરિક ત્રાસ આપતો હતો. જેથી પોતાના પતિના અવારનવાર આવા ત્રાસથી કંટાળી સુનિલાબેને ગત ૦૧/૦૯/૨૦૨૨ ના રોજ વાઘોડિયા ગામ ખાતે જંતુનાશક ઝેરી દવા પી જઈ આપઘાત કર્યો હતો. જેથી પોતાની પત્નીને આત્મહત્યા માટે મજબુર કરનાર પતિ નવીન અશ્વિન વસાવા વિરુદ્ધ રાજપીપળા પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો.આ કેસ નર્મદા જિલ્લાની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ પ્રવીણ પરમારની ધારદાર દલીલો અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને રાખી જજ આર.ટી. પંચાલે નવીન અશ્વિન વસાવાને ૭ વર્ષની સખત કેદ અને અલગ અલગ કલમ હેઠળ ૫૦૦૦ અને ૩૦૦૦ રૂપિયાનો દંડ ફટકારતો ચુકાદો આપ્યો છે. જા આ દંડ ન ભરે તો વધુ ૬ માસ અને ૩ માસની સજા પણ ફટકારવાનો હુકમ કર્યો છે.

# ગુજરાતમાં બે મહિનામાં આમ આદમી પાર્ટી 2,000 સભાનું આયોજન કરશે

**અમદાવાદ**

રાજ્યમાં ખેડૂતોને પૂરતા ભાવ નથી મળતા, માલધારી અને પશુપાલકોને પૂરતા ભાવ નથી મળતા, તેમજ જે તે વિસ્તારના સ્થાનિક પ્રશ્નોને લઈ આગામી બે મહિનામાં આમ આદમી પાર્ટી મેદાનમાં આવશે. જનતાના વિવિધ મુદ્દાઓને લઈ આગામી 60 દિવસમાં 2,000થી વધુ સભા કરશે. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે પહેલી ઓગસ્ટથી આમ આદમી પાર્ટી (આપ)નું પ્રદેશથી લઈને બુથ લેવલનું સંગઠન 'ગુજરાત જોડો અભિયાન'માં જોડાશે. પહેલી ઓગસ્ટથી જિલ્લા પંચાયત, નગરપાલિકાથી લઈને વોર્ડ સુધી મીટિંગનું આયોજન થશે

# રાજ્યમાં છેલ્લાં 3 મહિનામાં અડચણરૂપ 261 ધાર્મિક સ્થાન તંત્ર દ્વારા હટાવાયા

## 1000થી વધુ ધાર્મિક સ્થાનોને નોટિસ ફટકારી, નવેમ્બરમાં સરકાર રજૂ કરશે : રિપોર્ટ

**અમદાવાદ**

રાજયમાં જાહેર રસ્તાઓ-માર્ગો તેમજ જાહેર સ્થળો પર અડચણરૂપ ધાર્મિક સ્થાનો હટાવવા મુદ્દે ગુજરાત હાઈકોર્ટે દાખલ કરેલી સુઓમોટો પીઆઈએલમાં બુધવારે (30 જુલાઈ) રાજય સરકાર તરફથી પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરાયો હતો. જેમાં જણાવાયું હતું કે, છેલ્લા ત્રણ મહિનાથી વધુના સમયગાળામાં રાજયભરમાં રસ્તામાં અડચણરૂપ 261 જેટલા ધાર્મિક સ્થાનો દૂર કરવામાં આવ્યો છે. જેમાંથી 28 ધાર્મિક સ્થળોને રિલોકેટ એટલે કે, અન્યત્ર સ્થળે ખસેડાયા છે અને 98 જેટલા ધાર્મિક સ્થાનોને નિયમિત પણ કરાયા છે.

રાજય સરકાર તરફથી હાઈકોર્ટ સમક્ષમાહિતી રજૂ કરતાં જણાવાયું કે, આ સિવાય રાજયના 1177 જેટલા ધાર્મિક સ્થાનોના દબાણકર્તાઓને નોટિસ ફટકારવામાં આવી છે અને તેના અનુસંધાનમાં કાર્યવાહી ચાલુ છે. વળી, 328 કિસ્સામાં અખબારોમાં નોટિસ આપી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# લખપતિ દીદી યોજનામાં ગુજરાતને અન્યાય કેન્દ્રએ જાહેરાત કર્યા બાદ ફદિયું પણ ન આપ્યું

**નવી દિલ્હી/ગાંધીનગરઃ**

લખપતિ દીદી યોજનાને લઈ જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ ગુજરાતને હળહળતો અન્યાય થઈ રહ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. કેન્દ્ર સરકારએ ગુજરાતને લખપતિ દીદી યોજના અંતગર્ત 267 કરોડ આપવાનું નક્કી કર્યુ હતું, પરંતુ એક પણ રૂપિયો આપ્યો નથી.

આ ઉપરાંત એવી પણ માહિતી સામે આવી કે કેન્દ્ર સરકારે લખપતિ દીદી યોજના માટે બિહાર, છત્તીસગઢ, ઓડિશા, હરિયાણા, પંજાબ, અરુણાચલ, તામિલનાડુ સહિત અન્ય રાજ્યોને લાખો કરોડો રૂપિયાની ગ્રાન્ટની લ્હાણી કરી હતી. જ્યારે આ યોજના અંતર્ગત કેન્દ્રએ ગુજરાતને 267 કરોડ આપવા મોટા ઉપાડે જાહેરાત કરી હતી. પણ અત્યાર સુધીમાં એક પણ રૂપિયાની ગ્રાન્ટ આપી નથી. સંસદમાં રજૂ થયેલાં રિપોર્ટ અનુસાર ગુજરાતમાં 6.06 લખપતિ દીદી છે. જ્યારે મહારાષ્ટ્રમાં 22.69 લાખ, આંધ્ર પ્રદેશમાં 17.41 લાખ, મધ્ય પ્રદેશમાં 12.84 લાખ, ઉત્તરપ્રદેશમાં 11.15 લાખ, પશ્ચિમ બંગાળમાં 11.59 લાખ, ઓડિશામાં 7.80 લાખ મહિલાઓ લખપતિ દીદી યોજના બની હતી. વિકસિત ગુજરાત કરતાં અન્ય રાજ્યોમાં મહિલાઓએ લખપતિ દીદી યોજનાનો વધુ લાભ મેળવ્યો હતો. મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે ગુજરાતને પૂરતું પ્રોત્સાહન જ નથી મળતું. કેન્દ્ર સરકારની આ જાહેરાત બાદ ગુજરાતની હજારો મહિલાઓ આશા સેવી રહી હતી કે આ યોજના થકી તેમને $ 1 લાખ સુધીની લોન અને અન્ય સહાય મળી શકશે, જે તેમને નાના ઉદ્યોગો શરૂ કરવામાં અથવા હાલના વ્યવસાયોને વિસ્તારવામાં મદદરૂપ થશે. જોકે, ભંડોળના અભાવે આ યોજના ગુજરાતમાં અટકી પડી છે.

# વિધાનસભામાં કોંગ્રેસના ઉપનેતા તરીકે શૈલેષ પરમાર, મુખ્ય દંડક તરીકે કિરીટ પટેલની નિમણૂક

**અમદાવાદ**

ગુજરાત કોંગ્રેસે નવા પ્રદેશ પ્રમુખ અને વિધાનસભામાં વિપક્ષના નેતા બાદ હવે કોંગ્રેસ પક્ષ ઉપનેતા અને મુખ્ય દંડક નિમણૂક કર્યા છે. આ સાથે કોંગ્રેસ દ્વારા અન્ય 6 ઉપદંડક, મંત્રી, પ્રવક્તા અને ખજાનચીની નિમણૂક કરવામાં આવી છે. શૈલેષ પરમારને કોંગ્રેસ પક્ષના ઉપનેતા અને ડૉ. કિરીટ પટેલને મુખ્ય દંડક તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં જીગ્નેશ મેવાણી અને અનંત પટેલને પ્રવક્તા બનાવામાં આવ્યા છે. જ્યારે અન્ય નેતાઓને ઉપદંડક સહિતની જવાબદારી આપવામાં આવી છે. હાઈકમાન્ડે થોડા દિવસ પહેલા અમિત ચાવડાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા હતા. આ સાથે જ તુષાર ચૌધરીને ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી.

# કરોડો ખર્ચવા છતાંય ગુજરાતમાં કુપોષણની સ્થિતિ ગંભીર

## કેન્દ્ર સરકારે પોલ ખોલી, ગુજરાતમાં 3.21 લાખ આદિવાસી બાળકો કુપોષિત જ રહ્યા

**ગાંધીનગર**

'કુપોષણમુક્ત ગુજરાત'ના નારાં લગાવાઈ રહ્યાં છે. લાખો કરોડો રૂપિયા ગ્રાન્ટ ખર્ચવામાં આવી છે તેમ છતાંય કુપોષણને દૂર કરવામાં સરકારને સફળતા મળી નથી. કેન્દ્ર સરકારે સાંસદમાં રજૂ કરેલાં રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં 3.21 લાખ આદિવાસી બાળકો કુપોષણનો શિકાર છે. ભાજપના શાસનમાં સરકારી યોજનાઓ થકી મળતિયા, ભ્રષ્ટ અધિકારી પોષિત થયાં છે પણ બાળકો તો કુપોષિત જ રહ્યાં છે.

ગુજરાત સરકાર બજેટમાં કરોડો રૂપિયા ફાળવે છે તેમ છતાંય કુપોષણની સ્થિતીમાં ઝાઝો ફરક પડ્યો નથી. રાજ્યમાં કુપોષણનો શિકાર થયેલા બાળકોની સંખ્યામાં ચાર ગણો વધારો થયો છે. સંસદમાં ખુદ કેન્દ્ર સરકારે રજૂ કરેલાં રિપોર્ટમાં ગુજરાતમાં કુપોષણની કેવી સ્થિતી છે તેનો ખુલાસો થયો છે.

જૂન-2025 સુધી ગુજરાતમાં ઓછુ વજન ધરાવતાં આદિવાસી બાળકોની સંખ્યા 1,71,570 રહી છે જ્યારે અતિ ઓછુ વજન ધરાવતાં 1,11,862 આદિવાસી બાળકો છે. ઓછી ઉંચાઈ ધરાવતાં 37,695 બાળકો છે. કુલ મળીને 3,21,127 આદિવાસી બાળકો કુપોષિત છે.

રાજ્યમાં પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, કુપોષણમુક્ત ગુજરાત અભિયાન, નમોશ્રી યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા માતૃત્વ યોજના, મમતા અભિયાન સહિત ઘણી યોજનાઓ અમલમાં છે. દર વર્ષે કુપોષણ દૂર કરવાના નામે લાખો કરોડો રૂપિયા ગ્રાન્ટ ખર્ચવામાં આવે છે તેમ છતાંય ગુજરાતમાં કુપોષણની સ્થિતી યથાવત રહી છે. ગુજરાત કરતાં બિહાર, કર્ણાટક, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ત્રિપુરા, કેરલા, તમિલનાડુમાં કુપોષિત આદિવાસી બાળકોની સંખ્યા ઓછી છે. ટૂંકમાં, ગુજરાત કરતાં અન્ય રાજ્યોમાં કુપોષણને લઈને વધુ ધ્યાન અપાયુ હોય તેવું ચિત્ર ઉપસ્યુ છે. જોકે, સરકારના દાવો એવો છેકે, જનજાગૃતિના અભાવ, આર્થિક ગરીબી, અપુરતો આહાર સહિત અન્ય કારણોસર કુપોષણની સ્થિતીમાં સુધાર આવી શક્યો નથી. કરોડો રૂપિયા બજેટ ખર્ચાયા પછી પણ કુપોષણના દરમાં ચિંતાજનક હદે વધારો થયો છે એનો અર્થ કે, મળતિયા-ભ્રષ્ટ અધિકારીઓ પોષિત થઈ રહ્યાં છે.

# દિલ્હી, MP, રાજસ્થાનમાં ભારે વરસાદથી પૂર, સ્કૂલો બંધ

**નવી દિલ્હી**

દિલ્હી, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં ભારે વરસાદનો દોર જોવા મળી રહ્યો છે. જેના કારણે અનેક નદીઓ ગાંડીતૂર બની છે. નદી-નાળા છલકાવા માંડ્યા છે. સ્કૂલોમાં રજા જાહેર કરવાની ફરજ પડી હતી. રાજસ્થાનના સવાઈ માધોપુર, જયપુર, બુંદી, ધોલપુરમાં સ્થિતિ ચિંતાજનક થઈ ગઈ છે. જ્યારે મધ્યપ્રદેશના શિવપુરી, સાગર, વિદિશા અને ગુનામાં પૂર જેવી સ્થિતિને કારણે ચિંતા વધી ગઈ છે. બચાવ કામગીરી માટે આર્મીએ મેદાનમાં ઊતરવું પડ્યું છે. રાજસ્થાનની ઘણી નદીઓ છલકાઈ રહી છે અને ઘણા બંધ છલકાઈ રહ્યા છે. ધોલપુરમાં ચંબલ નદી છલકાઈ રહી છે. ચંબલ આ સમયે ખતરાના નિશાનથી 11 મીટર ઉપર વહી રહી છે.

ચંબલ કિનારાના ઘણા ગામો સંપૂર્ણપણે ડૂબી ગયા છે. કેટલાક ગામોમાં 10-15 ફૂટ સુધી પાણી ભરાઈ ગયું છે. ગામડાઓમાં હવે કોઈ નથી. લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. હવામાન વિભાગે ગુરુવારે અજમેર, જયપુર, બિકાનેર અને જોધપુર

**ચંબલના અનેક ગામોમાં 10થી 15 ફુટ પાણી, હજારો લોકોનું સ્થળાંતર, અનેક રસ્તા બંધ થયા**



વિભાગના કેટલાક ભાગોમાં ભારે અને ખૂબ જ ભારે વરસાદની આગાહી કરી છે.

મધ્યપ્રદેશમાં સોમવારથી એટલો ભારે વરસાદ શરૂ થયો કે 13 જિલ્લાઓમાં જીવનની ગતિ ઠપ્પ થઈ ગઈ. તસવીરો બતાવે છે કે કેવી રીતે પાણીએ બધું જ ડુબાડી દીધું છે. મુરેના, ભિંડ, ગ્વાલિયર, બુંદેલખંડ ક્ષેત્રમાં ચંબલ નદી પૂરની જેમ ઉભરાઈ રહી છે. સિંધ અને તેની ઉપનદીઓ શિવપુરી અને વિદિશામાં ગામડાઓને ડૂબાડી રહી છે. આ તે નદીઓ છે જે પાછળથી યમુનામાં જોડાય છે અને પછી યમુના પ્રયાગરાજમાં ગંગામાં મળે છે.

રાજસ્થાનમાં છેલ્લા ઘણા દિવસોથી સતત ભારે વરસાદને કારણે જયપુર, સવાઈ માધોપુર, કોટા, દૌસા, અલવર, ભરતપુર, ભીલવાડા, અજમેર, સીકર, ટોંક સહિત એક ડઝનથી વધુ જિલ્લાઓમાં પરિસ્થિતિ બગડવા લાગી છે. આ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ યથાવત છે. રાજ્યના 14 જિલ્લાઓમાં આગામી બે દિવસ માટે રજા જાહેર કરવામાં આવી છે. ભારે વરસાદને કારણે, સવાઈ માધોપુરના બોદલમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર 552 પર સ્થિત પુલ ધોવાઈ ગયો છે અને કોટાના ઇટાવામાં પાર્વતી નદીમાં જોરદાર પૂરને કારણે, રાજસ્થાન અને મધ્યપ્રદેશ વચ્ચેનો માર્ગ સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો છે. ઇટાવા-ખાટોલી પુલ પર દોઢ ફૂટ સુધી પાણી વહી રહ્યું છે, જેના કારણે કોટા-ગ્વાલિયર-શ્યોપુર રોડ પર પણ વાહનવ્યવહાર બંધ થઈ ગયો છે. ભારે વરસાદને પગલે દિલ્હીમાં પણ ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા અને રસ્તાઓ જાણે બેટમાં ફેરવાઈ ગયા હતા.

## કેન્દ્ર સરકારનો નિર્ણય : જમ્મુ કાશ્મીરમાં ચિનાબ નદી પર હાઇડ્રો પ્રોજેક્ટ બનશે

**જમ્મુ કાશ્મીર**

સિંધુ જળ સંધિના અસરકારક સસ્પેન્શન પછી કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીરમાં લાંબા સમયથી પડતર 1856 મેગાવોટના સાવલકોટ હાઇડ્રો ઇલેક્ટ્રિક પ્રોજેક્ટના બાંધકામ માટે ટેન્ડર બહાર પાડ્યા છે. કેન્દ્રશાસિત પ્રદેશના રામબન અને ઉધમપુર જિલ્લામાં ચિનાબ નદી પર સાવલકોટ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્લાન્ટની શરૂ કરવાનો વિચાર વર્ષ 1984માં કરવામાં આવ્યો હતો, પરંતુ સિંધુ જળ સંધિને લઈને પાકિસ્તાન દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાને કારણે વર્ષો સુધી તે અટવાઈ ગયો હતો. આ પ્રોજેક્ટની દેખરેખ નેશનલ હાઇડ્રોઇલેક્ટ્રિક પાવર કોર્પોરેશન (NHPC) રાખશે, જેનો ખર્ચ 209 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવશે અને 113 મહિનાનો લક્ષ્યાંક પૂર્ણ કરવાનો રહેશે.હાઇડ્રો પ્રોજેક્ટ તૈયાર થયા બાદ વાર્ષિક 7,994.73 મિલિયન યુનિટ ઊર્જા ઉત્પન્ન થવાની શક્યતા છે. જેનાથી ઉર્જાની અછત ધરાવતા ઉત્તરીય ગ્રીડમાં વીજ પુરવઠો વધશે અને પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસમાં મદદ મળી રહેશે. જમ્મુ-કાશ્મીરમાં 5,388 મેગાવોટની કુલ સ્થાપિત ક્ષમતા સાથે સાત મુખ્ય હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ બનાવવા માટેની વ્યાપક યોજનાનો એક ભાગ છે.

## દિલ્હી અને NCRમાં બિલ્ડરોના સંકુલોમાં સીબીઆઈના 47 દરોડા : 22 કેસ દાખલ

**જેપી એસોસિયેટ્સ, જેપી ઇન્ફ્રાટેક, સુપરટેક, આઇડિયા બિલ્ડર્સ સહિતની કંપની સાણસામાં**

**નવી દિલ્હી**

દિલ્હી-એનસીઆરમાં હજારો ફ્લેટ ખરીદદારો સાથે છેતરપિંડી કરનારા બિલ્ડરો પર સીબીઆઈ ત્રાટકી છે. સીબીઆઈએ જણાવ્યું હતું કે તેણે વિવિધ બિલ્ડરો અને નાણા સંસ્થાઓના અજાણ્યા અધિકારીઓ સામે કેસ નોંધ્યો છે. સીબીઆઈએ ઉમેર્યું હતું કે સુપ્રીમ કોર્ટ તરફથી આપવામાં આવેલા આદેશનું પાલન કરતાં ૨૨ કેસ નોંધવામાં આવ્યા છે અને ૪૭ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. એનસીઆરમાં મકાન ખરીદીને લઈને કરીદદારો સાથે છેતરપિંડી આચરવામાં આવી તેમા બિલ્ડરો અને બેન્કો વચ્ચે સાંઠગાંઠ ઉભરીને આવી છે. આ દરમિયાન દસ્તાવેજ, ડિજિટલ ઇલેક્ટ્રોનિક પુરાવા પણ જપ્ત કરવામાં આવ્યા છે. સીબીઆઈએ નોંધાવેલા જુદાં-જુદાં કેસોમાં જેપી સ્પોર્ટ્સ ઇન્ટરનેશનલ લિમિટેડ, જયપ્રકાશ એસોસિયેટ્સ લિમિટેડ, અજનારા ઇન્ડિયા લિમિટેડ, વાટિકા લિમિટેડ, જેપી ઇન્ફ્રાટેક લિ., સુપરટેક અને આઇડિયા બિલ્ડર્સના નામે એફઆઈઆર નોંધાઈ છે.સીબીઆઈએ જણાવ્યું હતું કે એજન્સીના આર્થિક ગુનાનિવારણ એકમે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ, પિરામલ ફાઇનાન્સ, એચડીએફસી બેન્ક, આઇસીઆઈસીઆઈ બેન્ક, ટાટા કેપિટલ હાઉસિંગ ફાઇનાન્સ અને પીએનબી હાઉસિંગ ફાઇનાન્સ જેવી બેન્કિંગ અને નાણા સંસ્થાઓ સામે કેસ નોંધ્યો છે.

## જેસલમેરમાં 4500 વર્ષ જૂની હડપ્પા સંસ્કૃતિના અવશેષ મળ્યાં, થારના રણમાં અનોખું સંશોધન

**રાજસ્થાન વિદ્યાપીઠ, ઉદયપુર, અન્ય ઈતિહાસકારોની એક ટીમ દ્વારા સંશોધન**

**જેસલમેર**

રાજસ્થાનના જેસલમેર જિલ્લા અને પાકિસ્તાન સરહદ નજીક આવેલા રામગઢ જિલ્લાથી 60 કિલોમીટર દૂર અને સાદેવાલાના 17 કિમી ઉત્તર-પશ્ચિમમાં સ્થિત રતાડિયા રી ડેરી નામના સ્થળે હડપ્પા સંસ્કૃતિના લગભગ 4500 વર્ષ જૂના અવશેષો મળી આવ્યા છે. આ મહત્ત્વપૂર્ણ શોધ રાજસ્થાન વિશ્વવિદ્યાલય, રાજસ્થાન વિદ્યાપીઠ, ઉદયપુર અને અન્ય ઈતિહાસકારોની એક ટીમ દ્વારા કરવામાં આવી છે.



આ સંશોધનની પુષ્ટિ પ્રોફેસર જીવણ સિંહ ખારકવાલ, ડૉ.તમેધ પવાર અને ડૉ. રવિન્દ્ર દેવડાએ કરી છે અને તેનું રિસર્ચ પેપર ઈન્ડિયન જર્નલ સાયન્સમાં પબ્લિશ કરવા માટે મોકલવામાં આવ્યું છે. પુરાતત્વીય સ્થળસંશોધક દિલીપ કુમાર સૈનીના જણાવ્યા પ્રમાણે આ પુરાતત્વીય સ્થળ થારના રેતાળ ટેકરાઓ વચ્ચે આવેલું છે તેમજ થાર વિસ્તારમાં હડપ્પા સંસ્કૃતિના અવશેષો પહેલીવાર મળી આવ્યા છે. આ સ્થળે મોટા પ્રમાણાં ખંડિત લાલ માટીકામ, વાટકી, ઘડા, છિદ્રિત જારના ટુકડા, ચેર્ટ પથ્થરથી બનેલા 8-10 સેમી લાંબા બ્લેડ, માટી અને શંખમાંથી બનાવવામાં આવેલી બંગડીઓ, ટેરાકોટા કેક, તેમજ પથ્થરની વિવિધ વસ્તુઓ મળી આવી છે.

## દુષ્કર્મના આરોપી અધિકારીને HCમાં બઢતી, વિરોધમાં મહિલા જજનું રાજીનામું

**ભોપાલ**

મધ્યપ્રદેશના શહડોલ જિલ્લામાં ફરજ બજાવતા જુનિયર ડિવીઝન સિવિલ જજ અદિતિ કુમાર શર્માએ 28 જુલાઈના રોજ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે એક સીનીયર જજ પર માનસિક સતામણી અને ગેરવર્તણૂકનો આરોપ લગાવ્યો હતો. તાજેતરમાં, તે સીનીયર જજને મધ્યપ્રદેશ હાઇકોર્ટના જજ બનાવવામાં આવ્યા હતા.શું છે સમગ્ર મામલો?અદિતિ કુમાર શર્માએ જણાવ્યું કે, 'મે વારંવાર ફરિયાદ નોંધાવી હોવા છતાં મારી વાત સાંભળવામાં આવી નથી કે કોઈ તપાસ કરવામાં આવી નથી.' અદિતિ કુમાર શર્માએ પોતાના રાજીનામામાં લખ્યું છે કે, 'આ નિર્ણય મારા વ્યક્તિગત દુઃખને કારણે નથી, પરંતુ ન્યાયિક પ્રણાલીની નિષ્ફળતા સામેનો એક વિરોધ છે. આ રાજીનામું એ વાતનો પુરાવો છે કે મધ્યપ્રદેશમાં એક મહિલા જજ હતી જે ન્યાય માટે સમર્પિત હતી, પરંતુ સંસ્થાએ તેને સાથ ન આપ્યો.'અદિતિ કુમાર શર્માએ દાવો કર્યો કે, 'મારી પાસે આરોપી જજ વિરુદ્ધ પુરાવા પણ હતા, છતાં કોઈ તપાસ થઈ નહીં, કોઈ નોટિસ મળી નહીં, કોઈ સુનાવણી થઈ નહીં. તેમને હવે 'ન્યાયાધીશ' કહેવામાં આવે છે, જે પોતે 'ન્યાય' શબ્દનું અપમાન છે.'

## માલેગાંવ બ્લાસ્ટ કેસમાં સાધ્વી પ્રજ્ઞા-કર્નલ પુરોહિત સહિત સાતેય આરોપીઓ નિર્દોષ

**માલેગાંવ**

મહારાષ્ટ્રના માલેગાંવમાં 17 વર્ષ પહેલા થયેલા બોમ્બ વિસ્ફોટમાં આજે ચુકાદો આવ્યો છે. NIA સ્પેશિયલ કોર્ટે પોતાનો ચુકાદો આપતાં તમામ સાત આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. આ સમગ્ર કેસમાં ભોપાલના ભૂતપૂર્વ ભાજપ સાંસદ સાધ્વી પ્રજ્ઞાને મુખ્ય આરોપી બનાવવામાં આવ્યા હતા. આ વિસ્ફોટ 29 સપ્ટેમ્બર 2008 ના રોજ થયો હતો. કોર્ટે પોતાના ચુકાદામાં સ્વીકાર્યું કે NIA તમામ આરોપો સાબિત કરવામાં નિષ્ફળ રહી છે. ઉલ્લેખનીય છે કે આ બ્લાસ્ટ થયો જેમાં 6ના મોત અને 100થી વધારે લોકો ઇજાગ્રસ્ત થયા હતા. શરૂઆતી તપાસ મહારાષ્ટ્ર એટીએસ દ્વારા કરવામાં આવી હતી. 2011માં આ કેસ એનઆઈએને સોંપવામાં આવ્યો હતો.

## દેશના 20 જેટલા રાજ્યમાં ફેલાયો મચ્છર કરડવાથી ફેલાતો ફાઈલેરિયાસિસ રોગ

**બિહારમાં ભાગલપુરમાં સેમ્પલોની તપાસ કરવામાં આવી**

**લખનઉ**

મચ્છર કરડવાથી ફેલાતો ફાઈલેરિયાસિસ રોગ દેશના 20 રાજ્યોમાં ફેલાયેલો છે. આ રોગના કારણે શરીરમાં ખૂબ સોજા આવે છે. ખાસ કરીને હાથ, પગ અને ગુપ્તાંગમાં વધુ સોજા આવે છે. આ બિમારીને સામાન્ય ભાષામાં હાથીપગો પણ કહેવામાં આવે છે. આ બિમારી ભારતના કયા રાજ્યોમાં સૌથી વધુ ફેલાયેલી છે અને તે કેટલી ખતરનાક છે, જાણે આ રિપોર્ટમાં ભારતમાં આ રાજ્યોમાં 'ફાઈલેરિયાસિસ'ની સૌથી વધુ અસરભારતના ઉષ્ણકટિબંધીય અને ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં ફાઈલેરિયાસિસના કેસ વધુ જોવા મળે છે કારણ કે ગરમ અને ભેજવાળી આબોહવા મચ્છરોના પ્રજનન માટે અનુકૂળ છે. દેશના 250 જિલ્લામાં આ બિમારી ભારતના 20 રાજ્યોમાં 250થી વધુ જિલ્લાઓના લોકોને અસર કરી રહી છે. તેમાં ઉત્તર પ્રદેશના ગોરખપુર, આજમગઢ અને વારાણસી જેવા જિલ્લાઓમાં વધુ કેસ જોવા મળે છે. બિહારના ભાગલપુરમાં નવેમ્બરમાં સર્વે દરમિયાન 10264 સેમ્પલ લેવાયા હતા, જેમાંથી 2.07 ટકા 'ફાઈલેરિયાસિસ'ના પરજીવીમાં સપડાયા હતા.

## જસ્ટિસ વર્માનું આચરણ વિશ્વાસપાત્ર લાગતું નથી : સુપ્રીમ કોર્ટને પણ શંકા

**નવી દિલ્હી**

ઘરેથી કરોડો રૂપિયા મળવા મામલે કાર્યવાહીનો સામનો કરી રહેલા હાઇકોર્ટના જજ યશવંત વર્માને સુપ્રીમ કોર્ટે આકરા સવાલો કર્યા હતા સાથે જ કહ્યું હતું કે જસ્ટિસ વર્માનું વર્તન વિશ્વસનીય નથી લાગી રહ્યું. સુપ્રીમે કહ્યુંહતું કે તમે આટલા દિવસ કેમ ચુપ રહ્યા, તપાસ કમિટી પર વિશ્વાસ નહોતો તો તેની સામે હાજર જ કેમ થયા?, તપાસ શરૂ થઈ ત્યારે જ તેને કેમ ના પડકારી? દિલ્હીમાં જસ્ટિસ વર્માના ઘરેથી મોટી રકમ બળેલી હાલતમાં મળી આવી હતી, જેનો વીડિયો સુપ્રીમ કોર્ટ દ્વારા પોતાની વેબસાઈટ પર પણ જાહેર કરાયો હતો સાથે જ તપાસ માટે કમિટી પણ રચી હતી. કમિટીએ જસ્ટિસ વર્મા સામે મહાભિયોગની કાર્યવાહીની ભલામણ કરી હતી.

# હિમાચલમાં ભૂસ્ખલનને કારણે 3 લોકોના મોત 302 રસ્તાઓ બંધ, 7 દિવસ વરસાદનું એલર્ટ

## મંડી જિલ્લો આફતથી સૌથી વધુ અસરગ્રસ્ત, વીજટ્રાન્સફોર્મરોને ભારે નુકસાન

**દહેરાદૂન**

હિમાચલમાં ભૂસ્ખલનના કારણે રાજ્યમાં 302 રસ્તાઓ બંધ, ઘણા વિસ્તારોમાં આગામી સાત દિવસ માટે ભારે વરસાદનું એલર્ટ પણ આપવામાં આવ્યુ છે. રાજ્યમાં ગુરુવાર સવાર સુધીમાં એક નેશનલ હાઈવે સહિત કુલ 302 રસ્તાઓ અવરોધિત રહ્યા. 436 વીજ ટ્રાન્સફોર્મર અને 254 પાણી પુરવઠાની યોજનાઓ પર પણ અસર પહોંચી છે. હિમાચલ પ્રદેશના અનેક વિસ્તારોમાં સતત વરસાદ વરસી રહ્યો



છે. વરસાદના કારણે અનેક જગ્યાએ ભૂસ્ખલન અને અચાનક આવતી પૂરના બનાવો થઈ રહ્યા છે, જેને કારણે સામાન્ય જીવન પર અસર થઈ રહી છે. મંડી જિલ્લો આફતથી સૌથી વધુ અસરગ્રસ્ત રહ્યો છે જેના પગલે 3 લોકોના મોત થયા હતા. જ્યાં 193 રસ્તાઓ બંધ છે. કુલ્લૂ જિલ્લામાં 134 અને ચંબામાં 142 વીજ ટ્રાન્સફોર્મરો બંધ છે.

હવામાન વિભાગ શિમલા દ્વારા જણાવાયું છે કે 6 ઓગસ્ટ સુધી વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે અને કેટલીક જગ્યાએ ભારે વરસાદ માટે યેલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યો છે. શિમલામાં પણ આગામી દિવસોમાં

# બુલડોઝર એક્શન બાદ ભાઈને ગુમાવનારા ભાજપ નેતાની વ્યથા

## નોટિસ આપ્યા વિના જ બજારમાં કાર્યવાહી હાથ ધરાઈ

**મુરાદાબાદ**

મુરાદાબાદ શહેરની બજાર સમિતિમાં ચાલી રહેલા અતિક્રમણ હટાવો ઝુંબેશે ભાજપ નેતાના પરિવારનું જીવન વિરવિખેર કરી નાખ્યું છે. બજારમાં આવેલી દુકાન પર બુલડોઝર ફેરવી દેતાં ભાજપ મંડળ મંત્રી બ્રિજેન્દ્ર સૈનીના ભાઈએ ધાબા પરથી કૂદીની આપઘાત કરી લીધો હતો. મંગળવારે પૂર્વ સૂચના કે નોટિસ આપ્યા વિના જ બજારમાં બુલડોઝર કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં બ્રિજેન્દ્રસિંહની દુકાન પણ ભોગ બનતાં તેમના ભાઈ ચેતન સૈનીએ આપઘાત કર્યો હતો. વહીવટીતંત્રે તેમને દુકાનમાંથી સામાન હટાવી લેવાનો પણ સમય ન આપતાં લાખો રૂપિયાનો સામાન બરબાદ થઈ ગયો હતો. જેથી ચેતન સૈની માનસિક રૂપે તૂટી ગયો હતો, અને મોડી રાત્રે ધાબા પરથી કૂદી આપઘાત કર્યો હતો. બ્રિજેન્દ્ર સૈનીએ ડેપ્યુટી સીએમ બ્રિજેશ પાઠકને રડતાં રડતાં પોતાની આપવીતિ જણાવી છે કે, આ લોકોએ અમારી દુકાન તોડી દીધી, અમે હાથ-પગ જોડતા રહ્યા કે, બસ પાંચ મિનિટનો સમય આપો. અમે સામાન હટાવી લઈએ. પણ તેમણે સાંભળ્યું નહીં.

# કૃષિ, રેલવે, સહકારી સહિત અનેક સેક્ટર માટેના ફંડને મંજૂરી અપાઈ

**નવી દિલ્હી**

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં છ મોટા નિર્ણય લેવામાં આવ્યા છે. કેબિનેટે કૃષિ, રેલવે, સહકારી સહિત અનેક સેક્ટર માટેના ફંડને મંજૂરી આપી છે. બેઠકમાં મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઓડિશા, ઝારખંડ રાજ્યોના 13 જિલ્લાને આવરી લેતા 4 મલ્ટી ટ્રેકિંગ પ્રોજેક્ટને મંજૂરી અપાઈ છે.

ભારતીય રેલવેનું વર્તમાન નેટવર્ક 574 કિલોમીટર વધી જશે. આ ઉપરાંત નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશનનું બજેટ રૂપિયા 2000 કરોડ વધાર્યું છે. જ્યારે કૃષિ પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના માટે 6520 કરોડ મંજૂર કર્યા છે. 6 નિર્ણયમાં રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમને સશક્ત બનાવવા - 2,000 કરોડ, પ્રધાનમંત્રી કૃષિ સંપદા યોજનાને મજબૂત બનાવવા 6,520 કરોડ, ઈટારસી - નાગપુર ચોથી રેલવે લાઇન માટે 5,451 કરોડ, અલુબારી રોડ - ન્યુ જલપાઈગુડી ત્રીજી અને ચોથી રેલવે લાઇન બનાવવા 1,786 કરોડ, છત્રપતિ સંભાજીનગર - પરભણી રેલવે લાઈનનું ડબલિંગ કરવા 2,179 કરોડ, ડાંગોઆપોસી - જરોલી ત્રીજી અને ચોથી રેલવે લાઈન માટે 1,752 કરોડ મંજૂરી કર્યા છે.

# ઝારખંડના દેવઘર જિલ્લામાં બસ-ટ્રકની ટક્કરમાં આઠ કાવડિયાનાં મોત, 24થી વધુ લોકો ઘાયલ

**દેવઘર**

ઝારખંડના દેવઘર જિલ્લામાં જામુનિયા ગામમાં એક રોડ અકસ્માતમાં આઠ જેટલા કાવડીયાના મોત નિપજ્યા હતા. કાવડિયાને લઈને જઈ રહેલી બસ ગેસ સીલિન્ડર લઈ જતી ટ્રક સાથે ટકરાઈ હતી. જેને કારણે આ જાનહાની થઈ હતી. જોકે ભાજપ સાંસદ નિશિકાંત દૂબેએ ટ્વીટ કરીને દાવો કર્યો હતો કે મારા મતવિસ્તાર દેવઘરમાં અકસ્માતમાં ૧૮ શ્રદ્ધાળુઓના મોત નિપજ્યા છે. ઝારખંડના દેવઘરના જામુનિયા જંગલ



વિસ્તારમાં વહેલી સવારે ૪.૩૦ વાગ્યે કાવડીયાની બસ ટ્રક સાથે ટકરાઈ હતી. જેમાં આઠ જેટલા શ્રદ્ધાળુઓના મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય ૨૪ જેટલા શ્રદ્ધાળુઓને ઘાયલ અવસ્થામાં હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આઈજી શૈલેન્દ્રકુમાર સિન્હાએ કહ્યું હતું કે ઘાયલમાં કેટલાકની સ્થિતિ સ્થીર છે. ગેસ સીલિન્ડર ભરેલા ટ્રક સાથે બસ ટકારાતા આ અકસ્માત થયો હતો. જ્યારે ગોડ્ડાના સાંસદ નિશિકાંત દૂબેએ ટ્વીટ કરીને કહ્યું હતું કે મારા લોકસભા મત વિસ્તારમાં ૧૮ શ્રદ્ધાળુઓના મોત નિપજ્યા છે. કાવડ યાત્રા દરમિયાન એક બસની ટ્રક સાથે ટક્કર થતા આ અકસ્માત સર્જાયો હતો. કેટલાક સ્થાનીકોએ જણાવ્યું હતું કે આ અકસ્માત એટલો ભયાનક હતો કે બસ અલગ થલગ થઈ ગઈ હતી.

# મુંબઈમાં ખરાબ હેન્ડરાઈટિંગ મુદ્દે ટ્યુશન ટીચર ભડક્યાં, વિદ્યાર્થિનીને મીણબત્તીથી ડામ આપ્યા

## વિદ્યાર્થિનીનો જમણો હાથ ગંભીર રીતે દાઝ્યો, શિક્ષિકાને પૂછતાં તેણે તેને નાટક ગણાવ્યું

**મુંબઈ**

મુંબઈના મલાડ વિસ્તારમાંથી એક અત્યંત શરમજનક અને નિર્દય ઘટના સામે આવી છે. એક 8 વર્ષના માસૂમ બાળક સાથે તેની ટ્યુશન ટીચરે ઘાતકી વ્યવહાર કર્યો છે. ઘટના બદલ ટીચરની ધરપકડ કરવામાં આવી છે.

એવો આરોપ છે કે ટ્યુશન ટીચર રાજશ્રી રાઠોડે બાળકના ખરાબ હેન્ડરાઈટિંગથી ગુસ્સે થઈને તેના હાથ પર સળગતી મીણબત્તી મૂકી હતી, જેના કારણે બાળકનો હાથ ખરાબ રીતે દાઝી ગયો હતો. પીડિત બાળક ગોરેગાંવની એક સ્કૂલમાં ત્રીજા ધોરણમાં અભ્યાસ કરે છે. તે દરરોજ સાંજે મલાડના જે.પી.ડેક્સ બિલ્ડિંગમાં રાજશ્રી રાઠોડના ઘરે ટ્યુશન માટે જતો હતો. ઘટનાના દિવસે તેની બહેન તેને ટ્યુશન માટે મૂકવા ગઈ હતી. મોડી રાત્રે, ટ્યુશન ટીચરે પીડિત બાળકની બહેનને ફોન કરીને તેને પાછો લઈ જવા કહ્યું હતું.

જ્યારે બહેન ટ્યુશન લેવા પહોંચી ત્યારે તેણે જોયું કે બાળક રડી રહ્યો હતો અને તેનો જમણો હાથ ગંભીર રીતે દાઝી ગયો હતો. જ્યારે તેણે શિક્ષકાને આ અંગે પૂછ્યું ત્યારે તેણે તેને 'નાટક' ગણાવ્યું. પરંતુ ઘરે પહોંચીને બાળકે તેના પિતાને કહ્યું કે, 'રાજશ્રી મેડમે મને ખરાબ હેન્ડરાઈટિંગની સજા આપતા મારો હાથ પર સળગતી મીણબત્તી પર મૂક્યો હતો.' બાળકની સ્થિતિ અને દુખાવો જોઈને, તેના પિતાએ તાત્કાલિક તેને કાંદિવલીની ડૉ. બાબાસાહેબ આંબેડકર હોસ્પિટલમાં દાખલ કર્યો અને પછી કુરાર પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

# દેશના ટોલ પ્લાઝા પર દૈનિક 168 કરોડની કમાણી, સરકારે લોકસભામાં આપી માહિતી

**નવી દિલ્હી**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી દ્વારા સંસદમાં આપવામાં આવેલી માહિતી મુજબ, ભારતમાં ટોલની આવક વર્ષોથી નોંધપાત્ર રીતે વધી છે. તેમણે કહ્યું કે, દેશભરના ટોલ પ્લાઝા પર દૈનિક 168 કરોડ રૂપિયાની કમાણી થઈ રહી છે. કેન્દ્ર સરકારે એ પણ સ્પષ્ટતા કરી છે કે, ટોલ વસૂલાત ફક્ત ખર્ચ વસૂલાત માટે નથી, પરંતુ નિયમો મુજબ ઉપયોગ ફી છે. સરકારી કે ખાનગી પ્રોજેક્ટ મુજબ ટોલનો સમયગાળો અને દર નિશ્ચિત હોય છે.

સરકારે કહ્યું છે કે, નેશનલ હાઈવેને ટોલ-ફ્રી કરાવ માટેની કોઈ યોજના નથી. વસૂલીથી મળેલ નાણાં સેન્ટ્રલ કોન્સોલિડેટેડ ફંડમાં જાય છે અને તે જ નાણાંથી નવા રસ્તાઓ બનાવવામાં અને રિપેરિંગ કરવામાં આવે છે. બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર હેઠળ પ્રોજેક્ટમાં નિર્ધારીત સમયગાળા બાદ ટોલ સરકારને સોંપી દેવામાં આવે છે, પછી સરકાર જ વસૂલી કરે છે. નાણાકીય વર્ષ 2025 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (એપ્રિલ-જૂન 2025) FASTag દ્વારા ટોલ વસૂલાત રૂપિયા 20,681.87 કરોડ થઈ હતી, જે પાછલા વર્ષના સમાન સમયગાળા કરતાં 19.6% નો વધારો દર્શાવે છે.

# બિહારમાં 80,000 કરોડનું કૌભાંડ : તેજસ્વી યાદવે નીતીશ સરકાર પર સાધ્યું નિશાન

**નવી દિલ્હી**

રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે બિહારની ડબલ એન્જિન સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. ઈન્ડિયા ગઠબંધનની સમન્વય સમિતિની બેઠક બાદ મીડિયા સાથે વાતચીત કરતા તેજસ્વીએ કહ્યું કે, બુધવારે અમારી બેઠકમાં મહત્ત્વપૂર્ણ ચર્ચાઓ કરવામાં આવી છે. આ દરમિયાન તેમણે બિહારમાં 80 હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ થયું હોવાનું અને રાજ્યમાં બેરોજગારી સહિતના મુદ્દે નીતીશ સરકાર પર નિશાન સાધ્યું છે.તેજસ્વીએ નીતીશ સરકાર પર સાધ્યું નિશાનતેમણે કહ્યું કે, 'બિહાર સરકાર ડબલ એન્જિન સરકારની વાત કરે છે, તેમના એક એન્જિનમાં ગુના લાગેલા છે અને બીજા એન્જિનમાં ભ્રષ્ટાચાર લાગેલો છે.

# સરકારે બિભત્સતા ફેલાવનારી 43 ઓટીટી એપ્લિકેશનો બ્લોક કરી

**નવી દિલ્હી**

ઓટીટી પ્લેટફોર્મ પર અશ્લીલતા ફેલાવનારી એપ્સ સામે સરકાર મોટી કાર્યવાહી કરી રહી છે. કેન્દ્ર સરકારે સંસદમાં જાણકારી આપી છે કે અત્યાર સુધીમાં અશ્લીલ, હિંસક, પુખ્ત અને સાંસ્કૃતિક રીતે વાંધાજનક કન્ટેન્ટ આપનારી 43 ઓવર ધ ટોપ પ્લેટફોર્મને બ્લોક કરવામાં આવ્યા છે. સરકારે IT એક્ટ 2000 હેઠળ માહિતી ટેકનોલોજી નિયમો 2021ને અધિસૂચિત કર્યા છે. નિયમો મુજબ ઓટીટી પ્લેટફોર્મ માટે સરકાર દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકાનું પાલન કરવું ફરજિયાત છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં જણાવ્યું હતું કે નિયમોના ભાગ IIIમાં ઓનલાઈન ક્યુરેટેડ કન્ટેન્ટ અને ડિજિટલ ન્યૂઝ પબ્લિશર્સ માટે આચારસંહિતા આપવામાં આવી છે. ઓટીટી પ્લેટફોર્મે તેનું પાલન કરવું પડશે કે તે કાયદા દ્વારા પ્રતિબંધિત કોઈપણ કન્ટેન્ટ બતાવતું નથી. ઓટીટી પ્લેટફોર્મ નિયમોના સમયપત્રકમાં આપેલા સામાન્ય માર્ગદર્શિકાનું પાલન કરવા માટે બંધાયેલા છે, એટલે કે, ઓટીટી પ્લેટફોર્મ નગ્નતા અને હિંસા સંબંધિત કંઈપણ દર્શાવતી કોઈપણ સામગ્રી બતાવી શકતા નથી.

# હૈદરાબાદ એરપોર્ટ પરથી 40 કરોડના ગાંજા સાથે એક મહિલાની ધરપકડ કરાઈ

**હૈદરાબાદ**

હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એનસીબીએ એક મોટી કાર્યવાહી હાથ ધરી જેમાં એક મહિલા યાત્રી પાસેથી 400 કિલો ગાંજો જપ્ત કર્યો છે. જેની માર્કેટ વેલ્યુ 40 કરોડ છે. એજન્સીના જણાવ્યા અનુસાર એનસીબી તરફથી એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યુ હતુ કે આ કાર્યવાહી ગુપ્ત સૂચનાના આધાર પર કરવામાં આવી છે.

મહિલાના બે બેગ્સની તપાસ કરી તેમાંથી આ ગાંજો મળ્યો છે. આ ગાંજાને હાઈડ્રોપોનિક ટેકનીક સાથે ઉગાડવામાં આવ્યો હતો. એવું કહેવાય છે કે આ ગાંજો સામાન્ય ગાંજાની તુલનામાં વધારે પ્રભાવ શાળી હોય છે.

# ગિલે ગાવસ્કર અને સોબર્સનો રેકોર્ડ તોડ્યો

## એક જ સિરીઝમાં હાઇએસ્ટ રન નોંધાવ્યા : સુદર્શનની લડાયક બેટિંગ બાદ નાયરની અડધી સદી, ભારત ૬/૨૦૪




લંડન : ટોચના ક્રમની નિષ્ફળતા બાદ સાઈ સુદર્શનની લડાયક બેટિંગ અને કરુણ નાયરની અડધી સદીની મદદથી ભારતે વરસાદથી વિઘ્નિત થયેલી ઈંગ્લેન્ડ સામેની અંતિમ ટેસ્ટના પ્રથમ દિવસની રમતના અંતે છ વિકેટે ૨૦૪ રન નોંધાવ્યા હતા. ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. સ્ટમ્પના સમયે નાયર બાવન તથા વોશિંગ્ટન સુંદર ૧૯ રને રમી રહ્યા હતા. ઓપનર જયસ્વાલ (૨) તથા લોકેશ રાહુલ (૧૪)ના આઉટ થયા બાદ ગિલ ૨૧ રન બનાવીને રનઆઉટ થયો હતો. સુદર્શને ૩૮ તથા જાડેજા નવ રન બનાવીને આઉટ થયા હતા. ભારતીય સુકાની શુભમન ગિલ ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રોણીમાં શાનદાર ફોર્મમાં છે. લંડનના ધ ઓવલ ખાતે રમાતી પાંચમી અને અંતિમ ટેસ્ટના પ્રથમ દિવસે ગિલે એક જ સિરીઝમાં સુકાની તરીકે હાઈએસ્ટ રન નોંધાવનાર ભારતના સુનીલ ગાવસ્કર અને વેસ્ટ ઈન્ડીઝના ગેરી સોબર્સનો રેકોર્ડ બ્રેક કર્યો હતો. ગિલે લંચ પહેલાં ૨૩ બોલમાં ત્રણ બાઉન્ડ્રીની મદદથી ૧૫ રન બનાવ્યા હતા અને આ સાથે ગાવસ્કરનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. ગિલ પાંચ ટેસ્ટની નવ ઈનિંગ્સમાં અત્યાર સુધી ૭૪૩ રન બનાવી ચૂક્યો છે.

### રાહુલે ૧૦૦૦ બોલ રમીને કોહલીને પાછળ રાખ્યો





ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રોણીમાં સર્વાધિક બોલ રમવાના મામલે ભારતીય બેટ્સમેનોની યાદીમાં લોકેશ રાહુલે વિરાટ કોહલીને પાછળ રાખી દીધો છે. લોકેશ પાંચ ટેસ્ટની શ્રોણીમાં અત્યાર સુધી ૧૦૩૮ બોલ રમી ચૂક્યો છે. કોહલીએ ૨૦૧૮ના ઈંગ્લેન્ડ પ્રવાસમાં ૧૦ ઈનિંગ્સમાં ૧૦૨૫ બોલ રમ્યો હતો.

# ઓસ્ટ્રેલિયા જનારી ભારતીય અંડર-૧૯ ટીમમાં ગુજરાતના ત્રણ ખેલાડી સામેલ

## બંને ટીમ વચ્ચે ત્રણ વન-ડે અને બે ચાર દિવસીય મેચ રમાશે

અમદાવાદ : ભારતીય અંડર-૧૯ ક્રિકેટ ટીમ સપ્ટેમ્બર મહિનામાં ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જનારી છે જેમાં ગુજરાતની અંડર-૧૯ ટીમના ત્રણ ક્રિકેટરનો સમાવેશ કરવામાં આવ્યા છે. જેમાં વેદાન્ત ત્રિવેદી, ખિલન પટેલ અને હેનિલ પટેલ સામેલ છે. ગુજરાત ક્રિકેટ એસોસિયેશને આ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. ભારતની અંડર-૧૯ ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં ઓસ્ટ્રેલિયન અંડર-૧૯ ટીમ સામે ત્રણ મર્યાદિત ઓવર્સની મેચ રમ્યા બાદ ચાર-ચાર દિવસની બે મેચ પણ રમનારી છે. ૨૧, ૨૪ અને ૨૬મી સપ્ટેમ્બરે નોર્થ્સ ખાતે ત્રણ વન-ડે મેચ રમાયા બાદ બંને ટીમ ૩૦મી સપ્ટેમ્બરથી ત્રીજી ઓક્ટોબર દરમિયાન નોર્થ્સ ખાતે જ ચાર દિવસની મેચ રમાશે. **ભારતની અંડર-૧૯ ટીમ આ મુજબ છે :** આયુષ મ્હાત્રે (સુકાની), વિહાન



મલ્હોત્રા (ઉપ સુકાની), વૈભવ સૂર્યવંશી, વેદાન્ત ત્રિવેદી, રાહુલ કુમાર, અભિજ્ઞાન કુન્ડુ , હરવંશ સિંઘ , આર એસ અંબરિશ, કનિષ્ક ચૌહાણ, નમન પુષ્પક, હેનિલ પટેલ, ડી. દિપેશ, કિશન કુમાર, અનમોલજિત સિંઘ, ખિલન પટેલ, ઉદ્ધવ મોહન, અમન ચૌહાણ. સ્ટેન્ડ બાયઃ યુદ્ધજિત ગુહા, લક્ષ્મણ, બી કે કિશોર, અલંકિત રિપોલ, અર્ણવ બગ્ગા.

# WCL : ભારતે પાકિસ્તાન સામેની સેમિફાઈનલ રમવાનો ઈન્કાર કર્યો

## વર્લ્ડ ચેમ્પિ. ઓફ લિજેન્ડ્સમાં ભારતનું અભિયાન પૂરું

**નવી દિલ્હી**

બર્મિંગહામ ખાતે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)ની બહુપ્રતિષ્ઠિત સેમિફાઈનલમાં પરંપરાગત ભારત અને પાકિસ્તાનની ટીમો વચ્ચે મકાબલો થવાનો હતો પરંતુ હવે રમાશે નહીં. ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાન સામેની આ મેચનો બહિષ્કાર કર્યો છે જેના કારણે આ નિર્ણય લેવાયો છે. આ સાથે ટૂર્નામેન્ટમાં ભારતની સફર પણ પૂરી થઈ ચૂકી છે. બીજી સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા આમનેસામને થશે. ગ્રૂપ તબક્કામાં પણ ભારતીય ટીમે પાકિસ્તાન સામે રમવાનો છેલ્લી ઘડીએ ઈનકાર કરી દીધો હતો. આ નિર્ણય પાછળ ભારતીય ખેલાડીઓના વ્યક્તિગત અને રાષ્ટ્રીય ભાવનાઓને મુખ્ય કારણ માનવામાં આવે છે. આયોજકો તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા વ્યક્ત કરવામાં આવી નથી. ટૂર્નામેન્ટના મુખ્ય સ્પોન્સરમાંની એક કંપનીએ પણ સેમિફાઈનલ મેચથી પોતાને અલગ કરી દીધી છે. કંપનીના કો-ડાયરેક્ટરે જણાવ્યું હતું કે ભારતના લોકોની લાગણીઓનું સન્માન કરીને અમે આ મેચમાંથી પીછેહઠ કરી રહ્યા છીએ.

# ઓસ્ટ્રેલિયામાં કેનેડિયન 'બાઈક વિઅર્ડો'એ બે વિશ્વ રેકોર્ડ તોડ્યા

**ઓન્ટેરિયો**

લિઝાન વિલ્મોટ કહે છે કે, પેની ફર્થિંગ ચલાવનારા લોકો વિચિત્ર હોય છે અને તે બધામાં સૌથી ઝડપી વિચિત્ર છે. નવા વર્ષની પૂર્વ સંધ્યાએ કેનેડિયન જન્મેલી સાઈકલિસ્ટે ઓસ્ટ્રેલિયાના બર્નીમાં તાસ્માનિયન ક્રિસમસ કાર્નિવલમાં 41.709 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે એક પેની ફર્થિંગ પર સૌથી ઝડપી ગતિનો વિશ્વ રેકોર્ડ તોડ્યો હતો. આ સાથે જ તેમણે મહિલા ખિતાબનો દાવો કર્યો અને પુરુષોનો રેકોર્ડ પણ તોડ્યો. બે દિવસ પહેલા આ જ ઈવેન્ટમાં તેણીએ એક મિનિટ અને 52.750 સેકન્ડમાં એક પેની ફર્થિંગ પર સૌથી ઝડપી એક કિલોમીટરનો મહિલા વિશ્વ રેકોર્ડ તોડ્યો હતો. તે કહે છે કે બંને સવારી તેના હેમસ્ટ્રિંગ માટે ખૂબ જ ખરાબ હતી, પરંતુ તેની બેસ્પોક વિક્ટોરિયન-શૈલીની સાયકલ પર વિજય મેળવવાનો આનંદ હતો. વિલ્મોટે એઝ ઈટ હેપન્સના મહેમાન હોસ્ટ મેગન વિલિયમ્સને કહ્યું કે, જ્યારે તમે પેની ફર્થિંગ પર હોવ છો, ત્યારે તમે આખો સમય હસ્યા વિના રહી શકતા નથી, ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સે આ મહિને વિલ્મોટના ટાઈટલને પ્રમાણિત કર્યા હતા.

# કેનેડા ઓપન : મારિયા સક્કારીને હરાવી જેસિકા પેગુલાએ સતત ૧૧મો વિજય મેળવ્યો

## સેરેના બાદ પ્રથમ ખેલાડી બની : અમાન્ડા એનિસિમોવા અને નાઓમી ઓસાકાની આગેકૂચ

**મોન્ટ્રિયલ**

બે વખતની ડિફેન્ડિંગ ચેમ્પિયન જેસિકા પેગાલુએ કેનેડા ઓપન (મોન્ટ્રિયલ ઓપન) ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સમાં સતત ૧૧મો વિજય હાંસલ કર્યો હતો. તેણે બીજા રાઉન્ડની મેચમાં મારિયા સક્કારીને ભારે રસાકસી બાદ હરાવી હતી. અમેરિકન ખેલાડીએ પ્રથમ સેટમાં ૪-૫ના સ્કોરે પાંચ સેટ પોઈન્ટ બચાવીને વળતી લડત આપીને મુકાબલો ૭-૫, ૬-૪થી પોતાના નામે કર્યો હતો. પેગુલા આ




ટૂર્નામેન્ટમાં સતત ૧૧ વિજય મેળવનાર મહિલા ખેલાડી બની ગઈ છે. સેરેના વિલિયમ્સે ૨૦૧૧થી ૨૦૧૪ની વચ્ચે આ ટૂર્નામેન્ટમાં સતત ૧૪ મુકાબલા જીત્યા હતા. તેનો આગામી મુકાબલો એનેસ્તિસિયા સેવાસ્તોવા સામે થશે. ભૂતપૂર્વ ૧૧મી ક્રમાંકિત સેવાસ્તોવાએ ૨૦૧૬ની ઈન્ડિયન વેલ્સ ઓપનમાં પેગુલાને હરાવી હતી. જોકે પેગુલાએ ૨૦૧૯માં ચાર્લ્સટન ક્લે કોર્ટ ટૂર્નામેન્ટમાં સેવાસ્તોવાને હરાવીને હિસાબ સરભર કર્યો હતો. ટોપ-૧૦માં સામેલ અમેરિકાની અન્ય ખેલાડી અમાન્ડા એનિસિમોવાએ લુલુ સનને ૬-૪, ૭-૬ (૪)થી હરાવી હતી. ચાલુ વર્ષે વિમ્બલ્ડનમાં રનર્સ-અપ બનેલી અમાનડાએ ધમાકેદાર ૧૧ એસ ફટકાર્યા હતા.

# વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપ : કેનેડાની સમર મેકિન્ટોસની ગોલ્ડન હેટ્રિક

## બીજા ક્રમનો ફાસ્ટેસ્ટ ટાઇમ મેળવ્યો : ૫૦ મીટર બેકસ્ટ્રોકમાં અમેરિકાને ગોલ્ડ અને સિલ્વર

**સિંગાપોર ।** કેનેડિયન સ્વિમર સમર મેકિન્ટોસે સિંગાપોર ખાતેની વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડન હેટ્રિક નોંધાવી હતી. મેકિન્ટોસે વિમેન્સ ૨૦૦ મીટર બટરફ્લાયમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ૧૮ વર્ષીય સ્વિમરે બે મિનિટ ૧.૯૯ના સમયમાં રેસ પૂરી કરી હતી પરંતુ તે વર્લ્ડ રેકોર્ડ તોડવાથી વંચિત રહી હતી. અગાઉના રેકોર્ડ ૨૦૦૯માં ચીનની લિયુ ઝિગે બે મિનિટ ૦૧.૮૧ સેકન્ડનો નોંધાવ્યો હતો. મેકિન્ટોસનો સમય ઈવેન્ટના ઈતિહાસમાં બીજો ફાસ્ટેસ્ટ નોંધાયો છે. મેકિન્ટોસે વર્તમાન




ચેમ્પિયનશિપમાં ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલ તથા ૨૦૦ મીટર વ્યક્તિગત મિડલેનો ગોલ્ડ મેડલ પણ પોતાના નામે કર્યો હતો. ૨૦૦ મીટર બટરફ્લાયમાં અમેરિકાની રેગાન સ્મિથે બે મિનિટ ૦૪.૯૯ સેકન્ડના સમય સાથે સિલ્વર તથા ઓસ્ટ્રેલિયાની એલિઝાબેથ ડેક્કરે બે મિનિટ ૦૬.૧૨ સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. ચીનની ૧૨ વર્ષીય યુ ઝીદીએ પોતાના પ્રભાવશાળી દેખાવને જારી રાખ્યો હતો અને તે ચોથા ક્રમે રહી હતી. અમેરિકાની કેથરિન બર્કઓફ અને રેગાન સ્મિથે અમેરિકાને વિમેન્સ ૫૦ મીટર બેકસ્ટ્રોક ઈવેન્ટમાં અનુક્રમે ગોલ્ડ અને સિલ્વર મેડલ અપાવ્યા હતા.

### ફ્રાન્સનો લિઓન મર્ચન્ડ એક સેકન્ડ માટે વર્લ્ડ રેકોર્ડથી વંચિત રહ્યો



ફ્રેન્ચ ફેલ્પ્સ તરીકે જાણીતા બનેલા ફ્રાન્સના લિઓન મર્ચન્ડે ૨૦૦ મીટર વ્યક્તિગત મિડલેમાં એક મિનિટ ૫૩.૬૯ સેકન્ડના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે સેમિફાઈનલમાં એક મિનિટ ૫૨.૬૯ સેકન્ડનો સમય હાંસલ કરીને રેકોર્ડ નોંધાવ્યો હતો. જોકે તે ફાઈનલમાં એક સેકન્ડના ફરકથી નવો રેકોર્ડ નોંધાવવાથી વંચિત રહ્યો હતો. આ ઈવેન્ટમાં અમેરિકાનો શાઈને કાસાસે સિલ્વર તથા હંગેરીના હ્યુબર્ટ કોસે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો.

# નાસા-ઈસરોએ સાથે મળી લોન્ચ કર્યું નિસાર મિશન, અંતરિક્ષથી પૃથ્વી પર રાખશે દેખરેખ

**હરિકોટા**

ઈસરોએ આજે નાસા સાથે મળી નિસાર મિશન લોન્ચ કર્યું છે. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતિષ ધવન અંતરિક્ષ કેન્દ્ર ખાતે આજે બુધવારે સાંજે 5.40 વાગ્યે નિસાર (નાસા-ઈસરો સિન્થેટિક એપરચર રડાર)ને જીએસએલવી-એસ16 રોકેટ મારફત લોન્ચ કર્યું છે. આ પહેલું એવુ મિશન છે, જેમાં કોઈ જીએસએલવી રોકેટ મારફત સન-સિંક્રોનસ ઓર્બિટ (સૂર્ય-સ્થિર કક્ષા)માં કૃત્રિમ ઉપગ્રહ સ્થાપિત કરવામાં આવ્યો હોય.



જીએસએલવી રોકેટ લગભગ 19 મિનિટની યાત્રા બાદ ઉપગ્રહને 745 કિમીની ઊંચાઈએ સૂર્યની સ્થિર ધ્રુવીય કક્ષા (સન-સિંક્રોનસ ઓર્બિટ) માં સ્થાપિત કરશે. આ એવી કક્ષા છે, જ્યાં ઉપગ્રહ પૃથ્વીના ધ્રુવોની ઉપરથી પસાર થાય છે, અને દરેક વખતે એક વિશેષ સ્થાનથી પસાર થાય છે, જો કે, દરેક સ્થિતિમાં સૂર્ય પ્રકાશની સ્થિતિ એક જેવી જ રહે છે. કાવુલરૂએ મિશન વિશે જણાવ્યું હતું કે, નાસાએ નિસાર માટે એલ-બેન્ડ ઉપલબ્ધ કરાવ્યું છે, જ્યારે ઈસરો સિન્થેટિક એપરચર રડાર માટે એસ-બેન્ડ પુરૂ પાડ્યું હતું. જેનાથી મોટી સંખ્યામાં ડેટા એકત્રિત કરવાનું સંભવ બનશે. આ ઉપગ્રહ એન્ટાર્કટિકા, ઉત્તરીય ધ્રુવ, અને મહાસાગરો સ્થિત પૃથ્વી પાસેથી સંબંધિત વ્યાપક ડેટા પ્રસારિત કરશે. કાવુલુરૂએ જણાવ્યું હતું કે, નિસાર સમગ્ર પૃથ્વીનો સંપૂર્ણ ડેટા એકત્રિત કરશે. જેનો ઉપયોગ કોમર્શિયલ અને વૈજ્ઞાનિક ઉદ્દેશો માટે થશે.

# તુર્કીના જંગલોમાં ભીષણ આગ લાગી, અત્યાર સુધી 17ના મોત

## જંગલમાં આગ ઓલવતી વખતે ફાયર ફાઈટરનું મોત

**બર્સા**

ઉત્તરપશ્ચિમ તુર્કીના બર્સા શહેરની બહારના જંગલોમાં ભીષણ આગ લાગી છે. આગ સંબંધિત ઘટનાઓમાં બે લોકોના મોત થયા છે. આ સાથે જૂનના અંતથી અત્યાર સુધીમાં આગમાં માર્યા ગયેલા લોકોની સંખ્યા વધીને 17 થઈ ગઈ છે. સમાચાર એજન્સી અનુસાર મૃત્યુ પામેલા બે લોકો પાણીના ટેન્કર નીચેથી બહાર આવી રહ્યા હતા. ટેન્કરનો ઉપયોગ જંગલની આગ ઓલવવા માટે કરવામાં આવતો હતો જે પલટી ગઈ હતી. ટેન્કર પલટી જવાથી ઘાયલ થયેલા બંને લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બંનેના સારવાર દરમિયાન મૃત્યુ થયા હતા. ઉત્તરપશ્ચિમ બર્સા પ્રાંતમાં ભારે હવામાનને કારણે જંગલની આગ સતત ફેલાતી રહેવાને કારણે એક ફાયર ફાઈટરનું મૃત્યુ થયું. તુર્કીના પરિવહન અને માળખાગત સુવિધાઓ મંત્રી અબ્દુલકાદિર ઉરાલોગ્લુએ જણાવ્યું હતું કે આગ ઓલવતી વખતે ફાયર ફાઈટરને હાર્ટ એટેક આવ્યો હતો અને ગઈકાલે હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થયું હતું.

# બ્રિટનની ફ્લાઇટમાં ભારતીય યાત્રીનો હોબાળો, બોમ્બથી ઉડાડવાની ધમકી

**લંડન**

બ્રિટનના લ્યુટનથી ગ્લાસગો જઈ રહેલી ઈઝીજેટની એક ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. ફ્લાઈટમાં એક વ્યક્તિ અચાનક જ 'અલ્લાહ હુ અકબર, ફ્લાઈટમાં બોમ્બ છે' જોરથી એવી બૂમો પાડવા લાગ્યો જેના કારણે પાઈલટને ગ્લાસગો એરપોર્ટ પર ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. તેમજ યાત્રીએ 'અમેરિકા મુર્દાબાદ' અને 'ટ્રમ્પ મુર્દાબાદ' જેવા નારા પણ લગાવ્યા હતા.બ્રિટનની ફ્લાઈટને યાત્રીએ બોમ્બથી ઉડાડવાની ધમકી આપી પ્રાથમિક માહિતી અનુસાર, આ વ્યક્તિ ટૉયલેટમાંથી બહાર આવીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી રહ્યો હતો. આ જોઈને અન્ય યાત્રીઓએ તેને કાબૂમાં કર્યો. ત્યારબાદ ફ્લાઈટમાં ઈમરજન્સીની સ્થિતિ જાહેર કરવામાં આવી અને ATC (એર ટ્રાફિક કંટ્રોલ) નો સંપર્ક કરીને ગ્લાસગો એરપોર્ટ પર ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું. ધમકી આપનાર અને વિરોધી નારા લગાવનાર યાત્રીની ધરપકડ કરી લેવામાં આવી છે. આરોપીની ઓળખ લુટનમાં રહેતા 41 વર્ષીય અભય દેવદાસ નાયક તરીકે થઈ છે.

# રશિયામાં 8.8ની તીવ્રતાનો ભૂકંપ, જાપાનમાં 15થી 20 ફૂટ ઊંચા મોજા ઉછળ્યા, અમેરિકાને પણ અસર

**ટોક્યો**

રશિયામાં દૂર પૂર્વમાં આવેલા વિસ્તારમાં ૮.૮ની તીવ્રતાવાળા ભૂકંપના કારણે આપેલા સુનામીના મોજા જાપાન, અમેરિકા અને કેનેડાના પશ્ચિમ કાંઠા સુધી પહોંચ્યા હતા. આ ભૂકંપમાં રશિયાને નુકસાન થયું હતું, પરંતુ કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. પણ ભૂકંપ પછીના સુનામીના મોજાએ કેટલાય દેશોમાં કંપારી છોડાવી દીધી હતી. છેક દક્ષિણ અમેરિકાના ચીલી સુધી તેની અસર અનુભવાઈ હતી. અમેરિકામાં કેલિફોર્નિયા અને જાપાનના દરિયાકિનારા સુધી ત્રણથી ચાર મીટર જેટલા ઊંચા મોજા ઉછળ્યા હતા. જ્યારે રશિયામાં દરિયાકિનારે તો ૧૦થી ૧૫ મીટર જેટલા ઊંચા મોજા ઉછળ્યા હતા. લોકોને દરિયાઈ વિસ્તારોમાં જવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. તેના



પછી ૬.૯ની તીવ્રતાના આફ્ટર શોક આવ્યા હતા. જાપાનને આ સુનામીએ ૨૦૧૧માં આવેલા સુનામીની યાદ અપાવી હતી. કેમાચાત્કામાં રહેલાં અનેક મકાનો અને બાંધકામો તૂટી પડયાં હતાં. કેટલાંયે મકાનોમાં મોટી તિરાડો પડી ગઈ હતી. આ સુનામી મોજાંને લીધે જાપાન તથા હવાઈ-ટાપુઓમાં લોકોને સલામત સ્થળે ફેરવવામાં આવ્યા હતા.

# ન્યૂયોર્ક સિટી ઓફિસ ટાવરમાં ગોળીબાર થતાં પોલીસ અધિકારી સહિત ચારનાં કરૂણ મોત

**ન્યૂયોર્ક**

ન્યૂયોર્ક સિટી ઓફિસ ટાવરમાં એક રાયફલધારી વ્યકિતએ ચાર લોકોની હત્યા કરી હતી જેમાં એક ઓફ ડયુટી ન્યૂયોર્ક પોલિસ અધિકારીનો પણ સમાવેશ થાય છે. તેણે પાંચમાં વ્યકિતને ઘાયલ કર્યો હતો અને ત્યારબાદ તેણે પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. મૃતક પોલીસ અધિકારીની ઓળખ ૩૬ વર્ષીય દીદારુલ ઈસ્લામ તરીકે કરવામાં આવી હતી. જે બાંગ્લાદેશથી એક અપ્રવાસી હતાં અને ન્યૂયોર્ક શહેરમાં સાડા ત્રણ વર્ષ સુધી પોલીસ અધિકારી રહ્યાં હતાં. પોલીસ કમિશનર જેસિકા ટિશે એક પત્રકાર પરિષદમાં આ પોલીસ અધિકારી અંગે જણાવ્યું હતું કે તે તે એવી રીતે મૃત્યુ પામ્યો જેવી રીતે જીવતો હતો. એક હીરોની જેમ. તેમણે જણાવ્યું હતું કે પરિણીત હતો અને તેના બે બાળકો હતાં.



તેની પત્ની ત્રીજા બાળકથી ગર્ભવતી છે.ટિશે જણાવ્યું હતું કે બંદૂકધારીની ઓળખ લાસ વેગાસના શેન તામુરા તરીકે કરવામાં આવી છે. તેણે હુમલો કર્યા પછી આત્મહત્યા કરી લીધી હતી. તે માનસિક બિમારીનો ઈતિહાસ ધરાવતો હતો. જો કે તેણે હુમલો કેમ કર્યો તે હજુ સુધી જાણી શકાયું નથી.

# યુક્રેનના આર્મી ટ્રેનિંગ કેમ્પ પર હુમલો 200 સૈનિકો માર્યાનો રશિયાનો દાવો

**નવી દિલ્હી**

રશિયા-યુક્રેન યુદ્ધના ત્રણ વર્ષથી વધુ સમય પછી પણ જમીન પર પરિસ્થિતિ અત્યંત તંગ છે. આ દરમિયાન રશિયાએ યુક્રેનના ચેર્નિહિવ ક્ષેત્રમાં એક લશ્કરી તાલીમ કેન્દ્ર પર મિસાઈલ હુમલો કર્યો હતો, જેમાં ત્રણ યુક્રેનિયન સૈનિકો માર્યા ગયા અને ૧૮ અન્ય ઘાયલ થયા. જોકે, રશિયન સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે આ હુમલામાં લગભગ ૨૦૦ યુક્રેનિયન સૈનિકો માર્યા ગયા છે.રશિયન મંત્રાલયના જણાવ્યા અનુસાર યુક્રેનના ૧૬૯મા તાલીમ કેન્દ્રને બે મિસાઈલો દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. યુક્રેનિયન વાયુસેનાએ આપેલી માહિતી મુજબ રશિયાએ મંગળવારે રાત્રે ૭૮ ડ્રોન હુમલા કર્યા હતા, જેમાંથી કેટલાક નવી ટેકનોલોજીવાળા જેટ સંચાલિત ડ્રોન હતા. આ હુમલાઓમાં ઓછામાં ઓછા ૫ નાગરિકો ઘાયલ થયા હતા. દરમિયાનમાં યુક્રેનના કેટલાક નેતાઓ સાથે યુએસ અને યુકેના અધિકારીઓની ગુપ્ત બેઠક થઈ છે. આ બેઠકમાં ઝેલેન્સ્કીને રાષ્ટ્રપ્રમુખ પદ પરથી દૂર કરવાના મુદ્દા પર ચર્ચા થઈ હતી. કેટલાંક દાવા મુજબ, યુએસ અને યુકે ઈચ્છે છે કે ઝેલેન્સ્કીના સ્થાને ભૂતપૂર્વ સેના વડા વેલેરી ઝાલુઝિની કમાન સંભાળે.

# અમેરિકામાં F-35 ફાઈટર પ્લેન ક્રેશ, પાઈલટ પેરાશૂટ લઈ કૂદ્યો, વિમાન અગનગોળામાં ફેરવાયું

**કેલિફોર્નિયા**

અમેરિકાના કેલિફોર્નિયામાં બુધવારે નૌસેનાનું F-35 ફાઈટર જેટ ક્રેશ થયુ હતું. આ ફાઈટર જેટ નવલ એર સ્ટેશન લેમુરમાં દુર્ઘટનાગ્રસ્ત થયુ હતું. નૌસેનાએ આ દુર્ઘટનાની ખાતરી કરી હતી. બુધવારે સવારે લગભગ 4.30 વાગ્યે આ દુર્ઘટના ઘટી હતી. નૌસેનાએ નિવેદન જાહેર કર્યું હતું કે, દુર્ઘટના સમયે પાયલટ પેરાશૂટ મારફત બહાર નીકળી પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યો હતો. તે સુરક્ષિત છે. આ ઘટનામાં કોઈ ઈજાગ્રસ્ત થયુ નથી. આ દુર્ઘટનાનું કારણ જાણી શકાયુ નથી. તપાસ ચાલુ છે. આ વિમાન ફાઈટર સ્ક્વોડ્રન VF-125નો હિસ્સો હતું. જે રફ રેડર્સ તરીકે ઓળખાતું હતું. ઘટના સમયે તે અગનગોળામાં ફેરવાઈ ગયુ હતું.

# થાઈલેન્ડમાં ફટાકડાના કારખાનામાં ભયાનક વિસ્ફોટ, 9 લોકોના મોત

**બેંગ્કોક**

થાઈલેન્ડના સુફાન બુરી પ્રાંતમાં આવેલી ફટાકડા ફેક્ટરીમાં બુધવારે ભયાનક વિસ્ફોટ થયો છે. આ ઘટનામાં ઓછામાં ઓછા 9 લોકોનાં મોત અને બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. પ્રાંતના મુએઆંગ જિલ્લામાં બેંગકોકના ઉત્તરમાં બન ફો સબડિસ્ટ્રિક્ટમાં આ વિસ્ફોટ થયો છે. વિસ્ફોટ સ્થાનિક સમય અનુસાર સવારે લગભગ 11 કલાકો થયો હતો. વિસ્ફોટમાં ઈમારત કાટમાળમાં ફેરવાઈ ગઈવિસ્ફોટ એટલો ભયાવહ હતો કે ફેક્ટરીની ઈમારત સંપૂર્ણપણે કાટમાળમાં ફેરવાઈ ગઈ હતી અને ચારે બાજુથી બળીને ખાખ થઈ



ગઈ છે. નજીકમાં પાર્ક કરેલી ગાડીઓને પણ નુકસાન થયું છે. વધુ વિસ્ફોટોનો ભય ટાળવા વિસ્તાર કોર્ડન કરાયોપોલીસ અને અધિકારીઓ વિસ્ફોટના કારણની તપાસ કરી રહ્યા છે. સુરક્ષાના કારણોસર સંભવિત વિસ્ફોટોનો ભય ટાળી શકાય તે માટે ઘટનાસ્થળ પરના વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે.

# સાઉદી અરેબિયામાં રાઈડ તૂટી જમીન પર પછડાઈ, 23 લોકો ઈજાગ્રસ્ત, અફરાતફરી મચી

**બર્લિન**

સાઉદી અરેબિયામાં તાઈફ નજીક એક એમ્યુઝમેન્ટ પાર્કમાં એક રાઈડ તૂટીને જમીન પર પડી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ ઘટના 31 જુલાઈએ હાડા વિસ્તારના ગ્રીન માઉન્ટેન પાર્કમાં બની હતી અને જેમાં ઓછામાં ઓછા 23 લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ તમામને ઘટના સ્થળે પ્રાથમિક સારવાર અપાયા બાદ હોસ્પિટલ ખસેડાયા હતા. ધ ખલીલ ટાઈમ્સના અનુસાર, લોકો પાર્કમાં 360 ડિગ્રી સવારીનો આનંદ લઈ રહ્યા હતા. રાઈડ પેંડુલમની જેમ આગળ-પાછળ ઝૂલી રહ્યા હતા, ત્યારે અચાનક વચ્ચે આ રાઈડ તૂટીને જમીન પર પછડાઈ હતી. હાલ, આ તમામ રાઈડને બંધ કરી દેવામાં આવી છે.

# ગુજરાતી સીનિયર સમાજ ઓફ મિસિસાગાની પિકનિક

## અંતાક્ષરીમાં ગીતો ગવાતા રંગત જામી, સદગત સભ્યોને મૌન પાળી શ્રદ્ધાંજલિ અપાઈ, બોલીફીટ કસરતમાં સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો












**મિસીસાગા**

કેનેડાના ગુજરાતી સીનિયર સમાજ મિસિસાગા (GSSM)ની ૨૦૨૫ના વર્ષની પહેલી પિકનિકનું સફળ આયોજન ૨૭મી જૂલાઈ ૨૦૨૫ના રોજ લેકફ્રન્ટ પ્રોમેનેડ પાર્ક મીસિસાગા ખાતે સવારે નવ વાગ્યાથી કરવામાં આવ્યું હતુ. જેમાં ૨૦૦ જેટલા સભ્યો જોડાયા હતા. સૌપ્રથમ નરેન્દ્રભાઈ પારેખ અને હેમલતાબેન દેસાઈનું દુઃખદ અવસાન થયું હોવાથી તેમના માનમાં બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતુ. કારોબારી મંડળના સભ્યો મહિન્દ્રભાઈ ગોધિયા, પ્રવીણભાઈ મહેતા, હર્ષદરાય નાયક, ગૌતમ નાયક, બેન ઈલાબેન દેવાની, અરવિંદાબેન રુસ્તમજી અને તેમને હંમેશા મદદરૂપ થતા ઉત્સાહી સ્વયંસેવકો કિરીટભાઈ જોષી, પ્રકાશભાઈ દેસાઈ, ડો. વિષ્ણુભાઈ અને બેન રેખાબેન ગોધિયા, માધુરીબેન મહેતા, ઈલાબેન જોષી, હીનાબેન દેસાઈ, પ્રજ્ઞાબેન દેસાઈ સવારે ૮.૦૦ વાગ્યાથી જ પીકનીક સ્થળે પહોંચી વ્યવસ્થા ગોઠવવામાં જોતરાયા હતા. ગૌતમ નાયકે તમામ સભ્યોને સસ્મિત આવકાર આપ્યો હતો.

મંડળના ચેરમેન મહિન્દ્રભાઈ ગોઢિયાએ સૌને આવકારતું સ્વાગત પ્રવચન કર્યું અને આખા દિવસમાં કરવાની થતી પ્રવૃતિઓ થી સૌને અવગત કરાવ્યા હતા.

જે બાદ નાસ્તામાં ગુજરાતી ફાફડા-જલેબી અને ગોટા ભજીયા પીરસવામાં આવ્યા હતા. જે પછી એક કલાક માટે પાર્કમાં પરિભ્રમણ અને ૧૧.૦૦ વાગ્યે બોલી ફીટની કસરત કરાવાઈ હતી. કેટલાક સભ્યો કુદરતને માણવા પાર્કમાં ગયા હતા. અંતાક્ષરી શરુ થતાં જ સભ્યો આપમેળે સભામંડપમાં એકત્ર થયા અને રંગત જમાવી હતી.

તમામ સભ્યોને ગીત રજૂ કરવા તક મળે તેની કાળજી રસીલાબેન ગાજરીયા અને ટીમે રાખી હતી. બપોરે ભોજનમાં બાસુંદી, પુરી, પાતરાં સાથે બે પ્રકારના શાક, દાળભાત, પાપડ, અથાણાં પીરસવામાં આવ્યાં હતા.

HONEST - DEDICATED - TEAMWORK

PINNACLE REAL ESTATE GROUP

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this charming East End Hi-Ranch home, perfectly situated within walking distance to schools, shopping, and all essential amenities! This spacious and well-maintained home features 5 bedrooms, 2 full bathrooms, and the potential for a 6th bedroom in the lower level ideal for growing families, those seeking additional space or for an investment. On the main floor, you'll find: A bright and open living room flowing seamlessly into the dining area, An updated kitchen with plenty of cabinetry, counter space, and direct access to the back deck. Step outside to enjoy the deck, perfect for entertaining or relaxing, plus a storage shed included with the home. Three well-sized bedrooms, including a primary bedroom with cheater-door access to the 5-piece main bathroom featuring a double vanity. The fully finished lower level offers, Two additional bedrooms, A large family room with a cozy electric fireplace, A multi-purpose office/workshop (which can easily be converted into a 6th bedroom), A laundry room, storage room, and a utility closet. You can easily turn the basement into a rental suite for an extra income.




Move in ready Welcome to 24 Van Wart St, just over 1 Year New End unit Town in Whitby Meadows with double-door entry leading to an oversized Foyer on a Premium Lot! This Home features 4 bedrooms and 3 bathrooms, 9ft ceilings on main and upper floor, open concept layout. Large Primary Bedroom Offers Walk-In Closet & 5 piece Ensuite With Double Sink, Soaker Tub & Separate Shower. Convenient 2nd floor laundry. Oak stairs. Kitchen hosts contemporary cabinetry with a large granite top island perfect for entertaining overlooking Great room with electric fireplace and walk-out to backyard. Prime location: minutes to 412, shopping,Thermea Spa, Garden Centres, schools and much more. Move in Ready




Elegant 4+1 Executive 2 1/2 Storey Detached Home located in sought after NE Ajax Medallion Castlefield Development. Soaring 12 foot ceiling on main floor and Master B/Room with high ceiling. Potlights on all floors. 2 way fireplace with counters, EAT IN family size kitchen and brand new Quartz counters and matching Backsplash, Centre Island and extensive wood cabinetry. His and Hers walk in closets, 5 piece ensuite with double sinks. Hardwood Throughout. Brand new ceramic floor in Kitchen and Breakfast area. Bright windows throughout. Fully finished basement with seperate entrance with 3 bedrooms 1.5 washroom and complete kitchen with new appliances and new laundry. Currently tenanted for C$ 2,500.00. Inter-locked backyard with gazebo. 5-7 minutes to Audley State of the Art Rec centre, walking trails, Amazon, 401/407, GO Transit, Restaurants / Shopping. Steps to Durham transit.

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.

Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !

Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.


CLUB CERAMIC
Porcelain Tiles : Premium Quality and Best Price
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD
MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1S1, Canada
Phone: +1-514-260-2242 / +1-514-813-3850
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030
https://clubceramic.com Email : sales@clubceramic.com


હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે
Chapel Ridge
Funeral Home & Cremation Centre
in partnership with
North Toronto
Crematorium Inc.
Chapel Ridge
FUNERAL HOME & CREMATION CENTRE
North Toronto
CREMATORIUM
Vilo
Licensed Funeral Director
(416) 993-0826
Harjinder
Licensed Funeral Director
(647) 966-0093
Christeen
Licensed Funeral Director
(416) 258-6759
Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182
Complete Funeral Package Pricing $4895.00 Includes HST
GUARANTEED LOWEST PRICE
Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
Batesville Grey Doeskin Casket
Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
Coroner, Death Registration and BAO Fee
Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns
Facilities also available in Mississauga
Everything in one Place!
2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)
Newly built large Chapel with Crematorium on-site - everything in one place!
8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
905-305-8508
info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
289-578-1288